Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલનાત્મક સાહિત્યાભ્યાસ

વસંત બાપટ

જયા મહેતા □ જશવંતી દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

98794

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલનાત્મક સાહિત્યાભ્યાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલનાત્મક સાહિત્યાભ્યાસ

વસંત બાપટ

पुस्तकालय
6995
DONATION

અનુવાદ

જયા મહેતા □ જશવંતી દવે

"Forwarded Free of Cost, And With The Compliments of The Department of Education Government of India, New Delhi."

૧૯૮૭

શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Tulanatmak Sahityabhyas : Vasanta Bapat : Translated from Marathi into Gujarati by Dr. Jaya Mehta and Dr. Jashwanti Dave. (Permission to publish the Gujarati translation is obtained from the author.)

પ્રકાશક :
ડા. ઉષા ઠક્કર
રજિસ્ટ્રાર
શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ
૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦૦૨૦

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૭

પૃષ્ઠ સંખ્યા : ૯૬ + ૮

કિંમત : રૂ. ૪૦

મુદ્રક :
પ્રદીપ મુનોત
પ્રભાત પ્રિંટિંગ વર્ક્સ
૪૨૭, ગુલટેકડી, પૂના ૪૧૧ ૦૩૭.

મુખ્ય વિક્રેતા :
નવભારત સાહિત્ય મંદિર
૫૩૧, કાલબાદેવી રોડ
એડવર્ડ સિનેમાની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨.
જૈન દેરાસર પાસે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિવેણી સંગમ

પ્રસિદ્ધ મરાઠી કવિ વસંત બાપટનો આ વિવેચનગ્રંથ અમારી યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડના ઉપક્રમે પ્રગટ થાય છે, એનો મને આનંદ છે. ગુજરાતી હોય કે મરાઠી હોય, અંગ્રેજી હોય, સ્પેનિશ હોય કે રશિઅન હોય, ભાષા ભલે જુદી હોય, પણ પ્રત્યેક ભાષામાં સર્જન કરતો મનુષ્ય મોટે ભાગે પહેરવેશ, ખોરાક અને પોતાના દેશની પરંપરાને કારણે જ જુદો લાગે છે, પણ મનુષ્ય તો એક જ છે. વિવિધ ભાષામાં સર્જાતા સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ, એની સંજ્ઞા અને સ્પષ્ટીકરણથી માંડીને વસંત બાપટે કેટલાક મૂળભૂત મુદ્દાઓ છેડ્યા છે. અને આ વિષયનું આખું પુસ્તક પ્રજાને આપ્યું છે.

ડૉ. જયા મહેતા અને ડૉ. જશવંતી દવેનો આ સહિયારો અનુવાદ છે. જાણે કે સંસ્કૃત, મરાઠી અને ગુજરાતીનો ત્રિવેણી સંગમ. અનુવાદકોને અભિનંદન આપું છું.

કમલિની ભણસાલી
ઉપકુલપતિ
શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી
મહિલા વિદ્યાપીઠ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાસ્તાવિક

તુલનાત્મક સાહિત્યાભ્યાસ સાહિત્યના અભ્યાસની એક નવી શાખા છે. એક સ્વતંત્ર વિદ્યા તરીકે તેને માન્યતા મળી તે હમણાં હમણાં જ. આજે પણ એ માન્યતા એકમુખી નથી. આ વિદ્યાના સ્વતંત્ર અસ્તિત્વ વિશે કે તેની ઉપયુક્તતા વિશે વિદ્વાનોમાં આવેશયુક્ત વાદવિવાદ થયા કરે છે. તો પણ છેલ્લાં પચ્ચીસ વર્ષમાં આ વિદ્યા બાબત મતભેદ ઓછો થયો છે ને તેના સમર્થકોની સંખ્યા વધતી રહી છે; એમ કહી શકાય. સાહિત્યના તુલનાત્મક અભ્યાસને હજી પણ ભારતીય વિદ્યાપીઠો દ્વારા વેગ મળ્યો નથી. (ફક્ત જાદવપુર વિદ્યાપીઠ, કલકત્તામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી આ અભ્યાસને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.) હવે મુંબઈ વિદ્યાપીઠે આ અભ્યાસ માટે ટાગોર અધ્યાસન નિર્માણ કર્યું છે અને છેલ્લાં ૭ વર્ષથી આ ક્ષેત્રમાં અધ્યયન-અધ્યાપનનો આરંભ કર્યો છે. વિકસિત રાષ્ટ્રોમાં પણ આ વિષયના ઉત્સાહી સમર્થકોને લાંબા વખતના સંઘર્ષ પછી તેને વિદ્યાપીઠમાં સ્થાન મેળવી આપવામાં સફળતા મળી છે. હવે અમેરિકન વિદ્યાપીઠોમાંની મુખ્ય વિદ્યાપીઠોમાં– દા. ત. હાર્વર્ડ, યેલ, ઇંડિયાના વગેરે— આ વિદ્યાશાખા સુપ્રતિષ્ઠિત થયેલી દેખાય છે; પણ હજી હમણાં સુધી, એટલે કે ઈ. સ. ૧૯૪૫ થી ૧૯૫૦ સુધીનાં વર્ષોમાં આ ક્ષેત્રના અભ્યાસીઓ તેની માન્યતા માટે પ્રયત્નો કરતા હતા * તે ધ્યાનમાં લઈએ તો તુલનાત્મક સાહિત્યાભ્યાસનો ખ્યાલ કેટલો નવો છે અને હજી તેણે કેટલું અંતર કાપવાનું છે તે સ્પષ્ટ થશે.

---

* "At the Modern Language Association of America meeting in Chicago in December, 1945, some thirty enthusiasts decided to select a small group of respected scholars who would sponsor our petition to be admitted as a new integral part or the MLA and whose very prestige would help us in bringing together in the new comparative Literature Section all scholars of goodwill who were anxious to break down the barriers between the various language and literature departments in American Colleges and Universities and to emphasize instead the many literary traditions which unite rather than separate us." Werner P. Friedrich, The Challenge of Comparative Literature.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલનાત્મક સાહિત્યાભ્યાસ એ વિદ્યાશાખા નવી છે એનો અર્થ એ હજી પારણામાં છે એવો નથી જ. ઊલટું, છેલ્લાં પચ્ચીસ વર્ષમાં તેનો ઝડપથી થયેલો વિકાસ ચકિત કરી દે તેવો છે. આની પાછળ સંપર્કનાં સાધનોની આશ્ચર્યજનક પ્રગતિ, જાગતિક રાજકારણના બદલાતા રંગ, શિક્ષણ વિશેના નવા વિચારો વગેરે ભૌતિક કારણો તો છે જ, પણ એનાં કરતાંયે મહત્ત્વનાં કારણો છે આ ક્ષેત્રના અભ્યાસીઓની સમર્પણવૃત્તિ, તેમનો ઉત્સાહ અને તેમના કામની ઝડપ. તેથી તુલનાત્મક સાહિત્યાભ્યાસ એ વિદ્યાશાખાનો સર્વાંગી વિકાસ વેગપૂર્વક થયો છે અને આવા અભ્યાસની નવી દિશાઓ હવે દેખાવા લાગી છે. ફ્રાન્સ અને અમેરિકા એ બે તો આ વિષયના મુખ્ય કેન્દ્રો છે જ. પરંતુ તે ઉપરાંત હવે પશ્ચિમ યુરોપિય રાષ્ટ્રો, સ્લાવ રાષ્ટ્રો, જાપાન, અરબ રાષ્ટ્રો, આફ્રિકન રાષ્ટ્રો વગેરે નવાં નવાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પણ આ અભ્યાસમાં મૂલ્યવાન પ્રદાન કરે છે. ભારતમાં પણ તુલનાત્મક સાહિત્યાભ્યાસ માટે કુદરતી અનુકૂળતા છે. એ દૃષ્ટિએ ભારતીય વિદ્વાનો વધારે કાર્યપ્રવણ થાય એ જરૂરી છે.

તુલનાત્મક સાહિત્યાભ્યાસ એ વિભાવનાનો ઉદ્‌ગમ, તેનો ઐતિહાસિક વિકાસક્રમ, તેનાં લક્ષણ અને સ્વરૂપ, તેની વ્યાપ્તિ, કાર્યપદ્ધતિ અને આ અભ્યાસનું સંભવિત સાંસ્કૃતિક ફલિત આ બધી બાબતોનો ઊહાપોહ વિસ્તારપૂર્વક થવો જોઈએ. તેના અભાવે નવા નવા અભ્યાસીઓ આ વિષય તરફ આકર્ષાવા મુશ્કેલ છે. આપણે ત્યાં આ વિષયનું ઉપલબ્ધ સાહિત્ય મર્યાદિત છે. છે તે પણ નવા અભ્યાસીઓની દૃષ્ટિએ સમુચિત નથી. તેના સંદર્ભો અપરિચિત પાશ્ચાત્ય સાહિત્યના હોય છે અને તેથી ભારતીય વાચકોને તે ઘણી વાર ઉપયોગી થતા નથી. તેથી આપણે જ આપણી રીતે શરૂઆત કરવી જોઈએ એમ લાગવાથી આ ગ્રંથ તૈયાર કરવાની મને પ્રબળ ઇચ્છા થઈ. બીજું પણ એક કારણ છે– ભારતીય સમાજની દૃષ્ટિએ આ વિષયનું મહત્ત્વ ફક્ત 'વિદ્યાપીઠની એક વિદ્યાશાખા' એટલું જ નથી, રાષ્ટ્રના વિકાસની દૃષ્ટિએ એનું મહત્ત્વ છે એવી મારી ધારણા છે. આ વિષયનો વિકાસ ઝડપથી થાય એ પણ બહુ જરૂરી છે. આ કામમાં વેગથી અને ઘણી હાલચાલ થાય તો આપણા સાંસ્કૃતિક વૈભવમાં વૃદ્ધિ થાય અને એકાત્મિક સંઘરાજ્યનો પાયો મજબૂત થાય એવો મને વિશ્વાસ છે. અલબત્ત, આ ફક્ત આનુષંગિક લાભ છે. મુખ્ય લાભ તો કેવળ આનંદનો જ. 'તુલનાત્મક સાહિત્યાભ્યાસનો હેતુ શો ?' એ પ્રશ્નનો 'ઇતર માનવીય વિદ્યાઓનો જે હેતુ હોય છે તે જ.' એવો જ જવાબ આપવો પડશે, પણ સહજગતિએ બીજો પણ લાભ થતો હોય તો તે જોઈએ જ છે. અસ્તુ. તુલનાત્મક સાહિત્યાભ્યાસનું ભારત માટે શું મહત્ત્વ છે તે છેવટના પ્રકરણમાં વિષયાંતરનો સંભવિત આરોપ ગૃહિત ધરીને પણ સ્પષ્ટ કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથની રજૂઆત કરતી વખતે પ્રસ્તુત ક્ષેત્રના અનેક વિદ્વાનોનું અને ગ્રંથોનું ઋણ સ્વીકારવું આવશ્યક જ હતું. જ્યાં તે ઋણ બહુ જ મોટા પ્રમાણમાં છે ત્યાં તેનો નિર્દેશ લખાણમાં કે પાદટીપમાં કરેલો મળશે. પણ અન્યથા પણ વેર્નર–ફ્રીડરીશ, રને વેલેક, એ. આલ્ડ્રિજ, એસ. એસ. પ્રાવર, હેન્રી રેમાક, હેરી લીવ્હિન, બુદ્ધદેવ બસુ વગેરે પૂર્વસૂરિનું વિચારધન મેં બાપકમાઈ સમજીને છૂટથી વાપર્યું છે. ઇંડિયાના વિદ્યાપીઠ દ્વારા પ્રગટ થતું 'ઈયરબુક ઑફ કંપેરેટિવ લિટરેચર' નિયતકાલિક, ઑરેગૉન તથા જાદવપુર વિદ્યાપીઠનાં આ વિષયના નિયતકાલિકો મને બહુ ઉપયોગી નીવડ્યાં છે. સાહિત્ય અકાદમીનું 'ભારતીય સાહિત્ય', (Indian Literature) નિયતકાલિક પણ બહુ મહત્ત્વનું સાધન છે. આ ઉપરાંત અનેક નિકટના મિત્રો અને વિદ્વાન સહકારીઓએ મને માર્ગદર્શક સૂચનાઓ આપી છે. ક્યારેય ન ફેડી શકાય એવા ઋણોની જ આ યાદી છે.

આ પુસ્તક તૈયાર કરવામાં મને પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ મદદ અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફથી મળી છે એવો હું કૃતજ્ઞતાપૂર્વક નિર્દેશ કરવા ઇચ્છું છું.

આ કામ મારી પાસે કરાવનાર મુંબઈ વિદ્યાપીઠ.

તેના પ્રકાશનની જવાબદારી સ્વીકારનાર આંતરભારતી અને મૌજ પ્રકાશન ગૃહ એ સંસ્થાઓ.

આ પ્રકાશન માટે આંતરભારતીને અનુદાન આપનાર મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અને સંસ્કૃતિ મંડળ.

આ બધી સંસ્થાઓ અને તેમના સંબંધિત પદાધિકારીઓનો હું ઋણી છું.

મારા મિત્ર શ્રી. શ્રી. પુ. ભાગવત, શ્રી. યદુનાથ થત્તે અને શ્રી. શ્રીરંગ વરેરકરે મને સતત સહાય કરી છે. મારી વિદ્યાર્થિની ડૉ. સંગીતા બાપટ અને વિદ્યાપીઠના મારા કાર્યાલયના કર્મચારી શ્રી. સીમા બાપટ અને શ્રી. સુરેશ રાજપુરકરે પણ આ પુસ્તક તૈયાર કરવા માટે પરિશ્રમ લીધો છે. ડૉ. વિજયા રાજાધ્યક્ષ, પ્રા. મ. વિ. રાજાધ્યક્ષ, કુ. રાધિકા રાજાધ્યક્ષ, પ્રા. નિસીમ ઈઝિકેલ, પ્રા. રમેશ તેંડુલકર, વિદ્યાપીઠના ગ્રંથપાલ, શ્રી. અ. ચિં. ટીકેકર અને તેમના મદદનીશ, સિદ્ધાર્થ મહાવિદ્યાલયના ગ્રંથપાલ શ્રી. શાં. શં. રેગે, શ્રી. વિલાસ સારંગ, 'સત્યકથા'ના શ્રી. રામ પટવર્ધન વગેરે મિત્રોના સહકારથી પરિશિષ્ટોની યોજના વ્યવસ્થિત કરી શકાઈ.

મૌજ મુદ્રણાલયના શ્રી. પ્રભાકર ભાગવત, શ્રી. માધવ ભાગવત, તેમ જ બધા કામગાર ભાઈઓ, મુખપૃષ્ઠ તૈયાર કરનાર શ્રી. રવીન્દ્ર રાનડે, પ્રત મુદ્રણયોગ્ય કરનાર શ્રી. કર્ણિક–આ બધાએ આત્મીયતાથી કામ કર્યું છે; પુસ્તક સુઘડ થયું છે તે આ બધાને લીધે.

કોનો કેટલો ને કેમ આભાર માનવો એ જ સમજાતું નથી.

—વસંત બાપટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયાનુક્રમ

પ્રાસ્તાવિક :

પ્રકરણ પહેલું : પૂર્વસૂત્ર

તુલનાત્મક સાહિત્યાભ્યાસનું જુદું સાહિત્યશાસ્ત્ર નથી— સંજ્ઞા અને તેનું સ્પષ્ટીકરણ—આ વિદ્યાનો વિકાસ આધુનિક કાળમાં થવાનું કારણ—થોડો પૂર્વઇતિહાસ—ઔદ્યોગિક ક્રાન્તિ અને યુરોપિયનોના સામ્રાજ્યવિસ્તારનું વિશિષ્ટ પરિણામ—ફ્રાન્સ ને જર્મનીમાં આ ક્ષેત્ર અંગે સભાનતા—ગટેના વિચારોની વ્યાપકતા અને મહત્તા—અંગ્રેજી રાજ્યને લીધે જિતાયેલા અને વિજેતા વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન—મેકોલેનો અહંકારદૂષિત દૃષ્ટિકોણ—આર્નલ્ડની ઇંગ્લિશ સાહિત્ય વિશેની ફરિયાદ—તેને લીધે મળેલી વૈચારિક ગતિ—વાહન વ્યવહારની અતિશય વૃદ્ધિ—અમેરિકાની વિશિષ્ટ ભૂમિકા—તુલનાત્મક સાહિત્યાભ્યાસનું માનવવિદ્યાઓમાં મહત્ત્વનું સ્થાન.

પ્રકરણ બીજું : વ્યવચ્છેદ અને વ્યાખ્યા

તુલના—આપણી વિચારપ્રક્રિયામાં એનું અસાધારણ કાર્ય—સાહિત્યમાં પણ તુલનાનું કાર્ય—મૂલ્યકલ્પના—તુલના વિના ઇતિહાસલેખન અશક્ય—સાહિત્યના બીજા પ્રકારના અભ્યાસ કરતાં પ્રસ્તુત અભ્યાસમાં તુલના વધારે મહત્ત્વની—પ્રસ્તુત અભ્યાસ અનેક-સાહિત્યાશ્રયી છે—પરંતુ સર્વસમાવેશક (General) સાહિત્યાભ્યાસ કરતાં તેનું કાર્યક્ષેત્ર જુદું છે. —તુલનાત્મક અભ્યાસ 'વિશ્વસાહિત્ય'ની વિભાવના કરતાં જુદું છે—વિશ્વસાહિત્ય એટલે શું—ગટેનો ખ્યાલ—રાષ્ટ્રીય પરંપરા વિશેનો ગટેનો આગ્રહ—સેન બવે આપેલો ટેકો—તુલનાથી આપણી સમજ સુસ્પષ્ટ થાય છે—સ્વરાષ્ટ્રી સાહિત્યનું ચિત્ર સાધર્મ્ય—વૈધર્મ્યને આધારે વધારે ઉઠાવદાર બને છે—તુલનાત્મક સાહિત્યાભ્યાસની વ્યાખ્યા—'ચેંડલર'નાં લક્ષણો—પ્રાવરનાં લક્ષણો—હેન્રી રેમાકનો જુદો દૃષ્ટિકોણ—તેનનો સિદ્ધાંત—રેમાકના મતનું મર્યાદિત મહત્ત્વ.

પ્રકરણ ત્રીજું : રાષ્ટ્રીય સહિત્યની વિભાવના

એક કરતાં વધારે સાહિત્યનો સાથે અભ્યાસ—'એક કરતાં વધારે'ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક પર્યાય—ભાષા એક, રાષ્ટ્રીય સાહિત્યો અનેક—રાષ્ટ્ર એક, ભાષા અનેક—'રાષ્ટ્રીય સાહિત્ય': વિભાવના અને અર્થવ્યાપ્તિ—રાષ્ટ્રરાષ્ટ્રના માનવસ્વભાવ વિશેની ધારણા—સંભવિત જોખમનો વિચાર—'રાષ્ટ્રીય' શબ્દના અર્થમાં પ્રસંગોપાત કરવાના ફેરફાર—જાગતિક સાહિત્યમાં પણ જૂથ કે ખંડ માનવાની જરૂર—બહુભાષિક સાહિત્યિકોનું જુદાપણું—અભ્યાસ માટે લીધેલાં સાહિત્યો વચ્ચે નોંધપાત્ર સંબંધ હોવો જોઈએ.

પ્રકરણ ચોથું : આદાનપ્રદાન અને મધ્યસ્થી

પ્રાચીન કાળથી મૌખિક સાહિત્યનો ચાલતો રહેલો પ્રવાસ—સવારીઓ અને ધર્મપ્રસારનું સાંસ્કૃતિક વિનિમયમાં પ્રદાન—પ્રવાસીઓનું કાર્ય—મુત્સદીઓ અને કારભારીઓના શોખ—ભારતીય મૌખિક પરંપરાના 'પ્રસારકો'—નટજૂથ અને નાટકોનો આદાનપ્રદાનમાં ફાળો—આદાન-પ્રદાનને આધુનિક માધ્યમોથી મળેલી તેજ ગતિ—બીજી કલાઓ અને સાહિત્યમાં નૂતનત્વનો સંબંધ—વિશિષ્ટ સ્થળો અને શહેરોનું વિનિમય કેન્દ્ર તરીકે મહત્ત્વ—હેતુપૂર્વક આદાનપ્રદાન કરતી સંસ્થાઓ-સંઘટનાઓ—આ ક્ષેત્રમાં ચૈતન્યશીલ જાણકાર વ્યક્તિઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન—સૌથી વધારે મહત્ત્વ ઉત્તમ અનુવાદકોનું.

પ્રકરણ પાંચમું : અનુવાદના પ્રકાર અને મહત્ત્વ

અનુવાદનો આશ્રય લીધા વિના બીજો માર્ગ નથી—આદર્શ અનુવાદની ચર્ચા—ચિપળૂણકરનું પ્રતિપાદન — તેનું ગ્રાહ્યાગ્રાહ્ય — ભાષાંતરમાં 'ભાષિક' મુશ્કેલીઓની ચિપળૂણકરને જાણ—પ્રાકૃતની સંસ્કૃત 'છાયા'—અનુવાદ એ મૂળ રંગીન ચિત્રનું છાયાચિત્ર—ડ્રાયડનકૃત વર્ગીકરણ—શાસ્ત્રીય વિષયોના અનુવાદ પ્રમાણમાં સહેલા—વ્યવહારોપયોગી, શાસ્ત્રીય અને સાહિત્યિક અનુવાદોની જુદી જુદી જરૂરિયાતો—સાહિત્યનાં કામ-ચલાઉ ભાષાંતરો અને ચોકસાઈપૂર્વકના અનુવાદ વચ્ચેનો ફરક—અનુ-વાદકની મુશ્કેલ કામગીરી—સેવરીના ત્રણ પ્રશ્નો—અનુવાદનું ચોકકસ શાસ્ત્ર નથી—આ ક્ષેત્રના અનુત્તરિત પ્રશ્નો—સ્વૈર રૂપાંતરો—સાહિત્યવિકાસમાં અનુવાદની સહાય—ધર્મગ્રંથોના ચોકસાઈપૂર્વકના અનુવાદ—ગટેએ જણાવેલા બે પ્રકારના અનુવાદ—અનુવાદના બીજા કેટલાક પ્રશ્નો—સૌથી મોટી મુશ્કેલી—ભાષાઓના પ્રકૃતિભેદ—અનુવાદોનું સ્વભાષિક સાહિત્યમાં પ્રદાન—અનુવાદ દોષયુક્ત હોય તોયે તેની અપરિહાર્યતા.

પ્રકરણ છઠ્ઠું : પ્રભાવ અને ઉદ્ભવ

પ્રભાવ—આદાનપ્રદાનનું વિધાયક કારણ—બીજા સાહિત્યનું સ્વાગત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકાર એ નિર્બળતાનું લક્ષણ નથી—ત્રુટિ દૂર કરવા માટે આદાન કરવું એ ખોટું નથી—પ્રતિભાશીલોનો પ્રભાવ ફેલાય તે ઇષ્ટ અને સ્વાભાવિક—પ્રભાવ સાહિત્યિકોનો તેમ જ સાહિત્યનો, સાહિત્ય પરંપરાનો પણ—સાધર્મ્ય જણાતાં જ પ્રભાવ માની લેવો એ ભૂલભરેલું : સાધર્મ્ય માટે બીજાં કારણો સંભવે છે—ઓછોવત્તો પ્રભાવ—પ્રભાવની પ્રક્રિયા—પ્રભાવનું સમગ્ર અથવા આંશિક સ્વરૂપ—પ્રતિદ્વંદ્વી પ્રભાવ—પ્રત્યક્ષ, અપ્રત્યક્ષ અને છૂટોછવાયો પ્રભાવ—કલ્પના, દર્શન અને મતપ્રણાલી વગેરેનો પ્રભાવ—ઘટનાઓનો પ્રભાવ—સાહિત્યનાં સર્જક-કારણો ને અસરકારક કારણો વચ્ચે ભેદ કરવો મુશ્કેલ—તેથી 'ઉદ્ભવ' અને 'પ્રભાવ'નો સાથે વિચાર—વેલેકનો આક્ષેપ અને તેનો ગ્રાહ્ય અંશ—જરૂરતમંદ સાહિત્ય અને શ્રીમંત સાહિત્ય—કોઈ પણ પરંપરા પૂરેપૂરી પર્યાપ્ત (Selfesufficient) નથી હોતી—પ્રભાવને લીધે નવો જીવનરસ—સંપર્ક વગરનું સાધર્મ્ય એટલે સહજસાધર્મ્ય (Analogy)—આવાં સાધર્મ્યનાં ચાર સંભવિત સ્પષ્ટીકરણો—સમાન વસ્તુબીજો (Themes) —પ્રભાવમૂલક સાધર્મ્યો અને ઉદ્ભવમૂલક સાધર્મ્યો—પ્રતિભાધર્મોના સાધર્મ્યની શોધ એટલે શૂન્ય સંશોધન નથી—પ્રભાવ પ્રેરણાદાયક હોવો જોઈએ—પ્રભાવ અજમાવવાની પદ્ધતિ—પ્રભાવ-મીમાંસાના મહત્ત્વ વિશે મતભેદ—સામાન્ય લેખકનો પણ પ્રભાવ પડી શકે છે—સાહિત્ય-પરંપરા અનુસાર પ્રભાવનું સ્વરૂપ હોય છે—ઉપરછલ્લો નિષ્કર્ષ ત્યાજ્ય—ઉદ્ભવવિચાર—જૂનાં બીજમાંથી નવા ઉન્મેષો—કલ્પનાબીજોનું શાસ્ત્ર (Thematics) —વસ્તુબીજોનું વર્ગીકરણ—નવા આશય માટે ઇતિહાસપુરાણની વ્યક્તિઓની યોજના—ઉદ્ભવનાં બીજાં કેટલાંક ઉદાહરણો—સમાન ઉદ્ભવમાંથી નિર્માણ થયેલા જુદાં જુદાં સાહિત્યો પરથી જુદી જુદી સાહિત્ય પરંપરાઓનું સ્વરૂપ સમજવામાં મદદ થાય છે.

પ્રકરણ સાતમું : તુલનાત્મક અભ્યાસનો ભારતીય વ્યૂહ

તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં ક્ષેત્રમર્યાદા માનવી ?— ભારતીય પરિસ્થિતિની ભિન્નતા : ભિન્ન સાહિત્યિક સંદર્ભ; યુરોપીય આંદોલનો સાથે સંબંધ નથી; ભિન્ન સાહિત્યપ્રકાર; ભિન્ન કાલખંડ—ભારતીય સાહિત્યાભ્યાસ એટલે જ ભારતીય ક્ષેત્રનો તુલનાત્મક સાહિત્યાભ્યાસ—ભારતીય સાહિત્યની વિભાવના જૂની જ છે—તેની વ્યાપ્તિ મર્યાદિત—નવી સભાનતા : અરવિંદ, આશુતોષ મુખરજી, ટાગોર, સરોજિની નાયડુ, ડૉ. રાધાકૃષ્ણન વગેરેના ઉદ્ગાર—સંસ્થા અને સંઘટનાઓનું કાર્ય—અભ્યાસીઓના પ્રયત્ન : પ્રો. ગોકાક, ડૉ. નગેન્દ્ર, નિહારરંજન રે—ચિકિત્સક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંશોધનની જરૂર—સુજિત મુખરજીનું મહત્ત્વનું લેખન, પ્રો. ગોકાકનો મધ્યયુગના ભારતીય સાહિત્ય માટેનો યોગ્ય આગ્રહ—તુલનાત્મક અભ્યાસની આપણી સંભવિત દિશાઓ : પ્રાચીન, મધ્યયુગીન, અર્વાચીન—માર્ક્સવાદી વિવેચનના પ્રકાશમાં પ્રારંભનો અભ્યાસ થવો જોઈએ—બુધ્ધદેવ બસુના મનનીય વિચાર.

પરિશિષ્ટો :

૧) વ્યક્તિવિષયક સૂચિ

૨) ઉપયુક્ત સંદર્ભસાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. પૂર્વસૂત્ર

તુલનાત્મક સાહિત્યાભ્યાસ એ એક સ્વતંત્ર વિદ્યાશાખા હોય તો પણ મૂલત: તેનું સાહિત્યશાસ્ત્ર જુદું નથી. તેથી તુલનાત્મક સાહિત્યાભ્યાસ એટલે શું, એ કહેતી વખતે સાહિત્ય એટલે શું અથવા તેનો અભ્યાસ કેવી રીતે કરવો, તેનાં સિદ્ધાંતો અને મૂલ્યો ક્યાં, તેમનો નિષ્કર્ષ કઈ રીતે કાઢવો વગેરે વિષયોની ચર્ચા કરવાની નથી. 'તુલનાત્મક' વિશેષણને લીધે આ સાહિત્યાભ્યાસને જે જુદું પરિમાણ પ્રાપ્ત થાય છે એટલા પૂરતી જ ચર્ચા અહીં પ્રસ્તુત છે.

તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં તુલના આધારભૂત છે એ સ્પષ્ટ જ છે. આ સંજ્ઞાની વ્યાખ્યા આગળ કરવાની જ છે. પરંતુ તે કરતાં પહેલાં પણ અહીં સાહિત્યાભ્યાસને તુલના એ મૂળભૂત આધાર છે એ વાત સહજ ધ્યાનમાં રાખવા જેવી છે. તુલના માટે એક કરતાં વધુ વસ્તુઓની આવશ્યકતા હોય છે. એટલે પ્રસ્તુત અભ્યાસ માટે પણ એક કરતાં વધારે સાહિત્યની અપેક્ષા હોય એ સ્પષ્ટ છે. અંગ્રેજીમાં Comparative Literature એવો શબ્દપ્રયોગ રૂઢ થવાથી આ વિષયની સંજ્ઞા પર જ બહુ ટીકા થઈ! કંપેરેટિવ લિટ્રેચર એ વળી શી ભાંજગડ છે, એવો પ્રશ્ન આજે પણ અનેક વિદ્વાનો કરતા હોય છે. લેન કૂપરે તો 'પ્રસ્તુત સંજ્ઞાનું વ્યાકરણ પણ ખોટું અને અર્થ પણ શૂન્ય' એવો નિષ્કર્ષ કાઢ્યો.* આ બાબતમાં વધારે શબ્દપ્રપંચ ન થાય માટે આજકાલ આ વિષયનું 'કંપેરેટિવ સ્ટડી ઑફ લિટ્રેચર' એવું સંપૂર્ણ વર્ણનાત્મક નામાભિધાન ઘણા લોકો કરે છે અને એનું 'કંપેરેટિવ લિટ્રેચર' એ લઘુરૂપ છે એમ માને છે. આપણે ત્યાં આ વિષય નવો નવો જ ચર્ચાતો હોવાથી અને આપણી ભાષામાં સમાસયોજના કરીને માર્ગ કાઢી શકાય છે માટે 'તુલનાના આધારે કરેલો સાહિત્યનો અભ્યાસ તે તુલનાત્મક સાહિત્યાભ્યાસ' એવી નિર્દોષ યોજના કરવી આપણે માટે શક્ય છે. નહીં તોયે કોઈક વિદ્યાની સંજ્ઞા વિશે જ વિતંડાવાદ કરવો એ શબ્દપાંડિત્યનું લક્ષણ હોય તોયે તેથી તત્ત્વબોધ થાય છે જ એવું નથી. એટલે સંજ્ઞા વિશે વધુ ચર્ચા કર્યા વગર, આ સંજ્ઞાથી સૂચિત થતા વિષયનું સ્વરૂપ સમજી લેવું, તેની

---

* "A bogus term that makes neither sense nor syntax. You might well permit yourself to say Comparative potatoes or Comparative husks."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યા કરવી, તેની પધ્ધતિઓનો પરિચય કરી લઈને તેનાં કાર્ય અને પરિણામ જોવાં, એ વિષયની વ્યાપ્તિ કેટલી છે તેની તપાસ કરવી એ આપણાં સાધ્ય છે.

તુલનાત્મક સાહિત્યાભ્યાસ એ આજકાલનો નવો નાદ છે એ તદ્દન સાચું છે. જો કે આ બહુ સુંદર અને ઉપયુક્ત નાદ છે. તે કેવી રીતે એ આપણે આગળ જોવાના જ છીએ. પહેલાં આ વિષય આજકાલ જ કેમ વિકાસ પામ્યો એની મીમાંસા કરવી આવશ્યક છે.

પ્રાચીન કાળમાં જે તે ભાષા અને જે તે સાહિત્ય વિશિષ્ટ ક્ષેત્ર પૂરતાં મર્યાદિત હતાં અને તેમની વચ્ચે વિનિમય નહોતો. દા. ત. એથેન્સના ગ્રીકોને પોતાના સાહિત્ય સિવાય બીજા સાહિત્યને ધ્યાનમાં લેવાની જરૂર જ કદી જણાઈ નહોતી. આ જ વાત સંસ્કૃત, પર્શિયન અથવા ચીની સાહિત્ય વિશે કહી શકાય. સંસ્કૃત સાહિત્યશાસ્ત્ર સંપૂર્ણપણે સંસ્કૃત સાહિત્ય પર આધારિત છે. (બહુ બહુ તો તેમાં અહીં જ નિર્માણ થયેલા અને એટલે એક જ સાંસ્કૃતિક સંચિતનો ભાગ હોય એવા પ્રાકૃત સાહિત્યનો આશ્રય ઉદાહરણ માટે લીધેલો દેખાય છે. પણ કાવ્યદૃષ્ટિએ સંસ્કૃત ને પ્રાકૃત પૂર્ણપણે ભિન્ન ભાષા માનવામાં આવી નહોતી.) બે ભિન્ન રાષ્ટ્રો અથવા બે પરસ્પર ભિન્ન સંસ્કૃતિ વચ્ચે આદાન-પ્રદાન થાય એવી શક્યતા જ તે સમયમાં નહોતી. અલબત્ત આ વિધાનો અહીં સમજી વિચારીને જ સ્વીકારવાં જોઈએ. તે વખતે પણ જે અલ્પ આદાનપ્રદાન હતું તેની અસર ભાષા અને સંસ્કૃતિ પર અંશમાત્ર થઈ જ છે. પરંતુ આવી અસર નોંધપાત્ર પ્રમાણમાં થતી નહોતી એ ધ્યાનમાં રાખવું જોઈએ.

મધ્યયુગીન યુરોપમાં જાગૃતિ યુગ (Enlightenment) માં ગ્રીક ને રોમન સાહિત્ય અને યુરોપીય પ્રાકૃત (Native) ભાષાઓના સાહિત્યના સંદર્ભમાં તુલનાત્મક વિચારનો આરંભ થયો હતો, એના સંકેત દેખાય છે. આ વિચારના પ્રણેતા ઈટાલિયન કવિ દાન્તે મનાય છે. ભારતમાં મધ્યયુગીન જાગૃતિ આવી નથી એવું નથી. પરંતુ બધા પ્રદેશોમાં સંસ્કૃત ભાષા અને ભારતીય તત્ત્વજ્ઞાન એ સમાન સૂત્રો હોવાથી, સંસ્કૃત સાહિત્ય અને પ્રાદેશિક સાહિત્યની તુલના કરવાની જરૂર કોઈને લાગી નહીં. એટલું જ નહીં પણ સંસ્કૃત સાહિત્ય સાથે પ્રાદેશિક સાહિત્યનો સંબંધ જનક-જાતક સ્વરૂપનો હોવાથી અને અખંડ ચાલતો આવેલો હોવાથી તે ક્ષેત્રમાં પણ તુલનાનો વિચાર કોઈને આવ્યો નહીં. વળી, એકંદરે જ ભૌતિક વિષયોમાં અન્વેષક બુદ્ધિનો લોપ થયેલો હોવાથી ભારતમાં જુદી જુદી ભાષામાં જ્યાં સાહિત્યનું શાસ્ત્ર નિર્માણ થયું નહીં, ત્યાં તુલનાત્મક સાહિત્યવિચાર સુધી તો કોણ પહોંચે ?

યુરોપમાં સામાજિક અને સાંસ્કૃતિક વિનિમય વેગપૂર્વક થવા માંડયો તે ઓગણીસમી સદીમાં. નવી ઔદ્યોગિક સંસ્કૃતિના પ્રભાવથી યુરોપના રાષ્ટ્રોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરે ક્ષેત્રોમાં પરસ્પર-પ્રભાવ, સમાંતરતા અને ક્યારેક એકરૂપતાનું દર્શન થવા લાગ્યું, એટલું જ નહીં પણ ઔદ્યોગિક ક્રાન્તિ પછી પંચખંડમાં આદાનપ્રદાન બહુ મોટા પ્રમાણમાં અને વેગથી થવા માંડ્યું. તે વધતુ જતું આદાનપ્રદાન વાહનવ્યવહાર અને સંદેશવહન પૂરતું જ મર્યાદિત નહોતું. સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ અહીંથી આગળ વ્યાપક પ્રમાણમાં વિનિમય થવા માંડ્યાનાં લક્ષણો દેખાય છે. પહેલાં બે હજાર વર્ષમાં થયું નહોતું એટલું સાંસ્કૃતિક આદાનપ્રદાન છેલ્લી બે સદીમાં થયેલું દેખાય છે.

યુરોપિયન રાષ્ટ્રોની સામ્રાજ્યશાહી મહત્ત્વાકાંક્ષાને લીધે જગતમાં થયેલાં રાજકીય જુલમો અને આર્થિક શોષણ ગમે તેટલાં તિરસ્કરણીય હોય તોય સામ્રાજ્યોની ચડતી પડતીને લીધે જ સમાજ સમાજ વચ્ચેની સંસ્કૃતિક દીવાલો તૂટી એ હકીકત છે. જીતેલા અને જિતાયેલા વચ્ચે વિનિમય વ્યાપારધંધા પૂરતો જ ન રહેતાં તે ભાષા, સાહિત્ય, આચાર વિચાર વગેરે અનેક ક્ષેત્રોમાં થાય છે. વિજેતાનો પ્રભાવ જિતાયેલા પર પડે અને તેઓ વિજેતા પાસેથી અનેક બાબતો સ્વીકારે એ તો સ્વાભાવિક જ છે; પણ વિજેતા પણ જિતાયેલા પાસેથી કેટલુંક લે છે જ. બે માનવસમાજ કોઈ પણ કારણે ભેગા થાય તો તેમની વચ્ચે સાંસ્કૃતિક વિનિમય અપરિહાર્ય હોય છે. એટલે તો જિતાયેલાં રાષ્ટ્રોની અપરિમિત સાંસ્કૃતિક થાપણ જોઈને યુરોપીય વિચારકો ચકિત થઈ ગયા અને પરિણામે ભારત, ચીન, અરબસ્તાન ને ઈરાનની સાહિત્યસંસ્કૃતિનો અભ્યાસ યુરોપમાં થવા માંડ્યો.

પ્રાચીન કાળમાં સંસ્કૃત અને પાલી સાહિત્યના માધ્યમ દ્વારા ભારતીય વિચાર ભારતની બહાર તિબેટ, સિલોન, ઇંડોનેશિયા, ચીન, જાપાન વગેરે અનેક એશિયાઈ દેશોમાં જઈ પહોંચ્યો. આ કામમાં મુખ્ય ફાળો બૌદ્ધ તત્ત્વજ્ઞાન અને જાતકકથાઓનો હોય તો પણ તેમની સાથે જ બીજી પરંપરાઓનું સાહિત્ય પણ દૂર દૂર જઈ પહોંચ્યા વગર રહ્યું નહીં. રામાયણ, મહાભારત, પુરાણકથાઓ, ધર્મશાસ્ત્ર, તાંત્રિક વિદ્યા, આયુર્વેદ વગેરે અનેક બાબતો એશિયાના જુદા જુદા પ્રદેશોમાં જઈને સ્થિર થઈ; એટલી હદે કે ક્યારેક તેમનું સ્થાન ભારત કરતાં પણ ઈતર પ્રદેશોમાં જ મહત્ત્વનું ઠર્યું.

ભારતનો પ્રભાવ યુરોપ પર બહુ પડ્યો નથી એમ ઘણાને લાગે છે; પરંતુ વસ્તુસ્થિતિ જુદી છે. ઠેઠ હીરોડોટસના સમયથી પ્રાચીન યુગમાં ભારત વિશે આકર્ષણ થતું રહ્યું છે. ત્યારે ઈરાન અને મધ્ય એશિયાના દેશોની મધ્યસ્થીથી ધાર્મિક અને તાત્ત્વિક વિભાવનાઓ ગ્રીસમાં જઈ પહોંચતી. વેદાન્તનો પ્રભાવ પ્લોટિનસ પર પડ્યો હતો એમ કહેવાય છે. મધ્યયુગમાં આ વિનિમયમાં ખંડ પડ્યો એ સાચું; તો પણ જાતકકથાઓ અને પંચતંત્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથાઓએ યુરોપિયન કથાવિશ્વ સમૃદ્ધ કર્યું છે. અલબત્ત આ લોકસાહિત્ય ઘણી જ ચાળણીઓમાંથી ચળાતું ગયું હોવાથી તેમાં ઘણા ફેરફાર થયા છે. સત્તરમા સૈકાના લા ફોન્તેનરચિત કથાઓને ભારતીય લોકકથાઓનો આધાર છે. અઢારમાં સૈકામાં અનેક યુરોપિયન દેશોના વિદ્વાનો સંસ્કૃત ગ્રંથોથી પરિચિત થયેલા જણાય છે. આ ઘટનાનું શ્રેય મુખ્યત્વે ખ્રિસ્તી મિશનરીને જાય છે. અઢારમાં સૈકામાં દ્યુ પેરો નામના સંશોધક બુદ્ધિના સાહસિક વિદ્વાને ભારતીય અને ઈરાની ધર્મગ્રંથોના સંશોધન માટે મુંબઈ તરફ પ્રસ્થાન કર્યું. તેને ઉપનિષદનો પર્શિયન અનુવાદ ફક્ત મળ્યો; તે પરથી તેણે કરેલા લેટિન અનુવાદના વાચનથી શોપનહોઅર નામનો જર્મન તત્ત્વવેત્તા ખૂબ પ્રભાવિત થયો. જર્મનીમાં હેરડેર અને ગટેને ભારતીય સાહિત્યે મંત્રમુગ્ધ કરી નાખ્યા. સર વિલિયમ જોન્સે ઈ. સ. ૧૭૮૯ માં કરેલા શાકુંતલના અનુવાદથી ગટે પાગલ થઈ ગયો. તે સમયમાં ભારતીય સાહિત્યે એક નવીન યુગનું પ્રભાત જ જાણે નિર્માણ કર્યું. કલકત્તામાં ઈ. સ. ૧૭૮૪ માં એશિયાટિક સોસાયટીની સ્થાપના થઈ અને તે પછી તો ભગવદ્‌ગીતા, ઉપનિષદો, વેદ, મહાકાવ્યો, કથાઓ, કવિતા, હિંદુ અને બૌદ્ધ ધર્મગ્રંથો અને બીજા શાસ્ત્રગ્રંથોનો પ્રવાહ પણ યુરોપ તરફ પદ્ધતિસર વહેવા લાગ્યો. ૧૮૨૨ માં ફ્રાન્સ દેશમાં એશિયાટિક સોસાયટીની સ્થાપના થઈ. વિની, હ્યુગો અને લા માર્તીન જેવા અગ્રગણ્ય કવિ અને લેખકો તેમજ શાસ્ત્રવેત્તાઓ અને ઈતિહાસકારો ભારતીય સાહિત્યના દર્શનથી ચકિત થયેલા જણાય છે. ઈટાલીના લિઓ પાર્દીનું નામ આ સંદર્ભમાં જણાવી શકાય.

ભારતીય સાહિત્યના પ્રભાવ કરતાં ભારતીય તત્ત્વજ્ઞાનનો પ્રભાવ ઘણો જ વધારે પડ્યો છે એ સાચું છે. કાન્ટ, શોપનહોઅર, હાર્ટમાન, હેગલ અને શેલિંગ જેવા મહાન તત્ત્વજ્ઞો પર ભારતીય તત્ત્વજ્ઞાનનો પ્રભાવ પડેલો જણાય છે. પરંતુ આ તત્ત્વજ્ઞાનનો પ્રભાવ કાર્લાઈલ અને ઈમર્સન જેવાના લેખન પર પણ પડ્યો છે. છૂટાછવાયા અપ્રત્યક્ષ પ્રભાવ (diffuison) નો વિચાર કરીએ તો શેલી, વર્ડ્ઝ્‌વર્થ, કોલરિજ,બ્રાઉનિંગ ઇમર્સન જેવા અનેક કવિશ્રેષ્ઠની નામાવલિ તે દષ્ટિએ ઉલ્લેખવી પડે.

ઓગણીસમા સૈકાના અંતમાં ભારત માટેના આ આકર્ષણને જુદાં જુદાં રૂપ મળવા લાગ્યાં. વોલ્તેર અને કિપલિંગની વિરોધભક્તિ આ સંદર્ભમાં યાદ આવે છે. નિત્સેના મન પર ભારતીય વિચારોનો પ્રભાવ આ જ સમયમાં પડ્યો. માલાર્મે, વ્હિટમન, માટરલિંક, ટોલ્સ્ટોય એ બધા પર એક કે બીજી રીતે ભારતીય સાહિત્યનો પ્રભાવ જોવા મળે છે. હરમાન હેસ્, ઈ. એમ ફોર્સ્ટર, એડવર્ડ થોમ્પસન, પોલ, બ્રન્ટન, કાઈઝરલિંક, ડબ્લ્યૂ. બી યેટ્સ, આંદ્રે જીદ, એલિયટ, આલ્ડસ હકસલી, ક્રિસ્ટફર ઇશરવુડ વગેરે જેવા બહુ મોટા લેખકોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ આ પ્રભાવિતોમાં છે એ ધ્યાનમાં લઈએ તો ભારતીય સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો વ્યાપક ને દૂરગામી પ્રભાવ પણ ધ્યાનમાં આવશે. આથી ઊલટું, પાશ્ચાત્ય તત્ત્વજ્ઞો અને લેખકોનો ભારતીય સાહિત્ય પર પડેલો પ્રભાવ તો ઘણો બધો વધારે છે. તેનો થોડો વિચાર છેલ્લા પ્રકરણમાં કર્યો છે.

ઓગણીસમા સૈકાના આ આદાનપ્રદાનને લીધે ઉભયપક્ષે નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. યુરોપીય પંડિતોએ નવા પ્રાપ્ત થયેલા આ જ્ઞાનભંડારને આધારે પોતાના જ્ઞાનની કક્ષા અને ઊંડાણ ખૂબ વધાર્યાં, તો જિતાયેલાં રાષ્ટ્રોમાં નવી જિજ્ઞાસા નિર્માણ થઈ અને તેમની સંસ્કૃતિની વિવિધતા અને સંપન્નતા પણ વધવા લાગી. ખુદ યુરોપમાં જુદાં જુદાં રાષ્ટ્રોનો સાંસ્કૃતિક વિકાસ સમાંતરે થતો હોવાનું જણાવા લાગ્યું. ત્યાં પણ રાષ્ટ્રીય અસ્મિતા નવસેરથી જાગૃત થઈ હતી. રાષ્ટ્રો પોતપોતાની વિશિષ્ટતાઓનું સંશોધન કરતાં હતાં ત્યારે પરસ્પર સામ્યનો બોધ પણ તેમને થતો હતો. માનવસમાજના વિકાસની સ્થિતિગતિનો અભ્યાસ કરનારા પંડિતોએ આ ઘટનાની પુષ્કળ મીમાંસા કરી છે. દા. ત. ઓગણીસમા સૈકાના મધ્યમાં પ્રસિદ્ધ થયેલા કૉમ્યુનિસ્ટ જાહેરનામામાં કાર્લ માર્ક્સે આ ઘટનાની નોંધ લીધી છે. 'ઔદ્યોગિક ક્રાંન્તિ પછીના જગતમાં કેવળ ઉત્પાદન અને ઉપભોગનાં ક્ષેત્રોમાં જ સાર્વદેશીય એકરૂપતા નિર્માણ થતી હોય છે એવું નથી, પણ સાહિત્યના ક્ષેત્રમાં પણ આ પ્રક્રિયા થાય છે અને જુદાં જુદાં સાહિત્યમાં વિશ્વસાહિત્ય તરફની હાલચાલ શરૂ થાય છે' એમ તેમાં કહ્યું છે. *

સાંસ્કૃતિક દૃષ્ટિએ અગ્રગામી એવા ફ્રાંસ અને જર્મન રાષ્ટ્રોમાં એકબીજાના સાહિત્ય વિષે ઓગણીસમા સૈકાના આરંભથી વિશેષ કુતૂહલ જાગૃત થયેલું જણાય છે. માદામ સ્તાઈલ (M. Stael) નામનાં વિખ્યાત ફ્રેંચ વિદુષીએ જર્મન રાષ્ટ્રના સાંસ્કૃતિક વિશ્વમાં ખૂબ રસ લીધો. તેના લેખનને લીધે જ તુલનાત્મક સાહિત્યવિચારનો આરંભ યુરોપમાં થયો એમ કહી શકાય.

* "The bourgeoisie has through its exploitation of the world market given a cosmopolitan character to production and consumption in every country...in place of the old local and national seclusion and self-sufficiency, we have intercourse in every direction, universal interdependence of nations, and as in material so also in intellectual production, the intellectual creations of individual nations become common property. National onesidedness and narrow-mindedness become more and more impossible and from the numerous national and local literatures there arises a world-literature.

—Karl Marx, Selected Works, Vol. I, London, 1942, p. 209

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રાન્સમાં જગપ્રસિદ્ધ સૉરબૉન વિદ્યાપીઠમાં આ અભ્યાસને પ્રથમ અધિકૃત માન્યતા મળી. આજે પણ તુલનાત્મક સાહિત્યાભ્યાસને ફ્રાન્સમાં બહુ મહત્ત્વનું સ્થાન છે; એટલી હદે કે જગતના તુલનાત્મક સાહિત્યાભ્યાસકોમાં ફ્રેંચ અભ્યાસકોની એક જુદી પદ્ધતિ છે એમ માનવામાં આવે છે. આ બધું ખરું હોય તો પણ તુલનાત્મક સાહિત્યાભ્યાસની સાંસ્કૃતિક મહત્તા પ્રસ્થાપિત થઈ તે જર્મનના શિલર અને શ્લેગલ જેવા વિદ્વાનોને લીધે, તેમના કરતાં પણ વધારે જર્મન મહાકવિ ગટેને લીધે. આક્રમક યુરોપીય સમાજોનો સાંસ્કૃતિક અહંકાર અતિશય પુષ્ટ થયેલો હતો ત્યારે ગટેએ ધારણ કરેલી વૃત્તિ એટલે તે અહંકાર ઓછો કરવાનો એક જોરદાર ઉપાય જ લાગે છે. બધું પ્રાચીન શાણપણ ગ્રીક અને રોમન સમાજમાં જમા થયું હતું અને બધું અર્વાચીન સામર્થ્ય યુરોપ ખંડમાં વસ્યું છે, એવા દુરાગ્રહની બાળાગોળી ખાવાથી જ યુરોપના મોટા ભાગના વિચારકો એશિયાઈ રાષ્ટ્રો તરફ તુચ્છતાના ભાવથી જોતા હતા અથવા પોતે મુરબ્બીનો આડંબર રાખીને અનાથ અને અજ્ઞાણ એશિયાઈ બાળરાષ્ટ્રોને ઉદારતાથી 'ખવડાવવા' તૈયાર થયા હતા. આવી પરિસ્થિતિમાં મહાકવિ ગટેએ યુરોપને એશિયાની શ્રેષ્ઠ સાંસ્કૃતિક પરંપરાની મોટાઈ દેખાડી આપી. આમ કરતી વખતે ગટેની વૃત્તિ કેવળ પ્રશંસા કરવાની નહોતી; જે અજ્ઞાત હતું તે જ્ઞાત કરી આપવાની નિર્દોષ પ્રેરણા તેના વિચારના મૂળમાં હતી. ચીન, ભારત અને ઈરાન જેવા સંસ્કૃતિસંપન્ન રાષ્ટ્રના તત્ત્વજ્ઞાન અને સાહિત્યનો આપણે પરિચય કરી લેવો જોઈએ, તેના અભાવે આપણી દૃષ્ટિ એકાંગી થશે, આપણને સાંસ્કૃતિક હાનિ થશે, એમ ગટેને લાગતું હતું. જગતના માનવસમાજોની બધી સમજ, શ્રદ્ધા, ભાવાત્મક ક્રિયા-પ્રક્રિયા, સૃજનશીલ પ્રવૃત્તિ આપણે સમ્યક સ્વરૂપમાં નહીં જોઈએ તો નુકસાન બીજાઓને થતું નથી, આપણને થાય છે, એવી સાચી ભૂમિકા ગટેએ સ્વીકારી. તે પોતે આ બાબતમાં એટલો વશીભૂત થયેલો હતો કે પોતાના એક કાવ્યસંગ્રહને પર્શિયન પદ્ધતિથી તેણે 'દીવાન' નામ આપ્યું હતું. બીજામાં તેનો ચીન પ્રત્યેનો પ્રેમ પ્રગટ થયો છે. * ગટેનો જર્મની અને જર્મન ભાષા પ્રત્યેનો પ્રેમ તલભાર પણ ઓછો થયો નહોતો. પોતાની વિશિષ્ટતાઓ જાળવી રાખીને આપણે બીજાઓની વિશિષ્ટતાઓને સમજવી જોઈએ એટલું જ તેનું કહેવું હતું. વિશ્વસાહિત્યની (Weltliteratur : World Literature) ગટેની કલ્પના તુલનાત્મક સાહિત્યાભ્યાસની કલ્પના સાથે બહુ નિકટના સંબંધથી બંધાયેલી છે. તેની દૃષ્ટિએ, 'વિશ્વસાહિત્યનો અભ્યાસ'નો અર્થ 'જગતના સમગ્ર સાહિત્યનો અભ્યાસ' એવો નહોતો; 'જગતની અક્ષય સાહિત્યકૃતિઓનો આસ્વાદ લેવો જોઈએ ' એમ પણ કેવળ તે કહેતો નહોતો; પણ 'આપણા રાષ્ટ્રીય સાહિત્ય

---

* West-Ostlicher Divan (પશ્ચિમપૂર્વ મહેફિલ); Chinesisch Deutsche Jahres and Tages-Zeiten (ચીની-જર્મન ઋતુસંહાર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત બીજાં રાષ્ટ્રાની સાહિત્યિક પરંપરાનો આપણને ખ્યાલ હોવો જોઈએ, અન્ય રાષ્ટ્રાની તેમ જ ભાષાઓની કૃતિઓનું આપણે સ્વાગત કરવું જોઈએ અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે કેવળ વ્યાપારધંધામાં જ આપ-લે થાય એમ નહીં, પણ તે સાથે જ અથવા તેને બદલે સાહિત્યિક આપ-લે થવી જોઈએ,' એમ તેના કહેવાનો સારાંશ દર્શાવી શકાય. આનો અર્થ એ જ કે આપણી સાહિત્યવિષયક સમજ એકરાષ્ટ્રીય સાહિત્યના પરિશીલનથી પરિપૂર્ણ ન થાય; આ કામ જાગતિક સાહિત્યના અવલોકનથી જ સિધ્ધ થાય એ ગટેને સમજાયું હતું. તે સાથે જ પોતાની રાષ્ટ્રીય પરંપરાનું યોગ્ય દર્શન કરવા માટે અન્ય પરંપરાનું અવલોકન અપરિહાર્ય ઠરે છે એ પણ તેની દૃઢ માન્યતા હતી. ગટેના આ વિચારોનો પ્રભાવ ચોક્કસ જ દૂરગામી છે. વળી, ગટેને અભિપ્રેત આદાનપ્રદાન માટે ઓગણીસમા સૈકાના મધ્યથી બહુ અનુકૂળ સમય આવતો રહ્યો તેથી તેની અપેક્ષા પ્રમાણે અન્ય પરંપરાઓનું ભાન પ્રત્યેક રાષ્ટ્રના વિચારકોને સહજ થતું ગયું.

યુરોપમાં થયેલી આ પ્રવૃત્તિ કરતાં ઇંગ્લેન્ડમાં આ ક્ષેત્રે થયેલી હાલચાલ ભારતના સંદર્ભમાં વધારે મહત્ત્વની ઠરે છે. અંગ્રેજી અમલની શરૂઆત થઈ ત્યારથી આજ સુધી આપણને વધારે પરિચય છે તે ઇંગ્લેન્ડનાં વૈચારિક આંદોલનોનો. અંગ્રેજોનો ભારત સાથે વિજેતા તરીકે સંબંધ થયો ત્યારથી ભારતીય સંસ્કૃતિનો પરિચય યુરોપને મોટા પ્રમાણમાં થવા લાગ્યો. વૉરન હેસ્ટિંગ્સ વિદ્યાનો ભોક્તા હતો અને તેના પ્રયત્નોને લીધે જ ભગવદ્‌ગીતાનો અંગ્રેજી અનુવાદ થઈ શક્યો. અઢારમા સૈકાના અંતમાં સર વિલિયમ જોન્સ નામના વિદ્વાને ભારતીય ભાષા અને યુરોપિયન ભાષાનું કુળ એક હોવાનો દાવો કર્યો અને ભારતવિષયક વિદ્યાશાખા (Indology)નો પાયો નાખ્યો. ઓગણીસમી સદીમાં તો ભારતીય ભાષા અને સાહિત્યનો અભ્યાસ કરનારા અનેક અંગ્રેજ અધિકારીઓ આપણને જોવા મળે છે. આ જ સમયમાં એટલે કે અંગ્રેજ અમલ દરમિયાન આપણા શિક્ષણની દિશા પૂરેપૂરી બદલાઈ. વિદ્યાપીઠોની સ્થાપનાથી અંગ્રેજી શિક્ષણ અને સાહિત્યની અલીબાબાની ગુફા જ આપણે માટે ખુલ્લી થઈ. એટલે કે આપણું 'લેવાનું' મોટા પ્રમાણમાં શરૂ થયું. અંગ્રેજી શિક્ષણ આપવા પાછળ તેમનો હેતુ ગમે તે હોય, છેવટે તો અંગ્રેજી શિક્ષણને લીધે ભારતીયોને અતિશય ફાયદો થયો એમાં શંકા નથી. સાહિત્યના વિશ્વમાં ગયા એક સૈકામાં આટલા મોટા પ્રમાણમાં ઉથલપથાલ થયેલી દેખાય છે તે મુખ્યત્વે આપણા મનને પ્રાપ્ત થયેલી નવી પ્રેરણાને લીધે જ. જો કે, આ શિક્ષણ ભારતીયોને આપવામાં જેણે આગળ પડતો ભાગ લીધો તે લૉર્ડ મેકોલેની ભારતીય સાહિત્ય તરફ જોવાની દૃષ્ટિ કેટલી દૂષિત અને વિકૃત હતી એ ફેબ્રુઆરી ૧૮૩૫ માં તેણે ગવર્નર જનરલ લૉર્ડ બેંટિકને લખેલા પત્રમાં દેખાઈ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય સાહિત્ય અને ભાષા જેવા વિષયોના અભ્યાસ માટે તુચ્છતા દર્શાવીને તેણે લખ્યું હતું : 'પૂર્વના લોકોની વિદ્યાની પૂર્વના લોકો જ જે કિંમત કરે છે તે સ્વીકારવા હું તૈયાર છું. મેં ઘણાને પૂછ્યું, પણ બધાનો મત એક જ—કોઈક સારા યુરોપિયન ગ્રંથાલયની એકાદ અભરાઈ પર જેટલો જ્ઞાનભંડાર હશે તેટલો પૂર્વના આજ સુધીના સાહિત્યમાં નથી. યુરોપિયન કાવ્ય સાથે તુલના થઈ શકે એટલી લાયકાત પોતાના કાવ્યમાં છે એમ કહેનાર એક પણ નેટિવ મને મળ્યો નથી. પણ હું કહું છું કે કાવ્યબાવ્ય એક વાર બાજુએ રાખીએ અને શાસ્ત્રીય જ્ઞાન આપતા ગ્રંથો જ જોઈએ. આ ક્ષેત્રમાં તો યુરોપિયનો સાથે તુલના પણ કોઈ કરી શકે તેમ નથી. સંસ્કૃત ભાષાના બધા જ ગ્રંથના ઐતિહાસિક જ્ઞાનનો સરવાળો કરીએ તોયે તેની કિંમત ઇંગ્લેન્ડની પ્રાથમિક શાળામાં શીખવાતી ઇતિહાસની ચોપડી જેટલી નહીં થાય, એમ કહેવામાં હું બિલકુલ અતિશયોક્તિ કરતો નથી. કરોડો લોકોના ધર્મગ્રંથ સંસ્કૃત અને અરબી ભાષામાં લખાયેલા છે અને એટલા માટે પણ તે ભાષાઓના અભ્યાસને ઉત્તેજન મળવું જોઈએ એમ કોઈ કોઈ કહે છે. હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકાર સહિષ્ણુ તો હોવી જ જોઈએ, પણ ધાર્મિક બાબતમાં તટસ્થ પણ હોવી જોઈએ, એ મને પણ પૂર્ણપણે મંજૂર છે. પણ એનો અર્થ એ નથી કે તેમના સાહિત્યના અભ્યાસને આપણે ઉત્તેજન આપવું. તે સાહિત્યની કિંમત પણ કેટલી ? તેમાં મહત્ત્વના વિષયોમાં જબ્બર ભૂલોવાળા ગ્રંથ હોય તો પણ તેમનો અભ્યાસ થવો જોઈએ એમ કહેવું એ તર્ક, નીતિ કે આપણી તટસ્થતા કશાયને સુસંગત નથી. ઉપયુક્ત જ્ઞાનની દૃષ્ટિએ જે ભાષા વાંઝણી છે એમ બધા કબૂલે છે, તે કેવળ જબ્બર અંધશ્રદ્ધા શીખવનારી છે માટે આપણે શીખવવી એ અજબ છે! આપણે ખોટા ઇતિહાસ, ખોટું જ્યોતિર્ગણિત, ખોટું વૈદક શીખવવું જ જોઈએ. શા માટે ? તો એ બધું એક ખોટા ધર્મ સાથે ઉપલબ્ધ છે માટે ! મને પૂછો તો આ અરબી, સંસ્કૃત પુસ્તકો છાપવાં બંધ કરવાં. મને લાગે છે કે મદરસા (પાઠશાળા) અને કલકત્તાની સંસ્કૃત કોલેજને તાળાં મારવાં જોઈએ. *

---

* "I am quite ready to take the Oriental learning at the valuation of the orientalists themselves. I have never found one among them who could deny that a single shelf of a European library was worth the whole native literature of India and Arabia... I have certainly never met with any Orientalist who ventured to maintain that the Arabic and Sanskrit poetry could be compared to that of the great European nations. But when we pass fram works of imagination to works in which facts are recorded, the superiority of the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેકાલેની આ દર્પોક્તિનો કોઈ પણ સમજદાર માણસ તિરસ્કાર કરે. પરંતુ તુચ્છ લેખવા માટે કેમ ન હોય, પણ ભારતીય સાહિત્ય અને યુરોપિયન સાહિત્યની તુલના મેકાલેને કરવી જ પડી. મેકાલે જેવા અહંભાવથી પીડાતા લોકોનું ખંડન કરવા માટે કેવળ ભારતીય જ નહીં, પણ યુરોપીય વિદ્વાનોએ પણ કલમ ઉપાડી છે. પણ આમ ખંડન કરતી વખતે પણ ઉભય સાહિત્યની તુલના તેમને કરવી જ પડી. અલબત્ત બે સાહિત્યની તુલના કરીને તેમાંથી સરસ-નીરસ નક્કી કરવું એ તુલનાત્મક સાહિત્યાભ્યાસનું મુખ્ય તો શું પણ ગૌણ કાર્ય પણ નથી. એટલું જ નહીં, આવી શેરબાજીથી તુલનાત્મક સાહિત્યાભ્યાસીએ આગ્રહપૂર્વક દૂર રહેવું જોઈએ. તો પણ મેકાલેના આ અવતરણ પરથી આપણને એક નવા અભ્યાસની દિશા ઝાંખી ઝાંખી દેખાવા લાગે છે એ ચોક્કસ.

Europeans becomes absolutely immeasurable. It is, I believe no exaggeration to say, that all the historical information which has been collected from all the books written in the Sanskrit language is less valuable than what may be found in the most paltry abridgment used at preparatory schools in England. In every branch of physical or moral philosophy, the relative position of the two nations is nearly the same...... It is said that the Sanskrit and Arabic are the languages in which the sacred books of a hundred millions of people are written and that they are, on that account, entitled to peculiar encouragement. Assuredly it is the duty of the British Government in India to be not only tolerant, but neutral on all religious questions. But to encourage the study of a literautre admitted to be of small intrinsic value, only because that literature inculcates the most serious errors on the most important subjects is a course hardly reconcilable with reason, with morality, or even with that neutrality which ought, as we all agree, to be sacredly preserved, It is confessed that a language is barren of useful knowledge We are to teach it because it is fruitful of monstrous superstitions. We are to teach false history, false astronomy, false medicine, because we find them in company with a false religion.....I would at once stop the printing of Arabic and Sanskrit books, I would abolish the Madrassa and the Sanskrit College at Calcutta."

—Minute addressed by Macaulay to Lord Bentinck, Governor General of India, on 2 February 1835.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુદ ઇંગ્લેન્ડમાં તે જ સમયે મેકાલેસાહેબનો આ અહંકાર ઊતરી જાય એવું હતું. તે પણ એક વિખ્યાત સમીક્ષક દ્વારા. એ સમીક્ષક તે પ્રસિદ્ધ કવિ અને વિવેચક મેથ્યુ આર્નલ્ડ. તેની સામે અંગ્રેજી સાહિત્ય સાથે તુલના માટે હતું યુરોપીય સાહિત્ય, ભારતીય નહીં. ૧૮૪૮માં પોતાની બહેનને લખેલા પત્રમાં તેણે 'યુરોપની તુલનામાં જોઈએ તો ઇંગ્લેન્ડ સાહિત્યક્ષેત્રમાં પાછળ છે.' * એમ કહ્યું છે. અલબત્ત, મેથ્યુ આર્નલ્ડના આ ઉદ્‌ગાર પરથી તેને તુલનાત્મક સાહિત્યાભ્યાસી કહી શકાય નહીં. કારણ કે અહીં પણ આર્નલ્ડનો હેતુ ગુણમાપનનો છે; અને આવો હેતુ આ અભ્યાસને અભિપ્રેત નથી. અહીં એટલું જ મહત્ત્વનું કે પોતાનું સાહિત્ય યુરોપીય સાહિત્યના પ્રકાશમાં જોયા પછી જ આર્નલ્ડને તે વધારે સારી રીતે ઓળખાય છે. સાહિત્ય જુદી જુદી ભાષાઓમાં હોય તો પણ અંતિમ દૃષ્ટિએ તેમાં માનવમનનો આવિષ્કાર હોય છે એવી કંઈક સભાનતા ન હોય તો બે સાહિત્યની તુલના કોઈ પણ હેતુથી સંભવે નહીં. આ દૃષ્ટિએ આર્નલ્ડની વૃત્તિ આવકાર્ય છે. જુદી જુદી સાહિત્યકૃતિઓ વચ્ચેના સંભવિત સંબંધો વિશે સભાનતા પણ તેનામાં હતી. તેથી આ વિદ્યાશાખાની પ્રસ્થાપના કરનારા વિચારકોમાં તેનું સ્થાન મહત્ત્વનું છે. વળી તેના પત્રમાં થયેલો "Comparative literature" શબ્દપ્રયોગ પણ નોંધપાત્ર છે. મેકાલે અને મેથ્યુ આર્નલ્ડ એ બંનેના ઉદાહરણ પરથી આ ક્ષેત્રના અભ્યાસીઓએ ટાળવાં જેવાં બે ભયસ્થાનો સ્પષ્ટ થાય છે. તુલનાત્મક સાહિત્યાભ્યાસ કરનારની દૃષ્ટિ તટસ્થ અને વસ્તુનિષ્ઠ હોવી જોઈએ. તુલનાત્મક વિચારોની પરિણતી આત્મશ્લાઘા કે આત્મનિંદામાં થવી ન જોઈએ. સાહિત્યનું ગુણમાપન કરવું અથવા ઉત્કૃષ્ટ સાહિત્યના નિયમ સિદ્ધ કરવા એ આ અભ્યાસનાં ઉદ્દિષ્ટો નથી. જુદી જુદી પરંપરાઓ વિશે સભાન રહેવું, સાહિત્યો વચ્ચેના સામ્યભેદનું સંશોધન કરવું અને શક્ય હોય ત્યાં આવા સામ્યભેદોની કારણમીમાંસા કરવી એવી અહીં અપેક્ષા છે.

તુલનાત્મક સાહિત્યાભ્યાસનો વિષય અનેક વિદ્યાપીઠોમાં અધ્યયનાર્થે હોય તો પણ ઘણાં વર્ષો તેને અનુવાદશાસ્ત્રની સીમિત કક્ષામાં ગોંધી ખાયો હતો. ૧૮૮૬ માં પ્રસિદ્ધ થયેલા 'Comparative Literature' નામના ગ્રંથમાં પ્રો. પોજનેટ નામના વિદ્વાને આ વિદ્યાશાખાની વ્યાપ્તિ અને કાર્યપદ્ધતિની

---

* "How plain it is now, though an attention to the comparative literatures for the last fifty years might have instructed anyone of it, that England is in a certain sense far behind the Continent."

—Mathew Arnold in a Letter to his sister, May 1848.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ વાર જ શાસ્ત્રીય રજૂઆત કરેલી મળે છે. *

પોઝનેટના આ ગ્રંથમાં તેણે બહુ વ્યાપક દૃષ્ટિ રાખેલી જણાય છે. વિશ્વ-સાહિત્યનું સ્વરૂપ સ્પષ્ટ કરતી વખતે તેનો વ્યાપ ભારતીય અને ચીની સાહિત્ય સુધી પહોંચેલો દેખાય છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સાહિત્ય એટલે શું, જુદા જુદા રાષ્ટ્રીય સાહિત્યની વિશિષ્ટતાઓ નિશ્ચિત કરતાં ઘટકો ક્યાં, સામુદાયિક મન સાહિત્યમાં કેવી રીતે પ્રગટ થાય છે વગેરે તુલનાત્મક અભ્યાસને ઉપયુક્ત હોય એવા મહત્ત્વના વિષયોનો ઉહાપોહ તેણે કર્યો છે.

ગઈ સદીમાં થયેલી આદાનપ્રદાનની ક્રાન્તિથી હવે આપણે ટેવાઈ ગયા હોઈએ તો પણ વિચાર કરીએ તો તે અદ્ભુત લાગે છે. જગતનો નકશો કેટલી ઝડપથી સંકોચાતો ગયો ! પૃથ્વીના પાંચે ખંડો નજીક આવ્યા પોઝનેટે પોતાના ગ્રંથમાં આગગાડી તારયંત્રનો ઉલ્લેખ કર્યો છે. પણ તેને જ શું, શાસ્ત્રજ્ઞોને પણ કલ્પના નહીં હોય એટલી તેજ ગતિ આજે આદાનપ્રદાનને પ્રાપ્ત થયેલી આપણે જોઈએ છીએ. આમ હોવા છતાં પણ બીજું મહાયુદ્ધ પૂરું થયું ત્યાં સુધી સાહિત્યો વચ્ચે પરસ્પર વિનિમયનું સંશોધન અને જાણકારી યથાયોગ્ય થયાં જ નથી એમ કહેવું પડે છે. બીજા મહાયુદ્ધ પછી તો અમેરિકાના વિદ્વાનોએ બહુ પ્રયત્નપૂર્વક આ વિદ્યાશાખાની સુસૂત્ર અને વ્યાપક રજૂઆત કરી. આ કાર્ય અમેરિકામાં થાય એ કેટલાંક કારણોથી સ્વાભાવિક છે. એક તો અમેરિકાના જન્મ અને ઘડતર પાછળ વિભિન્ન રાષ્ટ્રોમાંથી આવેલા પ્રવાહો હતા, અને છે. તે રાષ્ટ્ર જ નાનાધર્મી, નાનાવંશી, નાનાભાષી લોકોનું છે. આજે પણ તેમાં ઉમેરો થતો જ રહે છે પોતાના જર્મન, ફ્રેંચ, ઈટાલિયન, સ્પેનિશ વારસાને ન વીસરેલા અને તો પણ અમેરિકન સાહિત્યસંસ્કૃતિમાં સ્થિર થયેલા એવા અનેક લેખકો અને વિદ્વાનો ત્યાં છે. વળી, જે ઇંગ્લેન્ડની નાળ તોડીને આ રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું, તે માતૃરાષ્ટ્રની તુલનામાં પોતે કઈ સ્વતંત્ર પરંપરાઓ નિર્માણ કરી, એના સંશોધનમાં અમેરિકન રાષ્ટ્રને સ્વાભાવિક રસ છે. એટલે જ તુલનાત્મક સાહિત્યાભ્યાસ માટે અમેરિકામાં આદર્શ વાતાવરણ છે. એવો અભ્યાસ શ્રમ વેઠીને કરવા જેટલું આર્થિક સામર્થ્ય પણ રાષ્ટ્ર પાસે છે. બીજું એક કારણ એ કે અખંડ થતી જતી દુનિયાનાં અનેક ક્ષેત્રોનું નેતૃત્વ આજે અમેરિકા પાસે છે. તેથી નવી જાગતિક પરિસ્થિતિમાં નિર્માણ થતાં શાસ્ત્રો અને વિદ્યાને ત્યાં સૌથી વધુ ગતિ મળે એમાં નવાઈ નથી.

આટલા વિવેચન પરથી ખ્યાલ આવશે કે આ એક અમેરિકન વેલછા છે,

---

* Comparative Literature : Hutcheson macaulay Posnett, London, 1886.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ સમજી લેવું ન જોઈએ. ઊલટું જગતના ઘણા ખરા વિકસિત દેશોમાં આ વિદ્યાશાખાની ઉપયુક્તતા સમજવાથી, તેનો અભ્યાસ જોરમાં શરૂ થયો છે. આ વિદ્યાશાખા તટસ્થ અભ્યાસ માટે હોય તો પણ તેની પાછળ રૂક્ષ લમણાઝીક છે એમ કહી શકાય નહીં. ઊલટું, બધું સાહિત્ય એટલે માણસની સમાન આશા-નિરાશાઓ સુખદુ:ખ, મનની ભાવાત્મક ક્રિયા-પ્રતિક્રિયાઓ વગેરેનું કલાત્મક દર્શન છે, અને આ દૃષ્ટિએ તે એકરૂપ છે, એવી શ્રદ્ધા આ અભ્યાસ પાછળ છે. તેમજ સાહિત્યને જન્મ આપનાર પ્રતિભાશાળીઓના મનનાં સ્પંદનો જોતી વખતે ત્યાં રાષ્ટ્રીય કે ભાષિક સીમા આપણે ઓળંગીએ તો જ તે સ્પંદનોનું આપણને વધારે ઉત્કટ ભાન થાય એ વિશ્વાસ છે. અને સાહિત્યપ્રકાર, સાહિત્યના આકૃતિબંધ, પુરા કથા (Myths) વગેરે ક્ષેત્રોમાં જોવા મળતાં સામ્ય વૈષમ્ય પાછળ કયાં સમાન પરિબળો છે એ જોતી વખતે કલાની ક્ષિતિજો વધુ સ્પષ્ટ થતી જશે એવી પણ આશા છે. 'મનુષ્યનું અંતે એક ગોત્ર' એ કવિવચનનો આશય તુલનાત્મક સાહિત્યાભ્યાસથી વધારે સ્પષ્ટ થતો જશે અને જે વિવિધતા હશે તેનાં રંગરૂપ પણ વધુ ગમી જશે એ આ અભ્યાસનો મોટો લાભ ગણવો જોઈએ. આ દૃષ્ટિએ માનવવિદ્યાઓ (Humanities) માં આ વિદ્યાનું આગવું સ્થાન છે. હવે પછી જુદા જુદા માનવસમાજ પોતપોતાના વર્તુળોમાં રાચશે નહીં, તેમની પરસ્પર સતત અસર થવાની છે, પ્રભાવ પડવાનો છે અને આ અસર તથા પ્રભાવનું મુખ્ય વાહન સાહિત્યિક હશે એવી સભાનતા જેનામાં છે તેને તુલનાત્મક સાહિત્યાભ્યાસનું મહત્ત્વ સમજાશે.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. વ્યવચ્છેદ અને વ્યાખ્યા

આપણે પુસ્તકની દુકાને જઈએ અને અનેક પુસ્તકોનો ઢગલો આપણી સામે પડ્યો હોય ત્યારે તેમાંથી એક બે પસંદ કરીએ છીએ. આપણી પસંદગી આપણી અભિરુચિ, રસિકતા, શિક્ષણ ને જ્ઞાન પર આધારિત હોય પણ ખરી; પરંતુ આ બધાંની મદદથી આપણે સાહિત્યમાં સારું શું અને ખરાબ શું એનો નિર્ણય આપણી રીતે લઈએ છીએ. એટલે જ એમ કે મનમાં નિશ્ચિત કરેલાં મૂલ્યોના આધારે આપણે ઉપલબ્ધ સાહિત્યકૃતિઓની તુલના કરીએ છીએ અને પછી ઉત્તમ લાગે તે કૃતિ પસંદ કરીએ છીએ. ખરેખર તો, આપણે આપણા બધા વ્યવહારમાં આમ જ પ્રગટ કે અપ્રગટ તુલના કરીને નિર્ણય લેતાં હોઈએ છીએ. આપણે કેટલાંક નાટકો જોઈએ છીએ, કેટલાંક ટાળીએ છીએ. કેટલાંક ચિત્રપટ જોવા જઈએ છીએ, કેટલાંક જોવા નથી જતા. કેટલાક દિવાળીઅંક ખાસ જોઈએ છીએ, કેટલાક પ્રત્યે દુર્લક્ષ કરીએ છીએ. 'पुरा कवीनां गणनाप्रसंगे कनिष्ठिकाधिष्ठितकालिदासः' એમ કહીને બધા સંસ્કૃત કવિઓમાં કવિ કાલિદાસને અગ્રક્રમ આપીએ છીએ. કોઈકને 'સાહિત્યસમ્રાટ' અને કોઈને 'कविकुलगुरु' એવું ગૌરવભર્યું પદ આપીએ છીએ, તો કોઈકને 'તથાકથિત' કવિ તરીકે ઉતારી પણ પાડીએ છીએ. આમાંની કોઈ પણ બાબત તુલના કર્યા વગર આપણે કરી શક્યા ન હોત.

માણસના વિચારો તુલનાના આધાર વગર અસ્તિત્વમાં જ આવી શકતા નથી, એ ઘણી વાર આપણા ધ્યાનમાં આવતું નથી. 'अ' એ 'ब' છે કે 'अ' એ 'ब' નથી એ તર્કશાસ્ત્રનાં શુષ્ક વિધાનો પણ તુલનાત્મક જ હોય છે. એમ જોઈએ તો બધા તર્ક, સમગ્ર કલ્પનાવિશ્વ તુલના વગર અસંભવનીય છે. એક વ્યક્તિ પોતાનો આત્મનિષ્ઠ વિચાર જ્યારે બીજાને કહેવા માંડે ત્યારે સામ્ય–વૈષમ્યની મદદથી જ તે વિચાર વસ્તુનિષ્ઠ તરીકે રૂઢ થાય છે. આપણે વાપરીએ છીએ તે દરેક વિશેષણ સાપેક્ષ અને તેથી તુલનાધિષ્ઠિત જ હોય છે. કાળું–ગોરું, ઊંચું–ઠીંગણું, ઉત્કૃષ્ટ–નિકૃષ્ટ વગેરે હંમેશના વ્યવહારનાં વિશેષણોના ઉપયોગનો વિચાર કરીએ તો પણ આ સત્ય સ્પષ્ટ થશે. સાહિત્યના ક્ષેત્રમાં તો ઉક્ત અને અનુક્ત તુલના સર્વવ્યાપી હોવાનું જણાય છે. માનવમનના વ્યવહારમાં તુલનાતત્ત્વ જ અનાદિ કાળથી અતિશય મહત્ત્વનું ઠર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યના વિચારમાં તુલના વગર પાંદડુંયે નહીં હલે. સાહિત્યકૃતિઓની તુલના દ્વારા જ આપણા મનમાં સાહિત્યવિષયક તારતમ્ય નિર્માણ થવા માંડે છે; આ વ્યાપારને મૂલ્યકલ્પનાનાં ફળો આવે છે; અને મૂલ્યકલ્પનાના નિકષ પર નવી નવી સાહિત્યકૃતિઓ આપણે પારખતાં રહીએ છીએ. કોઈ પણ કવિ અથવા લેખક વિશેની આપણી સમજ હંમેશા અન્યસાપેક્ષ જ હોય છે. સંસ્કૃત કવિઓમાં વ્યાસ, વાલ્મીકિ, ભાસ, કાલિદાસ, ભવભૂતિ વગેરેને આપણે મહત્ત્વ આપીએ છીએ, તે પ્રગટ કે અપ્રગટ તુલનાની જ મદદથી અને તે મહત્ત્વ બીજાઓને આપતા નથી તેનું કારણ પણ એ જ. આપણે વાંચેલા સાહિત્યના સ્વરૂપનો એક નકશો આપણા મનમાં તૈયાર થાય છે અને તેમાં ઉત્તુગ શિખરો કોને માટે, સપાટી પર વસ્તી કોની અને ખીણકોતરમાં કોને નાખવા એનો આપણે અજ્ઞાતપણે જ વિચાર કરેલો હોય છે. એનો અર્થ એ જ કે તે સાહિત્યની અંતર્ગત રહેલા સાહિત્યકારોનો તેમ જ સાહિત્યકૃતિઓનો આપણે તુલનાથી વિચાર કરીએ છીએ અને તેમનું સ્થાન નક્કી કરીએ છીએ. સમીક્ષાની આવી મૂલ્યમાપક દૃષ્ટિ વગર કોઈ સાહિત્યનો ઇતિહાસ લખી શકશે નહીં. આ જ સિક્કાની બીજી બાજુ એ કે મૂલ્યમાપનાધિષ્ઠિત સાહિત્ય-ઇતિહાસની સમજ જેનામાં નથી તે એ સાહિત્યની સમીક્ષા પણ કરી શકશે નહીં; કારણ કે કોઈ પણ કૃતિની સમીક્ષા કરતાં પહેલાં સમીક્ષકને પરંપરા, વિકાસક્રમ વગેરેનો વિચાર કર્યા વગર અને તે કૃતિનું સ્થાન નિશ્ચિત (placing) કર્યા વગર ચાલે જ નહીં.

સાહિત્યના અભ્યાસમાં જો તુલના હંમેશા જ આધારભૂત હોય છે તો કોઈ પણ સાહિત્યાભ્યાસને તુલનાત્મક કહેવામાં શો વાંધો છે, એવો પ્રશ્ન અહીં સહજ જ નિર્માણ થશે. એના જવાબ એ કે વિશિષ્ટ સાહિત્યાભ્યાસમાં અનુસ્યૂત રહેલી તુલના સામાન્ય રીતે અપ્રગટ હોય છે અને ઘણી વાર ગૃહીત ધરેલી પણ હોય છે. સાહિત્યનું ઉત્તમ-મધ્યમ અધમત્વ નક્કી કરવું કે મૂલ્ય વિભાવના નક્કી કરવી એટલો જ હેતુ આવી તુલના પાછળ હોય છે. ક્યારેક એ લેખકોની પ્રવૃત્તિની, નિર્મિતિની તુલના થાય છે. નથી થતી એમ નહીં. એટલા પૂરતો 'તુલનાત્મક સાહિત્યાભ્યાસ'ની પદ્ધતિનો આધાર લેવાતો પણ હશે. પણ વિશિષ્ટ સાહિત્યાભ્યાસમાં આ ભાગ ગૌણ જ હોય છે. તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં તો એક કરતાં વધારે સાહિત્યોના સંદર્ભમાં પ્રાણભૂત તત્ત્વ તરીકે તુલનાનો ખુલ્લો સ્વીકાર કરેલો હોય છે. એકસાહિત્યાધિષ્ઠિત અભ્યાસ કરતા અનેકસાહિત્યાધિષ્ઠિત અભ્યાસની કક્ષા વ્યાપક હોય છે. એવી વ્યાપક કક્ષામાં પ્રગટ તુલના કરવી એ જે સાહિત્યાભ્યાસનું મુખ્ય લક્ષણ છે, તેને 'તુલનાત્મક સાહિત્યાભ્યાસ' કહેવાય. તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં એક કરતાં વધારે સાહિત્યોનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરિહાર્ય જ છે. આપણી સમીક્ષાદૃષ્ટિ એકભાષિક સાહિત્યની સીમા ઓળંગીને અન્યભાષિક સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકશે ત્યારે જ 'તુલનાત્મક સાહિત્યાભ્યાસ' સંજ્ઞા સાકાર થશે.

એકસાહિત્યાવિષ્ઠિત સમીક્ષા અને અનેકસાહિત્યાવિષ્ઠિત સમીક્ષા એવો વ્યવચ્છેદ કરવાથી એકસાહિત્યાભ્યાસ કરતાં પ્રસ્તુત અભ્યાસ નિરાળો છે એ સિદ્ધ થયું ખરું, પણ એટલાથી જ પ્રશ્ન પૂરો થતો નથી. કારણ કે તુલનાત્મક સાહિત્યાભ્યાસની જેમ સર્વસમાવેશક સાહિત્યાભ્યાસ (General Literature) માં પણ અનેકભાષિક સાહિત્યોનો વિચાર અંતર્ભૂત થતો હોય છે. એટલે તુલનાત્મક સાહિત્યાભ્યાસ અને સર્વસમાવેશક સાહિત્યાભ્યાસ વચ્ચે પણ વ્યવચ્છેદ બહુ જરૂરી છે. સર્વસમાવેશક સાહિત્યાભ્યાસનું થોડું સ્પષ્ટીકરણ અહીં આવશ્યક છે. 'સર્વસમાવેશક'નો જ અર્થ વિશિષ્ટ ભાષિક સાહિત્ય પર અવલંબિત ન હોય તે' એવો છે. તેમાંનો વિચાર ભાષાનિરપેક્ષ હોય છે.* સાહિત્યસમીક્ષાનાં મૂલતત્ત્વો આપણે સિદ્ધ કરીએ ત્યારે વિવિધ ભાષાનું સાહિત્ય આપણી સામે હોય છે. સાહિત્ય એટલે શું, તેનું પ્રયોજન શું, તેનું ફલિત શું વગેરે પ્રશ્નોના અર્થ શોધતી વખતે આપણી સામે જગતની અનેક ભાષાઓનું સાહિત્ય હોય છે. "કાવ્ય એટલે વિશ્રાંત મનઃસ્થિતિમાં જાગૃત થયેલા પ્રબળ ભાવોનો સહજ ઉદ્‌ગાર" એવી કાવ્યવ્યાખ્યા અંગ્રેજ કવિ વર્ડ્‌ઝ્‌વર્થે કરી હોય તો પણ તે કેવળ અંગ્રેજી કવિતાને જ લાગુ પડે એવું નથી. તે બધી કવિતાને અનુલક્ષીને હોય છે. આ જ વાત, આપણા રસવિચાર, ધ્વનિવિચારની બાબતમાં પણ સાચી છે. આનો અર્થ એ કે સાહિત્યશાસ્ત્ર કદી જ એકભાષિક સાહિત્ય પર નિર્ભર નથી હોતું. સાહિત્યના પ્રકાર genres અને તેના વિકાસની ચર્ચા આમ જ અનેક સાહિત્યાશ્રયી હોય છે. દા. ત. ટ્રેજડીના ઉદ્‌ગમ અને વિકાસની ચર્ચા કરતી વખતે સોફક્લીઝ, શેક્સપિઅર, ઈબ્સેન, બેકેટ, ભવભૂતિ, ગડકરી, શિરવાડકર વગેરે અનેક રાષ્ટ્રોના નાટકકારોના ગ્રીક, ફ્રેંચ, અંગ્રેજી, નૉર્વેજીયન સંસ્કૃત કે મરાઠી વગેરે સાહિત્યકૃતિઓનો આધાર આપણે લઈએ છીએ. પરંતુ આપણો ઉદ્દેશ આ સાહિત્યકૃતિઓની તુલના કરવાનો નથી હોતો, પણ તે બધી કૃતિઓ વિશિષ્ટ વિભાવનાને પૂર્ણતાએ પહોંચાડવા કે વધારે સ્પષ્ટ કરવાનું કામ કરે છે. અને એટલા માટે જ આપણે

* "General literature can be defined as the study of literature, without regard to the linguistic frontiers; comparative literature as the study of national literatures in relation to each other."

—R. A. Sayce

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાનિરપેક્ષ વૃત્તિથી તેમનો આધાર લેતા હોઈએ છીએ. હવે આ જ ક્ષેત્રમાં ગ્રીક ટ્રેજડી અને શેક્સપિરીઅન ટ્રેજડી વચ્ચેના સામ્યભેદની ચર્ચા આપણે કરવા માંડીએ તો તુલનાત્મક સાહિત્યના પ્રદેશમાં પ્રવેશ કર્યો ગણાય.

સારાંશ, સર્વસમાવેશક સાહિત્યાભ્યાસમાં 'એકભાષિક સાહિત્યની સીમા ઓળંગવી' એટલા પૂરતું સામ્ય હોય તો પણ બંનેના ઉદ્દેશો વચ્ચે ઘણું અંતર જણાય છે. પહેલા પ્રકારમાં તુલના કરવાનો હેતુ નથી હોતો પણ ભાષાનિરપેક્ષ વૃત્તિથી સાહિત્યવિષયક વિભાવના સ્પષ્ટ કરવી, પૂર્ણ કરવી, વ્યાપક કરવી કે દૃઢ કરવી એ હેતુ હોય છે, તો બીજા પ્રકારમાં બે અથવા વધારે ભાષાના સાહિત્યની વિશિષ્ટ પ્રવૃત્તિઓ, આકૃતિબંધ, પ્રકાર, રચનાનાં સમાન કે ભિન્ન સ્વરૂપો કેમ આવ્યાં છે ને શા માટે આવ્યા છે એ જ મુખ્યત્વે જોવાનું હોય છે. એકભાષિક સાહિત્યના આધારે કોઈ સાહિત્યશાસ્ત્રીય સિદ્ધાંત સ્પષ્ટ કરી પણ શકાય. દા. ત. રસકલ્પના કેવળ સંસ્કૃત સાહિત્યના આધારે સ્પષ્ટ થઈ શકે. જો કે તે સર્વ સાહિત્ય વિશ્વને કેવી રીતે વ્યાપી વળેલી છે એ અન્ય ભાષિક સાહિત્યના અવલોકન વગર સમજાશે નહીં. તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં તો ભિન્નભાષિક સાહિત્યોનો તુલનાત્મક વિચાર કરવા સિવાય બીજો પર્યાય જ નથી.

વિશિષ્ટ ભાષાનો સાહિત્યાભ્યાસ અને સર્વસમાવેશક સાહિત્યાભ્યાસ કરતાં તુલનાત્મક સાહિત્યાભ્યાસનું જુદાપણું શેમાં છે તે આપણે જોયું. પરંતુ 'વિશ્વસાહિત્ય'ની વિભાવનાનો ઉકેલ આણ્યા વગર 'તુલનાત્મક સાહિત્યાભ્યાસની' વિભાવના સ્પષ્ટ નહીં થાય. 'વિશ્વસાહિત્ય' સમાસનો બાળબોધ પદ્ધતિએ વિગ્રહ કરીએ એટલાથી કામ ન ચાલે. વિશ્વસાહિત્ય એટલે વિશ્વનું સમગ્ર સાહિત્ય નહીં. પાંચ ખંડોના છપ્પન દેશોના સાહિત્યને ભેગું કરીએ અથવા એક સાથે એક જોડીજોડીને ગોદડી તૈયાર કરીએ એટલે જે નિષ્પન્ન થાય તે વિશ્વ-સાહિત્ય, એમ નહીં. જગતના સાહિત્યનો ઇતિહાસ લખવાની મહત્ત્વાકાંક્ષા સેવીને તે માટે એકએક રાષ્ટ્રના સાહિત્ય વિષયક એકએક પ્રકરણ લખવાની પ્રવૃત્તિ ઘણા જણ કરે છે. તેનો ઉપયોગ બહુબહુ તો બૃહત્કોશ જેવો થાય, પણ તે અખંડ સાંસ્કૃતિક અનુભવનું સ્વરૂપ નહીં પામે. ફક્ત ભારત પૂરતો વિચાર કરીએ તો પણ દરેક સાહિત્યનો જુદો ઇતિહાસ લખીને તે એકત્ર ગ્રંથસ્થ કરવાથી ભારતીય સાહિત્યનો ઇતિહાસ સમૃદ્ધ ન થાય. ભારત બહુભાષી હોય તો પણ તે એક 'એકમ' (Unit) છે એમ સમજીને ભારતીય સાહિત્યનો ઇતિહાસ લખવો પડશે. ભારતીય સાહિત્યનો અર્થ બધા પ્રદેશોના સાહિત્યનો સરવાળો એમ નહીં, એ જ રીતે, વિશ્વસાહિત્ય એટલે બધા રાષ્ટ્રોના સાહિત્યનો સરવાળો નહીં. આવો સરવાળો પ્રાથમિક અવસ્થામાં ઠીક છે; પરંતુ એ અવસ્થાથી આગળ ગયા પછી જ આ ક્ષેત્રનો વિકસિત વિચાર સંભવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વસાહિત્યનો બીજો અર્થ કરવામાં આવે છે : વિશ્વમાન્ય સાહિત્ય (classics). જગતની ઉત્તમોત્તમ કૃતિઓ એટલે જ સ્થળકાળની સીમા ઓળંગીને સર્વત્ર આસ્વાદ્ય ઠરેલી કૃતિઓને વિશ્વસાહિત્ય કહેવું એવો અભિપ્રાય કેટલાક વિદ્વાનોનો હોય છે. ગીતા, બાઈબલ, શાકુન્તલ, હેમ્લેટ, ઓડિસી, ઇલિયડ, રામાયણ ઇત્યાદિને વિશ્વમાન્યતા મળેલી આપણે જોઈએ છીએ. વિશ્વનું શ્રેષ્ઠ સાહિત્ય તે વિશ્વસાહિત્ય એવો અર્થ એક રીતે યોગ્ય પણ છે. પરંતુ સાહિત્યવિચારમાં આ શબ્દ ગટેએ જુદા અર્થમાં વાપર્યો. World Literature સંજ્ઞાનો ગટેનો અર્થ કયો ? વિશ્વસાહિત્ય વિશે સભાન રહો એમ જ્યારે તેણે કહ્યું, ત્યારે તે શું સૂચિત કરતો હતો ? અક્ષર સાહિત્ય વાંચવાનો આનંદ અનુભવો કે જગતના સર્વ સાહિત્ય વાંચવા જેટલું તમારું વાચન વિસ્તૃત અને અફાટ કરો, એમાંનો એક અભિપ્રાય તેના મનમાં નહોતો, સ્વરાષ્ટ્રીય પરંપરાની સાથે જ અન્યરાષ્ટ્રીય પરંપરા વિશે પણ સભાન રહો, અન્યદેશીય અને અન્યભાષીય સાહિત્યની લક્ષણીય કૃતિઓથી પ્રભાવિત થવાની તૈયારી રાખો, ભિન્નભિન્ન સાહિત્યો વચ્ચે મુક્તપણે આદાન-પ્રદાન થવા દો, એ ગટેને સૂચવવું હતું. વૈશ્વિક સાહિત્ય નામની સેળભેળ તેને માન્ય નહોતી. તેનો અભિપ્રાયનો ઝોક રાષ્ટ્રીય સાહિત્ય નષ્ટ કરવું, રાષ્ટ્રીય પરંપરાનો ત્યાગ કરવો, એવો પણ નથી. ઊલટું, આવી વ્યાપક સભાનતા રાખવાથી રાષ્ટ્રીય પરંપરા અંગેની સમજ વધુ સ્પષ્ટ થાય, રાષ્ટ્રીય સાહિત્યની રંગરેખા બરાબર ખ્યાલમાં આવવા માંડે, બીજાઓ કરતાં આપણું વૈશિષ્ટ્ય (point of departure) શેમાં છે એ સમજાવા માંડે, એ ગટેએ ભારપૂર્વક કહ્યું છે. અન્યભાષીય સાહિત્યની તેણે બુદ્ધિપૂર્વક પોતાની પર અસર થવા દીધી. ખરેખર છેલ્લાં ૧૦૦–૧૫૦ વર્ષમાં આવો પ્રભાવ બુદ્ધિપુરઃસર સ્વીકારનારા ઇમર્સન, યેટ્સ, એલિયટ, આંદ્રે જીદ, રવીન્દ્રનાથ ટાગોર વગેરે અનેક સમર્થ સાહિત્યકારોની નામાવલી નજર સમક્ષ આવવા માંડે છે. આમાંના કોઈએ પણ પોતાની પરંપરા છોડી નથી એ પણ ખ્યાલમાં આવે છે. સેંત બવ્હ (Sainte-Beuve) નામના વિખ્યાત ફ્રેંચ સાહિત્યકારે લખેલા એક પ્રસિદ્ધ નિબંધમાં આ વિચાર બહુ સમર્પક રીતે પ્રગટ થયો છે. ' આપણા બાપદાદાની હવેલીમાં અસંખ્ય ઓરડાઓ છે,' આ વિધાન આધ્યાત્મિક ક્ષેત્રની જેમ સુંદરતાના વિશ્વને પણ શોભશે એમ કહીને તે આગળ કહે છે, 'આ સૌંદર્યવિશ્વમાં પ્રથમ માન દેવતુલ્ય હોમરને છે. પણ તેની પછી તરત જ વાલ્મીકિ, વ્યાસ, ફિરદૌસી વગેરે એશિયાના મહાકવિઓ પણ જરૂર છે. તેમની જાણ હોવી એ રસિકો માટે હંમેશા શ્રેયસ્કર. તેને લીધે તો મનુષ્યસમાજની એકતાનું દર્શન થાય છે. હા, એક વાત સાચી, તેમને આદરપૂર્વક અભિવાદન કરીને આપણે તે દૂરના પ્રદેશમાંથી પાછા ફરીએ એ જ ઠીક!' * આનો અર્થ

* Sainte-Beuve; Selected Essays, P. 8. London, 1963,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કે જગતના મહાન સાહિત્યના પરિચયથી આપણા સાહિત્યનો પરિચય આપણને વધુ ઉત્કટતાથી થશે. દશ ભાષાના સાહિત્યનો આપણે આસ્વાદ લીધો છે, એ અહંકારની ચમકતી વીંટીઓ આપણી દશે આંગળીઓમાં પહેરવા માટે આ લમણાઝીંક નથી. રાષ્ટ્રીય સાહિત્યના સ્વરૂપ અને પરંપરાનું બધી બાજુથી દર્શન કરીને તે વિશેની આપણી સમજ સમૃદ્ધ કરવી એ હેતુ અહીં છે.

જેણે અન્ય સ્થાપત્ય જોયાં જ નથી, તેને તાજમહાલનું સૌંદર્ય પૂર્ણપણે જણાશે ખરું ? જેણે ગામ બહાર પગ જ મૂકયો નથી તેને પોતાના ગામનું સૌંદર્ય પણ પૂરેપૂરું સમજાશે ખરું ? જ્યાં સુધી સાચેસાચું નાટક જોયું જ ન હોય ત્યાં સુધી ગામનાં લોકનાટ્યો જ મહાન લાગશે અને તે મહાનતા માપવાનું બીજું સાધન ન હોવાથી તે પણ પૂરતા પ્રમાણમાં ધ્યાનમાં નહીં આવે. આ જ ન્યાયે આપણા પ્રદેશની મહાનતા, આપણા સાહિત્યની મહત્તા આપણી સાંસ્કૃતિક ઉચ્ચતા વગેરે વિશેનું આપણું અભિમાન કે તે પ્રત્યેનો તિરસ્કાર નિરાધાર હોઈ શકે. જ્યાં સુધી આ બાબતોની તુલના કરવાની શકયતા ન હોય ત્યાં સુધી તેમનું યથાયોગ્ય ભાન આપણને કેમ થાય ? 'જેમણે ઇંગ્લેંડ સિવાય કાંઈ જોયું નથી, તેમણે ઇંગ્લેંડ પણ શું જોયું ? (What shall they know of England that only England know?) રુડયાર્ડ કિપલિંગનો આ પ્રશ્ન ભૌતિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક વગેરે બધાં ક્ષેત્રોમાં સાચો છે. *

પહેલાં આપણે આપણી જ ભાષાના નાટકોનો આસ્વાદ લઈએ અને પછી આપણને શેકસપિયર, શૉ, ઈબ્સેન, પિરાંદેલો, ઓનીલ, આયનેસ્કો વગેરે જગતના ઉત્તમોત્તમ નાટકકારોની કૃતિઓનું દર્શન થાય, તો આપણી માનસિક પ્રતિક્રિયા શી થાય ? આપણને આપણી નાટ્યસૃષ્ટિ વધારે સારી રીતે સમજાય. તે વિશેનું આપણું અભિમાન યોગ્ય હતું કે નહીં એ પણ સમજાય. આપણી નાટ્યસૃષ્ટિમાં રહેલા કેટલાક વિશેષોનો ઉદ્‌ગમ શેમાં છે એનો ખ્યાલ આવે. આપણા નાટકકારો પર કોનો કોનો પ્રભાવ પડ્યો છે એ સમજાય. તે પ્રભાવથી થયેલા લાભાલાભનું વિવેચન કરવાની શક્તિ આપણામાં આવે. આપણા નાટકકારોના સમાનધર્મીઓ

---

* To see one poem, or one picture or one building is to have little feeling for its qualities. To see another example of the 'same' thing, which being another work of art is of course not the same but only 'comparable', is to take the first step towards recognising what is in each case good, original, difficult, intended.

—Anthony Thorlby, Yearbook of Comparative and General Literature, Vol. XVIII. 1968.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં છે તે સમજાય. તેમનું જુદાપણું શેમાં છે તેની પણ વધુ ઉત્કટપણે ખબર પડે. એટલે કે આપણને આપણી નાટ્યસૃષ્ટિનો વધુ વ્યાપક ને ઉત્કટ પરિચય થાય. આ નાટ્યસૃષ્ટિનો ઉદ્ભવ કઈ પ્રેરણાઓથી થયો; નાટ્યકૃતિની રચના પર, આશય પર, તેમાંની જીવનદૃષ્ટિ પર, કયા કયા પ્રભાવ છે; જગતમાં આપણી નાટ્યકૃતિઓનું સાધર્મ્ય કોની સાથે છે, વૈધર્મ્ય કોનાથી છે; અને પ્રભાવ-સાધર્મ્ય-વૈધર્મ્ય પાછળનાં કારણો ક્યાં હોવાં જોઈએ;—આ બધી બાબતોનો વિચાર જુદી જુદી ભાષાઓની નાટ્યકૃતિઓના પરિશીલન વગર શક્ય ન બને. આ વિવેચન પરથી એક વાત સ્પષ્ટ થશે કે અન્ય સાહિત્યોના પ્રદેશમાં પ્રવેશ કરવાને લીધે આપણા જ્ઞાનમાં ફક્ત સંખ્યાત્મક ઉમેરો થતો નથી, તેને ગુણાત્મક બળ મળે છે.* તુલનાત્મક પરિશીલનને લીધે બીજા સાહિત્યોના ગુણધર્મો આપણે સમજવા માંડીએ, એટલું જ નહીં પણ આપણા સાહિત્યના ગુણધર્મો પણ આપણે વધારે સારી રીતે સમજવા માંડીએ.† અહીં બીજો એક વિવેક કરવો જોઈએ. બીજી ભાષાના સાહિત્યનો આસ્વાદ લઈને આપણે તે ભાષા પર કે તે બોલનાર લોકો પર ઉપકાર કરતા નથી કે તે ભાષાનું ગૌરવ વધારતા નથી, પણ એવો આસ્વાદ આપણી ભાષાના, સાહિત્યના અને આપણા પોતાના હિત માટે કરીએ છીએ. 'એકનું તો ઠેકાણું નહીં ને ઢગલો ચીંદરડી' એવો આરોપ તુલનાત્મક સાહિત્યાભ્યાસ વિશે ઘણી વાર સંભળાય છે. ખરેખર તો 'ઢગલો' ભેગો કરવાથી 'એક' બરાબર ધ્યાનમાં આવે છે, એવો આ અભ્યાસનો લાભ છે.

આટલા ઉહાપોહ પછી તુલનાત્મક સાહિત્યાભ્યાસની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કરવામાં વાંધો નથી. અલબત્ત, આવી વ્યાખ્યા, કોઈક ભૌતિક વિભાવનાની વ્યાખ્યા જેટલી અવ્યાપ્તિ–અતિવ્યાપ્તિના દોષથી મુક્ત નહીં હોય. એફ. ડબ્લ્યૂ.

---

* "Torn from their context and looked at as separate entities existing by themselves, the different national portions of modern literature are inexplicable. Only in relation to each other can their tonality and definition be properly assessed. But the more carefully one regards the whole body of modern literature, the more that too appears a mere part of a larger whole."

—Friedrich Schlegel

† "One could achieve through comparative studies a more balanced view, a truer perspective than is possible from the isolated analysis of a single national literature, however rich in itself."

—Lilian Furst, Romanticism in Perspective, London 1969.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેંડલરે આ અભ્યાસનાં લક્ષણો દર્શાવતાં કહ્યું છે : 'તુલનાત્મક સાહિત્યાભ્યાસ' એ વિશિષ્ટ પધ્ધતિનું અવલંબન લેનારી એક વિભાવના છે. આ વિભાવના સાહિત્ય પ્રત્યે 'સંપૂર્ણ સાહિત્ય' દૃષ્ટિએ જુએ છે. આ સંપૂર્ણતા જુદા જુદા રાષ્ટ્રીય સાહિત્યના અંશોથી સધાયેલી હોય છે. સાહિત્યની આ વિભાવના ભાષાશાસ્ત્રથી નિરાળી છે. *

પ્રસ્તુત વિષયના ઉપરના વર્ણનમાં ચેંડલરે તેનું પદ્ધતિ-પ્રાધાન્ય પહેલાં ઉલ્લેખ્યું છે અને એમ કરીને તેમાંના 'તુલના' સાધનની વિશેષતા સ્પષ્ટ કરી છે. પછી રાષ્ટ્રીય સાહિત્યની મહત્તા માન્ય કરીને પણ રાષ્ટ્રીય મર્યાદાઓની પાર જઈને સાહિત્યનું સમગ્ર રૂપ જોવાની આવશ્યકતા દર્શાવી છે અને તે કેવળ ભાષાવિજ્ઞાન નથી એ પણ ધ્યાનમાં આણ્યું છે.

'તુલના' સંજ્ઞાનું વધારે સ્પષ્ટીકરણ કરવું હોય તો 'સાધર્મ્ય અને વૈધર્મ્ય, ઉદ્‌ગમ અને પ્રભાવ આ ચાર પાસાંથી કરેલી તપાસ' એમ કહી શકાય. આ ચારેય હમેશાં જ મહત્વનાં પાસાં હોય અથવા સરખાં જ મહત્વનાં હોય એવું નથી. એટલું જ નહીં, ઉપયોજિત તુલનાત્મક સાહિત્યભ્યાસમાં સામાન્ય રીતે આ ચારમાંથી કોઈ પણ એક જ પાસું બળવાન હોય છે.

તુલના બે કે વધારે સાહિત્યની કરાય છે, એટલે બે કે વધારે સાહિયકૃતિની કરાય છે. અલબત્ત, બે કે વધુ રાષ્ટ્રીય સાહિત્યની પણ તે થઈ શકે. પરંતુ આમ, સમગ્ર રાષ્ટ્રીય સાહિત્ય પર આધારિત અભ્યાસ ઘણી વાર છીછરો, ઉપરછલ્લો, અતિસરળીકૃત, પરિમાણો અને સીમારેખા ધૂંધળી હોય એવો હોવાની શકયતા રહે છે. આ વિશેનું વધુ વિવેચન આગળ આવશે જ. અહીં એટલું જ કહેવું જોઈએ કે તુલનાનું ક્ષેત્ર જેટલું મર્યાદિત હોય તેટલી જ તે સમર્પક અને સુસંબદ્ધ ઠરવાની શકયતા વધારે રહે છે. સાહિત્ય એટલે સાહિત્યકૃતિ એમ કહીએ ત્યારે સાહિત્યશાસ્ત્ર અને સમીક્ષા વિશેનું લેખન પણ સાહિત્યકૃતિઓમાં આવે એમ ગૃહીત ધર્યું છે.

આ બધી બાબતો ધ્યાનમાં લઈને તાજેતરમાં પ્રાવર નામના વિદ્વાને તુલનાત્મક સાહિત્યાભ્યાસનાં લક્ષણ નીચે પ્રમાણે દર્શાવ્યાં છે :

'એક કરતાં વધારે ભાષાની સાહિત્યકૃતિઓનાં (તેમાં સાહિત્યશાસ્ત્ર અને

---

* "...A conception Involving a method; a conception of literature as a whole; a conception of this whole as composed of national elements; a conception of literature as distinguished from linguistics."

—F. W. Chandler

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમીક્ષા પણ આવે જ) વૈધર્મ્ય, સાધર્મ્ય ઉદ્દ્ભવ અથવા પ્રભાવની તપાસ કરતાં કરેલી સમીક્ષા એટલે જ તુલનાત્મક સાહિત્યાભ્યાસ. તેમ જ બે કે વધુ ભિન્નભાષિક સમાજનો સાહિત્યિક સંબંધ અને આદાનપ્રદાનનો અભ્યાસ પણ તેમાં અંતર્ભૂત છે." *

6995

આ વ્યાખ્યાનમાં વાપરેલી 'વૈધર્મ્ય-સાધર્મ્ય-ઉદ્દ્ભવ-પ્રભાવ' સંજ્ઞાઓનો વિસ્તારથી વિચાર કરવો જરૂરી છે, તેમ જ 'ભિન્નભાષિક' એટલે શું તેની પણ ચર્ચા જરૂરી છે. આદાનપ્રદાન સંજ્ઞા અને તેનાથી સૂચિત થતી પ્રક્રિયાની પણ વીગતવાર ચર્ચા આપણે જોવાની છે. આ વ્યાખ્યાના અનુષંગે હવે પછીના વિવેચનની માંડણી કરવાનો વિચાર છે એટલું જ.

તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં વપરાતા 'તુલના' સાધનની ઉપયુક્તતા કેવળ બે કે વધુ સાહિત્ય પૂરતી મર્યાદિત નથી. બીજી માનવીય જ્ઞાનશાખાઓ અને સાહિત્ય વચ્ચેનો સાપેક્ષ સંબંધ પણ 'તુલનાત્મક સાહિત્યાભ્યાસ'માં આવે છે, એમ કેટલાક વિદ્વાનો માને છે. આ અભ્યાસકોના અગ્રણી હેન્રી રેમાક છે. તેણે કરેલી તુલનાત્મક સાહિત્યાભ્યાસની વ્યાખ્યા આ પ્રમાણે છે : 'તુલનાત્મક સાહિત્યાભ્યાસ એટલે એક સાહિત્યની બીજા એક કે અનેક સાહિત્ય સાથે કરેલી તુલના. તેમ જ સાહિત્યની બીજા માનવી આવિષ્કારક્ષેત્રો સાથે કરેલી તુલના.'‡ આનો અર્થ એ કે જ્ઞાન કે શ્રદ્ધાનાં બીજાં ક્ષેત્રોનો પણ સાહિત્ય સાથેનો સંબંધ તપાસતાં રહેવું એ પણ રેમાક તુલનાત્મક સાહિત્યાભ્યાસનું કામ માને છે. આ ક્ષેત્રો એટલે સાહિત્યેતર કળા, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ભૌતિકશાસ્ત્ર, સામાજિક શાસ્ત્રો, ધર્મ વગેરે.

રેમાકના પ્રતિપાદનમાં કંઈક તથ્યાંશ જરૂર છે. પરંતુ તુલનાત્મક સાહિત્યાભ્યાસની વ્યાખ્યામાં બીજી માનવી જ્ઞાનશાખાઓના ઉલ્લેખની કાંઈ જરૂર હોય

---

* "An examination of literary tets (including works of literary thoery and critism) in more than one language, through an investigation of contrast, analogy, provenance or influence; or a study of literary relations and communications between two or more groups that speak different languages."

—S. S. Prawer, Comparative Literary Studies : An Introduction, Duchworth, London. 1973.

‡ "Comparative literature is the comparison of one literature with another or others, and the comparison of literature with other spheres of human expression." Comparative Literature : Method and Perspective, Ed. Stallknecht and Frenz Carbondale, 1961.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ લાગતું નથી. સાહિત્યાકૃતિ એટલે કેવળ દૈવી પ્રતિભાનો આવિષ્કાર એ વિધાન હૃદ્ય અને રોમાંચકારક હોય તોયે હવે કોઈ પણ અભ્યાસક તે સર્વતોપરિ સ્વીકારે એમ લાગતું નથી. બીજી માનવી કૃતિઓની જેમ સાહિત્યાકૃતિ પણ સ્થલકાલના પરિમાણથી નિબધ્ધ હોય છે. સહજ છે કે સાહિત્યકૃતિના સ્વરૂપ પર તે નિર્માણ થાય એ કાલખંડ સંબંધિત સામાજિક પરિસ્થિતિ, તે નિર્માણ કરનાર વ્યક્તિનો વ્યક્તિત્વવિશેષ, સમકાલીન ધર્મ-તત્ત્વજ્ઞાન વગેરે અનેક વિષયોનો પ્રભાવ પડતો હોય છે એ સર્વમાન્ય થયું છે. હિપ્પોલીત તેન નામના વિખ્યાત ફ્રેંચ સાહિત્ય-ઇતિહાસકારે અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ લખ્યો ત્યારે સાહિત્યકૃતિના નિર્માણ પાછળ માણસ, કાળ અને પરિસ્થિતિ (Man, Moment, Milieu) એ ત્રણ તત્ત્વો હોય છે, એમ બહુ આક્રમક આવેશથી પુરસ્કાર કર્યો છે. * સાહિત્યનિર્મિતિ કરતી પ્રતિભાશાળી વ્યક્તિનું મહત્ત્વ અનન્યસાધારણ છે. પણ તે પ્રતિભાશાળી વ્યક્તિ પણ સ્થલકાલથી બદ્ધ હોય છે એ ભૂલવું ન જોઈએ.

તેન પછી અનેક વિવેચકોએ સાહિત્યનિર્મિતિમાં સહાયભૂત થતા બાહ્ય વાતાવરણ વિશે વિવેચન કર્યું છે. ખાસ કરીને માર્ક્સવાદી વિવેચકો એ વિષય પર ભાર મૂકે છે. સાહિત્યકૃતિને જન્મ આપનાર સાહિત્યકાર પર, એટલે કે તેના અંતઃકરણ પર તેની આસપાસના વાતાવરણના જે સંસ્કાર પડે છે તેનીયે ઘણી ચર્ચા થઈ છે. તો રેમાંકે ઉપસ્થિત કરેલા માનવી મનોબુદ્ધિના અન્ય આવિષ્કાર મહત્ત્વના છે એ નકારી શકાય નહીં. અને તો પણ તુલનાત્મક સાહિત્યાભ્યાસની વ્યાખ્યામાં એ આવિષ્કારોને સ્થાન આપવાનું પ્રયોજન જણાતું નથી. એક તો, બધા પ્રકારના સાહિત્યાભ્યાસમાં જ આ પ્રકારના સર્વાંગીણ અવલોકનની જરૂર છે. એટલે આ કાંઈ તુલનાત્મક સાહિત્યાભ્યાસની વિશિષ્ટતા નથી. જરૂર હોય ત્યાં ત્યાં કોઈક સાહિત્યકૃતિનો તત્ત્વજ્ઞાન, ધર્મ, અર્થશાસ્ત્ર, ઇતિહાસ વગેરે સાથેનો સાપેક્ષ સંબંધ છે તે તપાસી શકાય. પરંતુ વ્યાખ્યામાં તે બધા સંભાવ્ય ઘટકોનો ઉલ્લેખ કરવો યોગ્ય નહીં ઠરે. કાર્યકારણના વિચારમાં આવશ્યક કારણો

* "It was left for Hippolyte Taine to formulate a sociological approach. To the historical and geographical factors, the occasional efforts of earlier critics to discuss literature in terms of 'moment' and 'race', he added a third conception, which completed and finally eclipsed them. 'Milieu' as he conceived it, is the link between literary criticism and the social sciences."

—Harry Levin : Literature as an Institution (The Gates of Horn).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગૌણ કારણો એવો વિચાર કરવો જ જોઈએ. જેમ 'ઘટ' કાર્ય પાછળ માટી અને કુંભાર આવશ્યક કારણો હોય છે, તો ચાક કે માટી વહી લાવનાર ગધેડો એ ઓછવત્તાં ગૌણ કારણો પણ હોય છે. અથવા, ઈશ્વરેચ્છા એ બધાં જ કાર્ય પાછળ એક કારણ હોય છે એમ પહેલાં મનાતું, પણ બધાં જ કાર્યમાં સમાન હોય એવું ઈશ્વરેચ્છા કારણ ધ્યાનમાં લેવાતું નહીં. ગૌણ કારણો પણ લાગુ ન પડી શકે એવાં હોય છે. સમવાયસંબંધથી જેમનો વ્યાપાર થાય છે એવાં અનેક કારણો કોઈક કાર્ય પાછળ હોઈ શકે. એમ તો શેનો શેની સાથે સંબંધ નથી હોતો ? પરંતુ પ્રસ્તુત વિષયમાં મુખ્યત્વે જોવાનો છે તે સાહિત્ય-સાહિત્યનો સંબંધ, એક સાહિત્યનો કે સાહિત્યકારનો બીજા સાહિત્ય પર પડેલો પ્રભાવ. એટલે આ વિષયનાં લક્ષણ દર્શાવતી વખતે તુલનાત્મક સાહિત્યાભ્યાસનું ક્ષેત્ર અન્ય સાહિત્યાભ્યાસ કરતાં કઈ કઈ બાબતોમાં જુદું છે એટલું જ જોવું જરૂરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. રાષ્ટ્રીય સાહિત્યની વિભાવના

તુલનાત્મક સાહિત્યાભ્યાસ એટલે તુલનાની મદદથી કરેલો એક કરતાં વધારે સાહિત્યોનો અભ્યાસ, એમ આપણે જોયું. 'એક કરતાં વધારે' એટલે શું એ પ્રશ્નનો ઉત્તર પહેલી નજરે લાગે છે તેટલો સહેલો નથી. એક સાહિત્ય કરતાં બીજું સાહિત્ય જુદું હોય છે, તે કેવી રીતે? અહીં પહેલો જવાબ સૂઝે છે તે ભાષાની ભિન્નતાનો. મરાઠી સાહિત્ય, બંગાળી સાહિત્ય, હિંદી સાહિત્ય, અંગ્રેજી સાહિત્ય—એ રીતે ભિન્ન ભિન્ન ભાષિક સાહિત્યની આપણે કલ્પના કરીએ છીએ. પરંતુ ભિન્નતા એકભાષિક સાહિત્યમાં પણ હોઈ શકે. દા. ત. ઇંગ્લેંડ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, ભારત વગેરે રાષ્ટ્રોમાં અંગ્રેજી ભાષામાં સાહિત્યની નિર્મિતિ થાય છે, પણ ભાષિક એકતાને લીધે તે સાહિત્ય એક જ એમ કહી શકાય નહીં. ઇંગ્લિશ સાહિત્ય ને અમેરિકન સાહિત્ય જુદું જુદું છે. તેમના સંદર્ભમાં તુલનાત્મક સાહિત્યાભ્યાસ થઈ શકે. ઑસ્ટ્રિયા, જર્મન અને સ્વિત્ઝર્લેંડ દેશોમાં જર્મન ભાષામાં લેખન થતું હોય તોયે જર્મન, ઑસ્ટ્રિયન અને સ્વિસ ત્રણે સાહિત્યો જુદાં જ માનવાં પડે. આનો અર્થ એ કે ભાષા એક હોય તો પણ રાષ્ટ્રીય ગુણધર્મોની વિશિષ્ટતાને લીધે જે તે રાષ્ટ્રનું સાહિત્ય આપણે જુદું માનીએ છીએ.

અહીં એક મૂળભૂત પ્રશ્ન નિર્માણ થાય છે. સાહિત્ય છેવટે તો વ્યક્તિ-પ્રતિભાથી સાકાર થતી વસ્તુ છે. તો પછી કોઈ રાષ્ટ્રના અનેક સાહિત્યકારોએ નિર્માણ કરેલા સાહિત્યસમુચ્ચયને કોઈ સમાન ગુણધર્મ હોય છે એમ માનવું કેટલું તર્કસંગત છે? આ પ્રશ્નની વ્યાપ્તિ વધારીને એમ પણ પૂછી શકાય કે 'રાષ્ટ્રીય વિશિષ્ટતાઓ' નામની વસ્તુ જ ખરેખર અસ્તિત્વમાં હોય છે ખરી? મનુષ્ય-સ્વભાવ ગમે તેમ તોયે સરખો, એમ આપણે કહીએ છીએ; તો પછી ભારતીય સ્વભાવ, ઇંગ્લિશ સ્વભાવ, અમેરિકન સ્વભાવ વગેરે શબ્દોનો અર્થ પણ શું રહે? અથવા, 'માણસ તેટલા સ્વભાવ' એ જો ખરું હોય તો સમુદાયને સ્વભાવ હોય છે ખરો, એ પ્રશ્ન ઊભો થાય.

આ પ્રશ્નની ચર્ચા સમાજશાસ્ત્ર અને સામાજિક માનસશાસ્ત્રમાં બહુ થઈ છે. વ્યક્તિસ્વભાવની જેમ જ સમાજને પણ સ્વભાવ હોય છે, એવો જ ઘણા-ખરા વિચારકોએ નિષ્કર્ષ કાઢ્યો છે. રાષ્ટ્રીય સ્વભાવ વિશેની લૌકિક સમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણપણે નિરાધાર પણ નથી હોતી. 'કુવલયમાલા' જેવા બારસો વર્ષ પહેલાંના ગ્રંથમાં મહારાષ્ટ્રીય અને ગુજરાતી સ્વભાવનાં જે વર્ણનો છે તે આજે પણ આ બંને સ્વભાવને બરાબર લાગુ પડે એવાં છે એવું જનલોકની સમજ પરથી જણાશે. 'મરાઠા અડતલ હોય છે. શામળા, સહનશીલ, અભિમાની અને ઝઘડાળુ હોય છે, આપ્યું લીધું કરનારા હોય છે.' * એમ આ ગ્રંથમાં કહ્યું છે. આજે પણ મહારાષ્ટ્રીય સ્વભાવ વિષે લોકમત જુદો નથી, એ આપણે જાણીએ જ છીએ. ખાધેપીધે સુખી, બોલવામાં ઋજુ, ગુર્જર સ્વભાવનું વર્ણન પણ ત્યારે અને આજે સરખા જ પ્રકારનું મળે છે. કેવળ ભારતીય પ્રદેશનો વિચાર કરીએ તો જુદા જુદા પ્રદેશના સ્વભાવ વિષે આપણા ચોક્કસ ગ્રહ હોય છે એ દેખાશે. તે બધા જ સંપૂર્ણપણે સાધાર હોય છે એવું નથી; પણ તે તદ્દન નિરાધાર અને અર્થશૂન્ય હોય છે એમ પણ નહીં કહી શકાય. અમુક પ્રદેશનો તરીકે જે સ્વભાવ આપણે માનીએ છીએ તે એ પ્રદેશની બધી જ વ્યક્તિઓનો હોય એ તો સર્વથા અશક્ય જ છે. એટલું જ નહીં, તે સ્વભાવની બધી વિશિષ્ટતાઓ તે પ્રદેશની એક જ વ્યક્તિમાં સંપૂર્ણ-પણે મળતી નથી. અસંખ્ય સ્થળોના નાનાનાના અનુભવોની મદદથી વિશિષ્ટ સ્વભાવની અમૂર્ત કલ્પના સિદ્ધ થાય છે. ઇંગ્લિશ સ્વભાવ મીંઢો હોય છે, અમેરિકન સ્વભાવ બહુ નિખાલસ, જર્મન સ્વભાવમાં શિસ્તપ્રિયતા, લડાઉપણું, તો ફ્રેંચ સ્વભાવમાં રસિકતા, રંગીલાપણું વગેરે ગુણસમૃદ્ધિની આપણે કલ્પના કરીએ છીએ. આપણે ત્યાં પણ આપણે કોઈક સમાજને અત્યંત ભાવનાપ્રધાન માનીએ છીએ, કોઈકને તર્કકર્કશ. કોઈકની વ્યાપારી વૃત્તિ જ આગળ તરી આવે છે, તો કોઈની વ્યવહારશૂન્યતા. આપણે એક ઉપખંડ છીએ એમ માનીએ તો આ બધાંને રાષ્ટ્રીય સ્વભાવ કહી શકાય. એવા સ્વભાવનું પ્રતિબિંબ સાહિત્યમાં પણ પ્રગટ થાય છે કે, એ અહીં ખરો પ્રશ્ન છે. ઉપર કહેલી પ્રક્રિયા પ્રમાણે એવો સ્વભાવ કોઈ પણ એક સાહિત્યકૃતિમાં જોવો વ્યર્થ જ ઠરશે. અને બધી સાહિત્યકૃતિને વ્યાપી વળતો એવો તે હશે તો તેનું દર્શન બહુ જ ઉપરછલ્લું અને સ્થૂળ કહેવું પડશે. તો પણ સાહિત્યમાં પ્રગટ થતા ગુણધર્મસમુચ્ચયને અનુલક્ષીને 'French Spirit', 'German Spirit', 'Typically English', 'Representative of American nature', 'મરાઠી બરછટપણું', 'બંગાળી મૃદુતા', 'ગોમંતકીય રસિકતા' વગેરે બિરુદો હંમેશા અપાય છે તે આપણે જોઈએ છીએ. આ બાબતમાં નિષ્કર્ષ કાઢતાં પહેલાં અત્યંત વિવેક અને સંયમની જરૂર છે. નહીં તો શેરા મારવા સિવાય હાથમાં કાંઈ જ નહીં આવે.

---

* "दढमडह सामलंगे सहिरे अहिमाण कलहसीले य । दिण्णले गहिल्ले उल्लविरे तत्थ मरहट्टे ।"

—उद्योतनसूरिकृत 'कुवलयमाला'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માનવી સ્વભાવધર્મની કલ્પના કરતાં ભૌગોલિકતા, ઐતિહાસિક-પરંપરા, ભાષિક વિશેષ, સાહિત્યની વિકાસ પરંપરા અને ઉપલબ્ધ અવસ્થાના સંકલિત પરિણામથી નિષ્પન્ન થતી ગુણધર્મ વિશિષ્ટતાઓની ચર્ચા ગમે ત્યારે વધુ સાધાર અને ઉપયુક્ત ઠરે. સાહિત્યકૃતિઓ વ્યક્તિપ્રતિભાથી નિર્માણ થતી હોય તો પણ તે કૃતિસમુચ્ચયને વિશિષ્ટ ગુણધર્મ હોઈ શકે. એ ગુણધર્મ કેવળ માનવી સ્વભાવથી જ પ્રાપ્ત થયેલા હોય છે એમ કહી શકાશે નહીં. અને મરાઠી સાહિત્યનું જે મરાઠીપણું હોય છે તે કેવળ મરાઠી 'માણસના સ્વભાવ'થી નિર્માણ થયેલું હોય છે એવું નથી. પણ તેમાં બીજા પણ અનેક ઘટક કારણભૂત હોય છે. અમુક મર્યાદા સુધી તેનો બોધ થઈ શકે. મનુષ્યના સ્વભાવની જેમ જ સંસ્થા, સંસ્કૃતિવિશેષ વગેરે બાબતો પણ ભૌગોલિક વિશેષોમાંથી આકાર લે છે. એમ જોઈએ તો સમાજના ઘડતર, ભાષા, કલાત્મક પ્રવૃત્તિ, ઈતિહાસ વગેરે પર ભૌગોલિક પરિસ્થિતિની ઘણી અસર થયેલી જણાય છે. સાહિત્યનાં મૂળ જે ભાષા નામક સંસ્થામાં હોય છે તેનું સ્વરૂપ જ જ્યાં વિશિષ્ટ ભૌગોલિકતાથી નિશ્ચિત થતું હોય ત્યાં સાહિત્યમાં પણ તજ્જન્ય નિરાળાપણું આવ્યા સિવાય કેમ રહે ? કોઈક સાહિત્યની રાષ્ટ્રીયતા આકાર લે છે તે આ રીતે ભૌગોલિક અને ભૌતિક અવસ્થાની વિશિષ્ટ અસરને લીધે. કોઈક ભાષા મૃદુ કેમ, કોઈક સંયુક્તાક્ષરપ્રચુર તો કોઈક સરળ ઉચ્ચારોથી પ્રવાહી શાને લીધે થઈ, આ પ્રશ્નોના ઉત્તરો શોધીએ ત્યારે પણ આપણે તેનાં કારણો ભૌગોલિક પરિસ્થિતિમાં શોધીએ છીએ. ગાઢ જંગલમાં રહેતા અને બાહ્ય જગત સાથે બહુ વ્યવહારવિનિમય ન હોય એવા સમાજની શબ્દસંપત્તિ ઓછી હોય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ઊલટું ઇંગ્લૅંડ જેવા દુનિયાભરમાં પ્રસરવા મથતા રાષ્ટ્રની ભાષામાં સતત નવા નવા શબ્દોનો ઉમેરો થતો જાય ને ઇંગ્લિશ ભાષાની શબ્દસંપત્તિ સતત વધતી રહે એ પણ સ્વાભાવિક છે. જે વાત શબ્દ સંપત્તિની તે જ વિનિયોગની વિવિધતાની. જે ભાષા અનંત વ્યાપાર-વ્યવહારમાં વપરાતી હોય તેનું વિનિયોગ-સામર્થ્ય વધે છે. નહીં તો ભાષા પણ મૃતપ્રાય થઈને છેવટે લય પામવા માંડે છે.

દરેક ભાષાની પોતાની વિશિષ્ટતાઓ પણ ઓછી નથી હોતી. ભાષા સમાસબહુલ હોય કે ન હોય, તેમાં સંધિ થતી હોય કે ન થતી હોય, તે અપ્રત્યય કે સપ્રત્યય હોય, તેમની શબ્દઘટના ધાતુમૂળ હોય કે ન હોય, તેની વૃત્તિ સાનુનાસિક ઉચ્ચાર તરફ હોય કે ન હોય. તેના ધ્વનિ સંખ્યામાં ઓછા કે વધુ હોય... આ રીતે દરેક ભાષાનું તેનું પોતાનું એક રૂપવૈશિષ્ટ્ય તૈયાર થાય છે. જગતની ભાષાઓના વંશ કલ્પેલા છે. એક વંશની અનેક ભાષાઓ પણ પરસ્પરથી કેટલી જુદી થઈ શકે છે તે આપણે જોઈએ જ છીએ. અંગ્રેજી અને મરાઠી એકવંશીય ભાષા હોવાનું યાદ કરીએ તો આ જુદાપણાનું પ્રમાણ ધ્યાનમાં આવશે; તો પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિન્નવંશીય ભાષાઓ વચ્ચે રૂપભેદ બહુ હોય એ સ્વાભાવિક જ છે. ખુદ એક ભાષામાં પણ સર્વત્ર એકરૂપતા નથી હોતી. કોઈ કોઈ વાર કાલિક ભેદ પણ બહુ હોય છે. ભાષા સાહિત્યનો મૂળ આધાર હોવાથી ભાષાની વિશિષ્ટતાઓ સાહિત્યના સ્વરૂપ પર પણ દૂરગામી અસર કરે છે. દરેક રાષ્ટ્રની ભાષાની વિશિષ્ટતાઓને લીધે તેના સાહિત્યમાં પણ વિશિષ્ટતા સિદ્ધ થવામાં સહાય થાય છે.

ભૌતિક અને ભૌગોલિક કારણોને લીધે સમાજરચના, ઇતિહાસ ને સંસ્કૃતિ પર અસર થાય છે તે આપણે જોયું છે. પણ આ ઘટકોની અસર વળી પાછી ભાષા પર થતી જ હોય છે. તેથી ભાષાની મધુરતા, કટુતા, પ્રસ્તાર કે લાઘવ, સત્તા ગાજવનાર જેવું કરડાપણું કે આજીજીનું આર્જવ—આવી વિશિષ્ટતાઓ નિર્માણ થઈ શકે. હિંદુસ્તાની ભાષામાં રહેલી અદબ અને મરાઠી ભાષામાં રહેલા બરછટપણાની પાછળ તે તે પ્રદેશનો ઇતિહાસ કારણભૂત થયો હોવાની શકયતા જણાય છે. હવે એ વાત સાચી કે સમાજનો સ્વભાવ ભાષા અને સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે કે ભાષા અને સાહિત્યની વિશિષ્ટતાઓ પરથી આપણે સમાજના સ્વભાવ વિશે નિદાન કરીએ છીએ એ ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. પરંતુ કોઈક રાષ્ટ્રના સાહિત્યનું અવલોકન કરતા હોઈએ ત્યારે, ક્યારેક વિશિષ્ટ રાષ્ટ્રીય સ્વભાવ આપણે ગૃહીત ધરીએ એવી પણ શકયતા છે; તો ક્યારેક તે સાહિત્ય દ્વારા વિશિષ્ટ રાષ્ટ્રીય સ્વભાવનો આપણને બોધ પણ થઈ શકે.

દરેક સમાજની વિશિષ્ટ જીવનરીતિ હોય છે. અસ્તિત્વ અને જીવનહેતુનો અન્વયાર્થ જુદાં જુદાં રાષ્ટ્રોમાં જુદા જુદા પ્રકારે કરવામાં આવે છે એમ જણાય છે. એને આપણે જીવનવિષયક દૃષ્ટિકોણ કહીએ છીએ. અનેક સૈકાઓના અનુભવ પછી આવી જીવનદૃષ્ટિ સુસ્થિર થઈ હોવાનું આપણા ધ્યાનમાં આવે છે. આ જીવનદૃષ્ટિ ધર્મ ને તત્ત્વજ્ઞાનમાં તો વ્યક્ત થાય છે જ; પણ રોજિંદું ભૌતિક જીવન જીવવાની પદ્ધતિ પરથી પણ તેની પ્રતીતિ થાય છે. કોઈક સમાજ નિતાંત આસ્તિક હોય, કોઈક ન હોય, આશાવાદી, નિરાશાવાદી કે ઉદાસીન હોય, દૈવવાદી કે પુરુષાર્થવાદી હોય, ક્ષણના સુખ માટે લોલુપ હોય કે અતિવિરક્ત થઈને ચિરંતનશાંતિનો ઉપાસક થયો હોય, આ બધું ખરું હોય કે ન પણ હોય, પણ સાહિત્ય દ્વારા થતી આવી પ્રતીતિ નકારી શકાય નહીં.

એક અર્થમાં, માનવી મનની એકરૂપતાનો આપણે સ્વીકાર કરીએ છીએ. પરંતુ બીજા અર્થમાં વ્યક્તવિશેષ, સમાજવિશેષ, રાષ્ટ્રવિશેષ અને હમણાં હમણાં ત્યાજ્ય ઠરેલો વંશવિશેષ પણ આપણે માનીએ છીએ. તેમાં અંતર્વિરોધ નથી, ઊલટું, અનેક કલા મળીને સિદ્ધ થાય છે તે 'સકલ', એ સમજ અહીં કાર્યાન્વિત થયેલી હોય છે. સાહિત્ય પણ માનવી મનનો આવિષ્કાર હોય તો તે માનવનિર્મિત છે અને તેથી માનવની જેમ જ સ્થળકાલાદિ વિશિષ્ટતાઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રયે જ તે અવતરે છે. આ દૃષ્ટિએ અને ઉપરના વિવેચનને આધારે 'રાષ્ટ્રીય સાહિત્ય'ની વિભાવના વિચાર કરવા જેવી છે એમ શંકા વગર કહી શકાય.

આ વિભાવનાથી પૂર્ણપણે વિરોધી એવી ભૂમિકા સ્વીકારતા વિવેચકો કહે છે કે માનવી સ્વભાવના ગુણધર્મ એક જ હોવાથી સાહિત્યની નિર્મિતિ અને સ્વરૂપમાં વિશ્વાત્મકતા હોય છે, હોવી જોઈએ. શેક્સપિયર જેવા મહાન નાટકકારનાં નાટકોનાં વાતવરણ અને વ્યક્તિની મહત્તા તેમની વિશ્વાત્મકતામાં હોય છે. તેથી તો તેનાં નાટકોને એલિઝાબેથના કાલખંડનું ચોકઠું નથી અને તે એક અર્થમા 'ઇંગ્લિશ' પણ નથી, શેક્સપિયર જાગતિક નાટકકાર, તેનાં નાટકો વિશ્વાત્મક અને તેથી જ તેનું સાહિત્ય અક્ષરસાહિત્ય.

આ ભૂમિકા પૂર્ણપણે સ્વીકારવી એટલે આપણી ચિકિત્સક બુદ્ધિને વિશ્રાંતિ આપવી. શ્રેષ્ઠ સાહિત્યકૃતિને પણ બેવડું અસ્તિવ હોય છે, એટલું જ નહીં, ત્રેવડું અસ્તિત્વ હોય છે એ જ ખરું. તે એક સાથે એક વ્યકિતનું, એક સમાજનું અને વિશ્વનું હોય છે. દરેક મનુષ્યપ્રાણીને જેમ અસ્મિતા, રાષ્ટ્રાયતા અને વિશ્વાત્મકતા હોય છે તેવું જ આ છે. આમાં પણ સૌથી વધુ શંકાસ્પદ કાંઈ હોય તો તે વિશ્વાત્મકતા જ છે !

માણસ ખરેખર જ એક છે કે ? કયાંય પણ જઈએ ને કયારેય પણ જોઈએ તોયે માનવી કલ્પના—સાહિત્યમાં પ્રગટ થયેલી કલ્પના પણ—સરખી જ હોય છે કે ? ભાષા, સમાજરચના, લિંગભેદ, હવામાન આ બધી બાબતોમાં જુદાપણું હોય તો પણ માનવી સ્વભાવ તો વિશ્વાત્મક હોય છે એમ કહી શકાશે ખરું ? અતિપ્રાચીન, પ્રાચીન, મધ્યયુગીન અને આધુનિક કાળમાં માણસનું બૌદ્ધિક અને ભાવનાત્મક જગત શું બદલાયું નથી ? કે આવા વિશ્વાત્મક એકરૂપ મનુષ્યનું દર્શન કેવળ ભાવનાપ્રધાન અથવા સ્વપ્નિલ લોકોને જ થાય છે એ જ ખરું ?

શેક્સપિયરનાં પાત્રો પણ શું ખરેખર જ કાલનિરપેક્ષ માનવી સ્વભાવનાં પ્રતીક છે ? કોલરિજને લાગે છે કે તે એવાં છે. પણ એક તરફ તેમને આવું અનાદિ-અનંતત્વ આપવું અને બીજી તરફ તેના નાટકના કેટલાક વિશેષોનું સમર્થન કરવા માટે તેના કાળનો હવાલો આપવો, એવો અંતર્વિરોધ કોલરિજના પ્રતિપાદનમાં છે જ. શેક્સપિયરની નાટ્યસૃષ્ટિમાં અનેક કાલવિપર્યય વિવેચકોએ દેખાડ્યા છે. અને તે બધાંનાં મૂળ એક જ વાતમાં છે—આ મહાન પ્રતિભાશાળી લેખક પણ સ્થળકાળના ચોકઠામાં જ રહેતો હતો ! તેની કૃતિઓનો વિચાર આ સાપેક્ષતાના સંદર્ભમાં જ કરવો જોઈએ.

મનુષ્યનો સ્વભાવ સમાજરચના પર કેટલો આધારિત હોય છે એ સમજવા માટે જુદા જુદા સમયમાં જુદા જુદા દેશના સાહિત્યમાં ઉપસેલાં સ્ત્રીચિત્રણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવાં. તેમાં સ્ત્રીઓનું વર્ગીકરણ તેમના સ્વભાવાનુસાર કુક્કર, શિયાળ, કૂતરાં ગધેડા, મધમાખી અને ભમરી એમ કરવાથી માંડીને તે સ્ત્રીને પુરુષની બરોબરીની તો શું, પણ તેના કરતાં ઉચ્ચતર સ્થાન આપવા સુધીની બહુવિધ તરાહો મળશે. તેથી તો ભારતીય-ચીની-જાપાની નાટકો અને યુરોપીય નાટકોમાં સ્ત્રીઓનાં જીવનદર્શનમાં બહુ જ તફાવત મળે છે; એટલું જ નહીં પણ ઈસ્લામના આગમન પહેલાં સંસ્કૃત નાટકોમાં નાયિકાને જે સ્વાતંત્ર્ય મળ્યું છે તે ઈસ્લામી શાસનમાં નિર્માણ થયેલા એટલે જ સમય-દૃષ્ટિએ હમણાના ભારતીય સાહિત્યમાં દેખાતું નથી.

મૃચ્છકટિક નાટકમાં વરસાદનું વર્ણન કે જંગલમાં અવતરેલા વરસાદનું વિક્રમોર્વશીય નાટકમાંનું વર્ણન ગ્રીક નાટકમાં આવે એમ સંભવતુ નથી. એનું કારણ બંને દેશના હવામાનનો તફાવત જ નથી. ગ્રીસની નગરસંસ્કૃતિ અને ભારતની ગ્રામીણ સંસ્કૃતિ વચ્ચે જુદાપણું હોવાને લીધે બંનેના લેખકોની મનોવૃત્તિ પણ જુદી થાય છે, કુદરત તરફ જોવાનો તેમનો દૃષ્ટિકોણ જ જુદો ઠરે છે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ. શિલરે કહ્યું છે કે ગ્રીક નાગરિકને કુદરતનું ભાન થાય તે પણ બૌદ્ધિક સ્તરે જ !

તો પણ રાષ્ટ્રીય સાહિત્ય અને રાષ્ટ્રીય સ્વભાવ એ વિભાવનાને માન્યતા આપીએ ત્યારે કેટલાંક સંભાવ્ય જોખમોનો આપણે વિચાર કરવો જોઈએ. એમાંનું પહેલું જોખમ, વિચારમાં છીછરાપણું આવવાની શક્યતા છે. તેથી રાષ્ટ્રીય સ્વભાવનો આશ્રય એટલે અજ્ઞાનની કબુલાત એમ મેક્સ વેબરે કહ્યું છે.* બે સાહિત્યોનો તુલનાત્મક વિચાર કરીએ ત્યારે તેમની વચ્ચેના સામ્યભેદની સાધાર ચર્ચાને બદલે તે કૃતિ નિર્માણ કરનારની રાષ્ટ્રીય વિશિષ્ટતાઓ પર આંગળી મૂકીએ એટલે બસ, એમ થવા દેવું ન જોઈએ. ઉપરછલ્લાપણું અતિ સરળીકરણ અને છીછરો નિષ્કર્ષ કાઢવાની વૃત્તિને રાષ્ટ્રીય વિશિષ્ટતા વિભાવનાએ ખાતરપાણી પૂરાં પાડવાં ન જોઈએ. બીજી પણ એક વાત છે : તુલનાત્મક સાહિત્યાભ્યાસથી આંતરરાષ્ટ્રીય મૈત્રી અને સહકાર વધે એવી અપેક્ષા છે. રાષ્ટ્રીય સ્વભાવવૈશિષ્ટ્યની તપાસ કરવાના પ્રયત્નોમાંથી દોષારોપણ કરવાની, ઉણપો કાઢવાની, ઉચ્ચનીચ ઠરાવવાની કે આત્મશ્લાઘા અને પરનિંદા કરવાની વૃત્તિ પ્રબળ થાય તો આ સદ્‌હેતુમાં તડ પડે. અભ્યાસકોએ આ બાબતમાં સતત જાગૃત રહીને વસ્તુનિષ્ઠા જાળવવી જોઈએ. જોકે રાષ્ટ્રીય સ્વભાવ અને રાષ્ટ્રીય સાહિત્યના

---

* The appeal to national character is generally a confession of ignorance.

The protestant Ethic and the spirit of capitalism.

—Max Weber

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવનું વર્ણન કરવા જતાં આવી સ્થૂળતા આવી જવાની શક્યતા હોય છે, તે જ કારણે 'આવા પ્રયત્નો કરવા જ વ્યર્થ', એમ કહી શકાય નહીં.

ઉપરના વિવેચનમાં સતત આવતો 'રાષ્ટ્રીય' શબ્દ પ્રસંગોપાત જુદા જુદા અર્થમાં લેવો પડશે. રાજકીય દૃષ્ટિએ જે ઘટકને આપણે રાષ્ટ્ર કહીએ છીએ, તે જ ઘટકને અહીં દરેક વખતે રાષ્ટ્ર તરીકે સંબોધી શકાય નહીં. આફ્રિકા જેવા નવજાગૃત ખંડમાં રાષ્ટ્રો અનેક હોય અને તેમની ભાષાઓ પણ જુદી જુદી હોય તો પણ આપણી દૃષ્ટિને કદાચ આમાંનાં અનેક રાષ્ટ્રોના સાહિત્યનું એકરૂપત્વ જ પ્રતીત થાય અને તેને આપણે 'આફ્રિકન સાહિત્ય' કહીએ. પાશ્ચાત્ય લોકો જ્યારે ભારતીય સાહિત્યનો વિચાર કરે છે ત્યારે પણ બરાબર આમ જ બને છે. કારણ કે તેમને જુદી જુદી ભારતીય ભાષાઓ વચ્ચેના પ્રકૃતિભેદ બદલ જોઈએ તેટલો બોધ થઈ શકતો નથી. બરાબર આ જ કારણને લીધે સંપૂર્ણ યુરોપિયન સાહિત્ય એક જ હોવાની ધારણા ભારતીય વાચકોની મનમાં ઘણી વાર જોવા મળે છે. આ બાબત સ્વાભાવિક જ છે. ચૈતન્ય એક જ હોય તોયે જાતિકલ્પના કરીને આપણે તેમાં વિભાગ પાડીએ છીએ અને વ્યક્તિ અસંખ્ય હોય તોયે જાતિકલ્પના કરીને આપણે તેનો પુંજ તૈયાર કરીએ છીએ. યુરોપીય દૃષ્ટિકોણથી ભારત રાષ્ટ્રનું સાહિત્ય એક હોય તો પણ આપણી દૃષ્ટિએ રાષ્ટ્રીય સાહિત્યનું સ્થાન આપણે આપણા પ્રાદેશિક સાહિત્યને આપીએ તો તેમાં કાંઈ જ વાંધો નથી, એ આગળ જતાં સ્પષ્ટ થશે જ.

જગતના સાહિત્યનો સમ્યક્ કે તુલનામૂલક અભ્યાસ કરવા માટે તુલનાત્મક સાહિત્યાભ્યાસનો જન્મ થયો છે એ વિધાન સૈદ્ધાંતિક દૃષ્ટિએ બરાબર હોય તો પણ વ્યાવહારિક દૃષ્ટિએ આવા અમર્યાદ અભ્યાસનો બહુ અર્થ રહેતો નથી. ભારતીય ક્ષેત્રના સાહિત્યના તુલનાત્મક અભ્યાસનો સ્વતંત્ર ચોકો પાડી શકાય અને તેમાં રાષ્ટ્રાંતર્ગત પ્રદેશોના સાહિત્યોને રાષ્ટ્રીય સાહિત્યનું સ્થાન આપી શકાય એમ કહીએ તો પણ જગતના અનેક વિદ્વાનોને તે ઠીક નહીં લાગે. ભારતીય તો શું, પણ એશિયાના સાહિત્ય પૂરતો અભ્યાસનો જુદો વ્યૂહ માંડવાની કલ્પના પણ તરત સ્વીકારાતી નથી. તેથી તો 'એશિયાઈ તુલનાત્મક સાહિત્યાભ્યાસ' એ જુદી શાખા માનવામાં આવે એ માટે આંતરરાષ્ટ્રીય પરિષદમાં પ્રો. અલ્ફ્રન્સો કાર્લાલાને નિબંધવાચન કરવું પડ્યું. તુલનાત્મક સાહિત્યાભ્યાસનું ક્ષેત્ર અને વિશ્વસાહિત્યનું ક્ષેત્ર એક જ છે એ વાત ખરી. પણ છેવટે વિશ્વ એટલે શું ? બધાના વિશ્વની વ્યાપ્તિ સરખી હોય છે કે ? વિશ્વનો આકાર કેટલો ? જેના તેના માથા જેટલો ! વિશ્વસાહિત્યની વાત કરનાર અમેરિકન અને યુરોપિયન વિદ્વાનોની ડૉ. વેર્નેર ફ્રીડરીશે જ કરેલી વિડંબના જોવા જેવી છે. 'અમારું વિશ્વ કેવડું ?—તે નાટો (Nato) રાષ્ટ્રો પૂરતું જ મર્યાદિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે!' એવી ઠઠ્ઠા તેમણે કરી છે. એટલે પશ્ચિમ યુરોપ, ઇંગ્લેંડ અને અમેરિકા સિવાય જગત જ નથી! પશ્ચિમની આ પધ્ધતિથી, બધા એશિયાઈ સાહિત્યને પૌર્વાત્ય (Oriental) માં ધકેલી દઈ શકાય. પ્રો. હેરી લીવ્હિન જેવા હાર્વર્ડના વિખ્યાત પ્રાધ્યાપકે પણ લખ્યુ છે : 'જગતની બધી સાહિત્યકૃતિઓનું ભાન હોવું જોઈએ એ ઠીક જ છે. પણ મારા વિદ્યાર્થીઓને સ્વાહિલીનો શો ઉપયોગ? તેમને લેટિનનો જ અભ્યાસ વધારવા દો.' એક દૃષ્ટિએ તેમનું કહેવું બરાબર પણ છે. પણ તો પછી ભારતમાં આપણે પણ એવો જ વિચાર કરીને તુલનાત્મક અભ્યાસનો ઉપયુક્ત અને પર્યાપ્ત વ્યૂહ રચવામાં વાંધો નથી. દિશાહીન વ્યાપક અભ્યાસ કરતાં મર્યાદિત ક્ષેત્રમાં ઊંડો અભ્યાસ કરવો એ જ વિશેષ ઉપયુક્ત ઠરે. આ દૃષ્ટિએ ભારતીય ઉપખંડ એક નોંધપાત્ર ક્ષેત્ર છે. આ વિષયની વધુ ચર્ચા છેવટના પ્રકરણમાં કરી છે.

અંગ્રેજી જેવી ભાષા વિભિન્ન રાષ્ટ્રીય સાહિત્યોને જન્મ આપે છે એ આપણે જોયું છે. આપણા રાષ્ટ્રમાં આથી ઉલટી પરિસ્થિતિ છે. આપણું રાષ્ટ્રીય સાહિત્ય અનેક પ્રદેશોની, અનેક ભાષાઓમાં, એટલું જ નહીં, અનેક ઉપરાષ્ટ્રીય સાહિત્ય મળીને બનેલું છે. એમ જોઈએ તો જગતમાં અન્યત્ર પણ બહુભાષિક રાષ્ટ્રો છે. દા. ત. સ્વિટ્ઝર્લેંડ પણ ત્યાં ભારત જેવી સંકુલ પરિસ્થિતિ નથી. જર્મન, ફ્રેંચ અને ઇટાલિયન એ ત્રણ ભાષા ત્યાં પ્રચલિત હોય તો પણ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક કે ઐતિહાસિક પરંપરાની દૃષ્ટિએ તે ઘણે અંશે અખંડ રાષ્ટ્ર છે. પણ ભારતમાં લગભગ સ્વતંત્ર પ્રાદેશિક પરંપરા છે અને તેમનો વિકાસક્રમ જુદો જુદો છે. આ દૃષ્ટિએ ભારતનું સાધર્મ્ય કોઈ એક રાષ્ટ્ર સાથે નહીં પણ યુરોપ ખંડ સાથે છે.

એક રાષ્ટ્રમાં અનેક ભાષા હોય છે અને એક ભાષાનાં અનેક રાષ્ટ્રો હોય છે. એટલે જ રાષ્ટ્ર અને ભાષાની ક્ષિતિજ સમાન હોય જ એવું નથી. તુલનાત્મક સાહિત્યાભ્યાસ પૂરતી વાત કરવી હોય તો સમાન ભાષિક અને સાહિત્યિક પરંપરાના સૂત્રથી જે લોકસમુદાયને એકજીવ કર્યો હોય તેને આપણે 'રાષ્ટ્ર' સંજ્ઞા આપી શકીએ. આવા દરેક ઘટકનું સાહિત્ય 'રાષ્ટ્રીય સાહિત્ય' કહી શકાય. એટલે જ રાજકીય રાષ્ટ્રવિભાવના કરતાં આ ક્ષેત્રની રાષ્ટ્રવિભાવના થોડી જુદી ઠરે છે. અલબત્ત, અપવાદાત્મક ઉદાહરણોથી આ સિધ્ધાંતમાં કંઈક અંશે બાધા નિર્માણ થઈ શકે. ભારતનું અંગ્રેજી સાહિત્ય કયા રાષ્ટ્રનું? સ્વિટ્ઝર્લેંડનું જર્મન સાહિત્ય સમગ્ર જર્મન સાહિત્યની અખંડ પરંપરામાં મૂકવું કે કેમ? કે બાંગલા દેશનું સાહિત્ય અને ભારતના પશ્ચિમ બંગાળનું સાહિત્ય એક પરંપરામાં સમાવિષ્ટ કરવું કે? આવા જ પ્રશ્નો ફ્રેંચ, સ્પેનિશ, તમિળ, ઉર્દૂ વગેરે સાહિત્યના સંદર્ભમાં ઊભા થશે. તેના પ્રમાણમાં જાપાની, ચીની, સ્વાહિલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજસ્થાની, કાશ્મીરી વગેરે ભાષા સ્વ-સ્વ-પ્રદેશસીમિત છે અને એવી સ્થિતિમાં ત્યાંનું સાહિત્યસ્વરૂપ વધારે એકાત્મ (Unitary) છે એમ કહી શકાય. રાષ્ટ્રીય સાહિત્યોની પરંપરાઓની તુલના કરીને તેમની વચ્ચેના સામ્યભેદ સમજવા એ તુલનાત્મક સાહિત્યાભ્યાસનો એક મહત્ત્વનો ભાગ છે.

'એક કરતાં વધારે' સાહિત્યોમાં મુખ્યત્વે 'રાષ્ટ્રીય સાહિત્યો' સમાવેશ પામતાં હોય તો પણ તેમાં ગૌણ પ્રકાર પણ સંભવે છે. દ્વિભાષિક કે બહુભાષિક સાહિત્યિક એ અભ્યાસનો એક સ્વતંત્ર વિષય ઠરશે. દા. ત. શ્રી કાકાસાહેબ કાલેલકરના ગુજરાતી સાહિત્ય અને મરાઠી સાહિત્યની તુલના ચોક્કસ ઉપયુક્ત થાય. હિંદી અને ઉર્દૂ, મરાઠી અને હિંદી, મરાઠી અને કોંકણી, મરાઠી અને સંસ્કૃત, બંગાળી અને અંગ્રેજી, કાનડી અને અંગ્રેજી... આમ બબ્બે ભાષામાં લેખન કરનારા લેખકો હોય છે. આ પરિસ્થિતિમાં તેમનાં શક્તિસ્થાનો, મર્યાદા શૈલીવૈશિષ્ટ્ય સમાન હોય, ન હોય. આ બાબતની કારણમીમાંસા ખૂબ ઉદ્‌બોધક ઠરવાની શક્યતા છે. પોતાનો મૂળ દેશ છોડીને પરદેશમાં સ્થાયી થનારા અને ઉત્તર-આયુષ્યમાં જુદી જ ભાષામાં સાહિત્ય નિર્માણ કરનારા લેખકો પણ હોય છે. 'લોલિતા'ના લેખક નબોકોવ્હ એમાંના જ એક છે; નાટકકાર ઇયોનેસ્કો પણ. તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં આવા લેખકોની કૃતિઓનો અભ્યાસ પણ ઉપયુક્ત ઠરે છે. એક જ ભાષામાં અનેક બોલીઓ હોય છે, તેમાંની એક બોલીમાં અને તે સાથે જ પ્રમાણ ગ્રાંથિક ભાષામાં સાહિત્ય સર્જનારા સવ્યસાચી લેખકો હોય છે; દા. ત. વ્યંકટેશ માડગૂળકર, આનંદ યાદવ, ઉદ્ધવ શેળકે. પરંતુ આ લેખકોને દ્વિભાષિક કહેવા એ દૂરાન્વય ઠરે. ભાષાશાસ્ત્ર અનુસાર તે દ્વિ-બોલીક (diglossic) હોય તો પણ દ્વિભાષિક (bilingual) નથી. એક જ રાષ્ટ્રીય પરંપરાનાં બે સૂત્રોનો અભ્યાસ કરવો એ તે પરંપરાના સમ્યક દર્શનની દૃષ્ટિએ મહત્ત્વનું હોય તો પણ આ અભ્યાસ તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં આવતો નથી.

તુલના માટે લીધેલા બે કે વધુ સાહિત્યમાં ફલદાયી અથવા નોંધપાત્ર સંબંધ હોવો જોઈએ. મરાઠી અને તગાલોગ (ફિલિપાઈન્સની ભાષા) સાહિત્યની તુલનાથી સાહિત્યસમીક્ષાની દૃષ્ટિએ ઝાઝું કાંઈ મળશે નહીં; માનવવંશશાસ્ત્રોની (Anthropology–ની) દૃષ્ટિએ કદાચ મળે. પણ મરાઠી ને હિંદી, ગુજરાતી, બંગાળી વગેરે ભારતીય ભાષાઓ વચ્ચે અનુબંધ ઠીક ઠીક દૃઢ છે. એના સાહિત્યની તુલનાથી થતું ઉદ્‌બોધન ક્યારેય પણ મહત્ત્વનું ઠરે. માનવી શક્તિની મર્યાદાનું ભાન પણ રાખવું જોઈએ. એમ તો કોઈ પણ બે બાબતો વચ્ચે કાંઈ ને કાંઈ સંબંધ તો હોય છે જ.* પણ અભ્યાસક્ષેત્રો વિવેકપૂર્વક જ કરી

* Everywhere there is connection.

—Mathew Arnold

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાં જોઈએ. દક્ષિણ અમેરિકન, આફ્રિકન, અરબ, યુરોપિયન...તેમાં પણ પાશ્ચાત્ય ને સ્લાવ; અમેરિકી-યુરોપિયન; અતિપૂર્વસ્થ; ભારતીય; બૃહદ્ભારતીય; ઑસ્ટ્રેલિયન; વિશિષ્ટ દ્વીપસમૂહના એવાં સ્થૂળ જૂથ સહજ કરી શકાય. અલબત્ત જિત-જેતા સંબંધને લીધે, રાજનૈતિક નિકટતાને લીધે, બુદ્ધિપૂરઃસર સ્વીકારેલા નેતૃ-અનુયાયી-સંબંધને લીધે, સાંસ્કૃતિક પ્રભાવને લીધે દૂરસ્થ રાષ્ટ્રોના પણ અનુબંધ હોય છે. ભારતીય સાહિત્યનો ઇંગ્લિશ (હવે અમેરિકન પણ) સાહિત્ય સાથે ઘનિષ્ઠ સંબંધ છે. સાંસ્કૃતિક, રાજનૈતિક કે સાહિત્યિક પ્રભાવને લીધે ભારતીય સાહિત્યનો રશિયન, જર્મન કે ચીની સાહિત્ય સાથે પણ નિકટનો સંબંધ હોઈ શકે. વધતી જતી અવરજવરની અસરથી કદાચ જગતનાં બધાં જ રાષ્ટ્રો પરસ્પર સાથે સંબદ્ધ થાય પણ ખરાં, પણ તે વિચાર હજી તો દૂરનો છે. અત્યારે તો 'આપ્તસંબંધ' ધ્યાનમાં લઈને જ તુલનીય રાષ્ટ્રીય સાહિત્યો કયાં એ વિવેક કરવો યોગ્ય ઠરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. આદાનપ્રદાન અને મધ્યસ્થી

સાહિત્યના ક્ષેત્રમાં આદાનપ્રદાન કેવી રીતે થતું રહે છે એ જોવું મનોરંજક અને ઉદ્‌બોધક છે. આવું આદાનપ્રદાન અતિપ્રાચીન કાળથી થતું આવ્યું છે. પરંતુ આ પ્રક્રિયાનો વેગ અને પ્રમાણ, અલબત્ત, આધુનિક યુગમાં જ વધ્યાં જણાય છે. સાહિત્ય કેવળ લેખિત નથી હોતું, મૌખિક પણ હોય છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. મૌખિક સાહિત્યની પરંપરા સૈકાઓથી ટકી રહી હોય છે. લોકસાહિત્ય આ ઘટનાની પ્રતીતિ આજે પણ કરાવે છે. જુદા જુદા આદિવાસી સમાજોની કથાઓ પણ ઘણી વાર સરખી હોય છે. આ સરખાપણાનું એક સંભવિત કારણ, તેમની વચ્ચે થયેલી આપલે. આ આપલે પ્રત્યક્ષ જ થાય એવું નથી. તેમની વચ્ચે કડી જોડનારા રખડુઓ આ કામમાં ભાગ ભજવે છે. જગતની રખડુ જમાતોએ અહીંની કથાઓ ત્યાં પહોંચાડવાનું કામ ખૂબ વ્યાપક પ્રમાણમાં કર્યું છે. સર્વસામાન્યપણે જેમને 'જિપ્સી' કહે છે તે આંધ્રપ્રદેશમાંથી રાજસ્થાન-બલુચિસ્તાનના માર્ગે મધ્ય એશિયામાં, ત્યાંથી પશ્ચિમ એશિયામાં એટલું જ નહીં, પણ ઉત્તર આફ્રિકા ને દક્ષિણ યુરોપમાં ભ્રમણ કરતા રહેતા, ના, આજે પણ કરે છે. તેમની સાથે ફક્ત ઢોરઢાંખર અને માણસોનો જ પ્રવાસ થતો હતો એવું નથી; લૌકિક સમજ, સામાજિક આચાર-વિચાર, લોકગીતો, કથાકહાણીઓ, ભાષિક વિશેષ વગેરે બાબતોનીયે યાત્રા થાય છે. માનવવંશ-શાસ્ત્રની દૃષ્ટિએ આ ઘટનાનો જેટલો અભ્યાસ થયો છે, તેટલો સાહિત્યની દૃષ્ટિએ થયો નથી.

પ્રાચીન જગતમાં પણ અવરજવર માટે જમીનમાર્ગો અને દરિયાઈ માર્ગો હતા જ. 'ઈંકા' સંસ્કૃતિની શોધ પછી આ બાબત બહુ સ્પષ્ટ થઈ. પ્રાગૈતિહાસિક કાળમાં પણ, આપણી કલ્પના કરતાં વધારે આવજા થતી હતી. દક્ષિણ અમેરિકાથી ચાર હજાર માઈલ દૂરના દ્વીપસમૂહ સુધી નૌકાપ્રવાસ થતો હતો. એ **Kontiki** * સફરે સિદ્ધ કર્યું છે. પ્રાચીન કાળમાં ભારતીય ધર્મ અને તત્ત્વ-

* 'પથ્થરયુગમાં' દક્ષિણ અમેરિકાના લોકો તરાપામાં લાંબી સમુદ્રસફરો કરતા; ઈસ્ટર બેટ અને બીજા 'પૉલિનેશિઅન' બેટમાં તેમણે જ વસાહત કરી... એવો પોતાનો અંદાજ સિદ્ધ કરવા માટે થોર હેયેરદાલ નામના નોર્વેજિઅન સાહસિક સંશોધકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન જ નહીં પણ ગણિત અને વિજ્ઞાન પણ જગતમાં દૂર દૂર સુધી પહોંચ્યાના પુરાવા છે. પૂર્વ તરફ અને દક્ષિણમાં તો ભારતનું સાંસ્કૃતિક સામ્રાજ્ય ફેલાયું હતું. ભારત અને અરબસ્તાન, ભારત અને ગ્રીસ, અરબસ્તાન અને દક્ષિણ યુરોપ વચ્ચે કેવળ વેપારી સંબંધ હતા એમ માની શકાય નહીં. દક્ષિણ ભારતનાં પ્રાચીન રાજ્યોનો રોમન સામ્રાજ્ય સાથે બહુમુખી સંબંધ ચોક્કસપણે હતો. જ્ઞાત ઇતિહાસમાં ડોકિયું કરીએ તો અલેક્ઝાંડરની સવારી પછી ગ્રીક અને ભારતીય સમાજમાં અનેક ક્ષેત્રમાં આપલે થયાનું દૃશ્ય નજરે પડશે. ગ્રીક મહાકાવ્યો અને રામાયણના સંબંધ વિશે આજે પણ વિદ્વાનોમાં વાદવિવાદ ચાલુ હોય છે. બૌદ્ધ ધર્મના પ્રચાર માટે સ્વપ્રેરણાથી કે અશોક જેવા સમ્રાટની આજ્ઞાથી સેંકડો ધર્મપ્રચારકો અનેક દેશોમાં ફેલાયા. ભારતીય ધર્મ અને તત્ત્વજ્ઞાન તો તેઓ પોતાની સાથે બધે લઈ જ ગયા, પણ તેમની સાથે ગયેલી તાલપત્ર–ભૂર્જપત્રની પોથીઓએ એ કામ તેમની પછી પણ બજાવ્યું. તિબેટ, સિલોન, ચીન જેવા દેશોમાં હજી પણ અસંખ્ય પ્રાચીન હસ્તપ્રતો છે. ખુદ ઈશુ ખ્રિસ્ત લડાખમાં 'હેમિસ' ગુફામાં આઠ વર્ષ રહ્યા અને ત્યાં જ તેમણે પોતાના ધર્મવિચાર નિશ્ચિત કર્યા, એવી એક માન્યતા છે. (જો કે આ બાબત હજી પુરાવાથી સિદ્ધ થઈ નથી.) 'સીરિયન ખ્રિશ્ચન્સ' નામથી ઓળખાતા કેરળના લોકો ધર્મપ્રચાર માટે જ ઇસવી સનના ત્રીજા શતકમાં આવ્યા હશે. ભારતીય કિનારા પર શરણાર્થી તરીકે આશ્રય લેનાર પારસી અને જ્યુ લોકોએ પોતાના વિચારો ભારતીય ભૂમિમાં વાવ્યા હશે, ભારતીય વાતાવરણમાં છોડી દીધા હશે, અને ભારતીય હવામાન બદલ્યું પણ હશે એ સ્પષ્ટ છે. બૌધ્ધ ધર્મ ભારતની બહાર જે જે રાષ્ટ્રમાં ગયો તે તે રાષ્ટ્રમાં તેના મૂળ સ્વરૂપમાં ફેરફાર થયા છે. આ જ ન્યાયે ભારતમાં આવેલા બીજા ધર્મોમાં કંઈક ફેરફાર થાય એ સ્વાભાવિક જ છે.

આ રીતે પ્રાચીન કાળના ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક આદાનપ્રદાનનો ઇતિહાસ જોઈએ તો અવરજવર ઓછી હોવા છતાંયે આ આદાનપ્રદાન પુષ્કળ થયું હોવાની પ્રતીતિ થાય છે. આજે કોઈ પણ સંસ્કૃતિ કે જીવનસરણી વાંશિક દૃષ્ટિએ વિશુધ્ધ રહી નથી. બધાંના સ્વરૂપમાં અત્યંત સંમિશ્રતા છે. ક્રિયાપ્રતિ-

---

આવી સફર જાતે કરવાનું નક્કી કર્યું. જંગલમાંથી વૃક્ષો કાપીને, તે કિનારા પર લાવીને, તેનો તરાપો બાંધીને, આ બહાદુરે બીજા પાંચ સાક્ષીદારો સાથે પેરુથી ઇસ્ટર આયલંડની ચાર હજાર માઈલની સફર પાર પાડી. તે જ પ્રસિધ્ધ કોન્-ટિકી સફર, પ્રાચીન કાળમાં લાંબા અંતરની અવરજવર હતી એ સિધ્ધ કરનારી. જુઓ — The Kontiki Expedition, Thor Heyerdahl, George Allen and Unwin Ltd.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાની આ દીર્ઘકાલીન પ્રક્રિયામાં વૈચારિક અને સાહિત્યિક આદાનપ્રદાન પણ ગૃહિત ધરવું જોઈએ. આજે તેની બધી જ નિશાનીઓ સ્પષ્ટપણે દેખાશે એવું નથી. આ ભૂગોલ પર જે રીતે વ્યાપારી માર્ગ અસ્તિત્વમાં હતા, તે જ રીતે સાંસ્કૃતિક વિશિષ્ટતાઓનું વહન કરતા માર્ગ પણ હતા.* કેવળ જિજ્ઞાસાથી પ્રાચીન કાળમાં મેગેસ્થેનિસ અને મધ્યયુગમાં માર્કો પોલો જેવા પ્રવાસીઓએ કેટલી ભૂમિ પગ નીચેથી પસાર કરી. પોતાની ધર્મભૂમિના દર્શન માટે આવેલા ઇત્સિંગ, ફાહિયાન, હ્યુ-એન-ત્સંગ જેવા કેટલાયે પ્રવાસીઓએ બહુ ઉઘાડી આંખે જગત જોયું અને ધર્મસાહિત્યની આપલે તો ચોક્કસ જ કરી. ભ્રમર અને પતંગિયાની જેમ એમના પગ દ્વારા કેટલાયે પરાગોનો પરસ્પર સંપર્ક સધાયો હશે એની આજે આપણે કલ્પના કરી શકીએ છીએ.

ભિક્ષુ, રખડુ પ્રવાસી, વેપારી વગેરે દ્વારા આ પ્રકારનું જે કામ થયું તે તેમણે સભાનતાપૂર્વક કર્યું, એમ નહીં કહી શકાય. તેમ જ સાહિત્યની વિશેષતાઓની તેમને સમજ હતી અથવા આદાનપ્રદાનથી સાંસ્કૃતિક સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે એનીયે તેમને સભાનતા હતી એવું નથી. મધ્યયુગમાં યુરોપીય રાષ્ટ્રોને પાંખો ફૂટ્યા પછી આદાનપ્રદાનનો વેગ તો વધ્યો જ, પણ તે કામ સભાનતાપૂર્વક, વધુ સમજદારીથી થવા માંડ્યું.

---

* "If you look at the map of Europe that is before you you can see the great travel routes of thought and literature swinging northwards from the mediterranean -Egypt to Greece; Palestine to Greece; Greece to Sicily; Sicily northwards to Rome. In Rome the eddy circles for a while, and then, by some queer trick goes underground to rise again in Constantinople, which preserves, miraculously, what is left of both Roman and Hellenic civilizations. Constantinople in its turn falls to the Turkish invaders, and current follows the trade route up the Adriatic to north Italy, to found there the classical humanism which is to determine by the large, the thought of Europe for the next four hundred years, From North Italy is goes up the Rhone Valley, the traditional highway for culture, or trade, or war, to Paris : spreading as it goes, both east and west. And here it is joined by a wide circling current, which has flowed from Arabia and Egypt, through Morocco, across the straits to Spain and thus across into France, into North Italy."

—The Apple and the Spectroscope, T. R. Henn, London 1951.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા પ્રકરણમાં આ વસ્તુસ્થિતિની નોંધ લીધી જ છે. અહીં તો, આદાનપ્રદાનના વાહકો કોણ કોણ હોય છે એ જ આપણે જોવાનું છે. ઓગણીસમા શતકથી આજ સુધી આ પ્રક્રિયામાં ફાળો આપનાર જુદા જુદા વ્યવસાયી આપણે જોઈ શકીએ છીએ. તેમાંના કેટલાકને સાહિત્ય-સંસ્કૃતિ સાથે પ્રત્યક્ષ સંબંધ પણ ન હોવાનું જણાશે. દા. ત. રાજકીય મુત્સદ્દી અને રાજ્યકારભાર માટે બીજા દેશોમાં ગયેલા અધિકારી; જિતાયેલા રાષ્ટ્રના સાહિત્યની માથાફોડમાં તેઓ પડ્યા તે કેવળ કુતૂહલને લીધે, જિજ્ઞાસાને લીધે અથવા એક સારા શોખ તરીકે. આ કામ તેમણે કર્યું ન હોત તો તેમની પાસે કોઈએ જવાબ માગ્યો ન હોત. મોગલ કાળના મુલ્લામૌલવી, અરબી-ફારસી ભાષાના જાણકાર, લેખક અને કવિ વગેરેમાંથી પણ કેટલાકે આ પ્રકારનું કામ કર્યું છે; પણ તેમની નિમણૂક વિશિષ્ટ હેતુથી કરેલી હોય છે. અંગ્રેજ, ડચ, ફ્રેંચ મુત્સદ્દીઓ અને અધિકારીઓનું તેમ નથી. રાજકાજ કરતાં કરતાં જ તેમણે ધર્મ, તત્ત્વજ્ઞાન, ભાષા, સાહિત્ય વગેરેમાં રસ દાખવ્યો એ વિશેષ છે. અહીં ખ્રિશ્ચન ધર્મોપદેશકોનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. ધર્મપ્રચારની સાથે જ તેમણે લોકજીવનનાં અનેક પાસાંઓનો પણ અભ્યાસ કર્યો. તેમનામાંથી કેટલાકે કોશ તૈયાર કર્યા, કોઈકે વ્યાકરણ રચ્યાં, કોઈ કોઈએ સાહિત્ય પણ રચ્યું. ફાધર સ્ટીવન્સનું 'ખ્રિસ્તપુરાણ' આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. ખ્રિશ્ચન પુરાકથા (Myths) અને સંતચરિત્રોને મરાઠી પુરાણોનો ઓપ ચડાવવામાં તે ખૂબ સફળ થયો છે.

આપણા દેશમાં મૌલિક પરંપરાથી લોકાનુરંજન કરનારા જુદાજુદા પ્રકારના કલાકારો પુરાતન કાળથી છે. તેમાં કોઈક ધાર્મિક-સામાજિક દૃષ્ટિએ પ્રવચન કરનારા, કોઈ નીતિકથાઓની મદદથી લોકોપદેશ કરનારા, તો કોઈ વીરોની કથા પોવાડા ગાઈને સમાજની વીરવૃત્તિ જાગૃત કરનારા છે; કુશીલવ, સૂત, ચારણ, ભાટ, 'શાહીર', 'ગોંધળી', 'ચિત્રકથી', 'ડૌરી', 'ભરાડી', પુરાણિક, કીર્તનકાર, 'ખેળિયા'. બહુરૂપી, 'સોંગાડી', નટ, 'ભાંડ' વગેરે તેમના અનેક પ્રકાર છે. એકનાથી 'ભારૂડ'માં તેમાંના ઘણા અવતાર વર્ણવાયા છે. આ બધાનો નિર્વાહ ખેતી કરતાં, ખેડૂતોની ઉદારતા પર જ થતો હોવાથી તેઓ સતત ગામેગામ ફરતા હોય છે. તેમનામાંના કેટલાક વાચનસમૃદ્ધ કે બહુશ્રુત હોવાને લીધે તેમની દ્વારા શાસ્ત્રજ્ઞાન, ઇતિહાસ, પુરાણ બધું જ ફેલાતું હોય છે. તેઓ ઘણુંખરું એકભાષી હોય તોયે તેમની વચ્ચે આપલે થતી જ નહીં એવું નથી. કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્રનાં લાવણી, પોવાડે જેવાં સ્વરૂપોના સાહિત્યમાં આદાનપ્રદાનનાં ચિહ્નો જણાય છે. આવું જ આદાનપ્રદાન માળવા, બુંદેલખંડ, ગુજરાત, રાજસ્થાન, પંજાબ, રોહિલખંડ વગેરે ભાગોમાં થયેલું જણાશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા ગૌડબંગાળમાં એટલે કે બિહાર, બંગાળ, ઓરિસા આસામ—આ ક્ષેત્રોમાં જણાશે. વીરગાથા, શૃંગારિક ગીતો, સાંપ્રદાયિક ગીતો, ભક્તિ-ગીતોના ક્ષેત્રમાં વિનિમયને ઘણો જ અવકાશ હતો. આધુનિક કાળમાં આ યાદીમાં નાટકમંડળીઓનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ સ્વાભાવિકપણે જ નાટકમંડળીઓ ફરતી હોય છે. હાલમાં તો ઘણી વાર તેઓ પરદેશ જાય છે. નાટ્યકલાની વિશિષ્ટતાઓને લીધે મોટી સંખ્યામાં લોકો નાટક પ્રત્યે આકર્ષાય છે. શેકસપિયરનાં નાટકો યુરોપમાં પહોંચાડવામાં નટજુથો અને નાટકમંડળી-ઓનો બહુ મોટો ફાળો છે. શેકસપિયર જર્મનીમાં પ્રિય થયો અને ફ્રાન્સમાં પણ રોમૅંટિક સંપ્રદાયમાં તેનાં નાટકોને ખૂબ પ્રતિસાદ મળ્યો તેનું શ્રેય આવી નાટકમંડળીઓને બહુ મોટા પ્રમાણમાં આપવું જોઈએ. શેકસપિરિયન નાટકમંડળીઓ ભારતમાં પણ આવે છે એ આપણે જોઈએ છીએ. લગભગ બસો વર્ષ પહેલાં તંજારના મરાઠી રાજ્યમાં દક્ષિણ તરફની નૃત્યકલા, 'કુરવંજી' નામક નાટ્યપ્રકાર અને મહારાષ્ટ્રના 'દશાવતાર', 'લળીત' જેવા ખેલનો મેળાપ થયો. કર્ણાટકમાંથી આવેલી નાટકમંડળીઓને લીધે કાનડી નાટકોનો પરિચય થયો ને ઓગણીસમા શતકના મધ્યકાળમાં મરાઠી રંગભૂમિ પર પૌરાણિક નાટકો અવતર્યાં. તો આંધ્રમાં નાટ્યલેખનની પ્રેરણા મરાઠી નાટકોના પ્રયોગોથી મળી છે. એ હકીકત તેલુગુ સાહિત્યના ઇતિહાસમાં નોંધાયેલી છે. મુંબઈ શહેરમાં બહુભાષી નાટકમંડળીઓની પરસ્પર અસર થઈ છે એ મરાઠી, ગુજરાતી, ઉર્દૂ, પારસી રંગભૂમિના ઇતિહાસ પરથી જણાશે. આધુનિક કાળમાં પણ ગ્રંથ અને ગ્રંથકાર કરતાં બંગાળી નાટકોના પ્રયોગ કરનારી નાટકમંડળીઓએ બંગાળી નાટ્યસાહિત્ય પ્રત્યે વધારે પ્રેમ નિર્માણ કર્યો છે. દિલ્હીમાં પ્રયોગ કરનારી મરાઠી નટમંડળીએ મરાઠી નાટકોનો પરિચય અખિલ ભારતીય સ્તર પર કરાવ્યો છે. સારાંશ, હજી આજે પણ સાહિત્યવિનિમયના કામમાં નાટકમંડળીઓનો બહુ ઉપયોગ થતો હોવાનું આપણે જોઈએ છીએ. હવે તેમાં ચિત્રપટ, આકાશવાણી અને દૂરદર્શનનો ઉમેરો થવાથી પરસ્પર વિનિમયને અભૂતપૂર્વ વેગ પ્રાપ્ત થશે. છેલ્લાં પચ્ચીસ વર્ષમાં જ આ માધ્યમોને લીધે ભારતમાં થયેલા આદાનપ્રદાનનું પ્રમાણ ઘણું મોટું છે. ટોલસ્ટોયની 'એના કેરેનિના', 'વૉર ઍંડ પીસ' જેવી વિરાટ નવલકથાઓ હજારો લોકોને પરિચિત થઈ છે તે ચિત્રપટને લીધે. જગતની ઉત્તમોત્તમ નવલકથાઓ, નાટકો વગેરેનો પરિચય આ નવાં માધ્યમો દ્વારા સહજતાથી થતો હોવાથી સાહિત્યિક આદાનપ્રદાનનો વેગ ખૂબ વધ્યો છે. આ માધ્યમો ન હોત તો જાપાન, ઈટલી, પૂર્વ યુરોપીય રાષ્ટ્રોના સાહિત્યનો પરિચય આપણને થયો ન હોત.

સાહિત્યિક વિનિમયમાં ક્યારેક ક્યારેક સાહિત્યેતર કલાઓ ઉમેરો કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. શિલ્પ, ચિત્ર, સંગીત વગેરે કલાઓ દ્વારા વિશિષ્ટ વિચાર પણ સંક્રમિત કરાય છે. સાહિત્યમાં અંતર્ગત રહેલા અનેક વાદ ઘણી વાર ચિત્રકલાના નવા નવા પ્રવાહો સાથે જોડાયેલા હોય છે. 'ઇંપ્રેશનિઝમ', 'એક્સપ્રેશનિઝમ', 'ક્યુબિઝમ', 'સિમ્બોલિઝમ', 'સરરિયાલિઝમ', વગેરે વિભાવના અને તેમના અનુરોધે ઘડાયેલી ચિત્રકલાક્ષેત્રની ઉથલપાથલ નજર સામે લાવીએ તો તેમની સાહિત્ય પર થયેલી અસર આપણને સહજ દેખાવા માંડે છે. અહીં બીજી કળાઓ અને સાહિત્ય વચ્ચેનો સંબંધ તપાસવો પ્રસ્તુત નથી. પણ એક વાત સાચી કે કોઈ કોઈ વાર દૃશ્યકલાના નવા પ્રવાહો એક દેશમાંથી બીજા દેશમાં વહેતા રહે છે અને તે ત્યાંના સાહિત્ય પર અસર કરે છે. અનેક દેશોના સાહિત્યિક મૂર્તિભંજનમાં 'દાદાઈઝમે' ફાળો આપ્યો છે. દાદાઈઝમમાં અનુસ્યૂત રહેલી વૃત્તિ પહેલાં અતિવાસ્તવવાદી (સરરિયાલિસ્ટ) ચિત્રકલામાં પ્રગટ થઈ છે. નવચિત્રકલા અને નવસાહિત્યનો સંબંધ આવો જ નિકટવર્તી છે. પિકાસો જેવા નવચિત્રકારે સાહિત્યમાં પણ વિરૂપ, વિકટ (grotesque) પ્રવાહ નિર્માણ કરવામાં મદદ કરી છે. સાહિત્યેતર કલા સાહિત્યના વિનિમયમાં મદદ કરે છે એ સ્પષ્ટ જ છે. ચિત્રકલા જેવી દૃશ્યકલા ભાષિક મર્યાદાથી બધ્ધ ન હોવાથી, તેની ભાષા વૈશ્વિક હોવાથી, આયાસ વગર વિનિમય કરવો તેને માટે સરળ હોય છે.

વેપારઉદ્યોગને કારણે સંપન્ન થયેલાં શહેરો ઘણુંખરું બહુરંગી થયેલાં આપણે જોઈએ છીએ. આ શહેરોમાં વિવિધ ભાષિક સમાજ વસવા આવે છે. ક્યારેક કોઈક શહેરને વિદ્યાનું ધામ થવાનું માન પણ મળે છે. આવા શહેરમાં પણ બહુભાષિક વસ્તી જોવા મળે છે. સહજપણે જ તે આંતરપ્રદેશીય કે આંતરરાષ્ટ્રીય આપલેનાં કેન્દ્રો ઠરે છે. પેરિસ, લંડન, ન્યુયોર્ક વગેરે શહેર જાગતિક મહત્ત્વનાં વિનિમય કેન્દ્રો જ છે. સ્વિત્ઝર્લેંડ દેશ ત્રણ સાહિત્યનું સંગમક્ષેત્ર છે. આપણા દેશમાં દિલ્હી, કલકત્તા, મુંબઈ, બેંગલોર, હૈદ્રાબાદ વગેરે કેટલાંક શહેરોને ઐતિહાસિક, રાજકીય અથવા સાંસ્કૃતિક કારણોને લીધે બહુભાષિક કેન્દ્રનું સ્વરૂપ પ્રાપ્ત થયું છે. કોઈ કોઈ વાર આવાં કેન્દ્રોમાં દ્વેષ વધવાની શક્યતા જણાય છે. પરંતુ વિવેક અને જિજ્ઞાસાથી પ્રેરાયેલા લોકો આવાં કેન્દ્રોમાં સાહિત્યિક આદાનપ્રદાન વધારી શકે. તે વધારવાનો કોઈ ખાસ પ્રયત્ન ન કરે તો પણ દ્વિભાષિક અથવા બહુભાષિક શહેરમાં એ કાર્ય આપોઆપ પણ થતું હોય છે. દા. ત. વડોદરા જેવા શહેરમાં મરાઠી અને ગુજરાતી સાહિત્યનો પરસ્પર વિનિમય સ્વાભાવિકપણે જ થઈ શકે. આવા જ પ્રકારનો સ્વાભાવિક વિનિમય હિંદી અને ઉર્દૂ, કાનડી અને તેલુગુ, કાનડી અને મરાઠી વગેરે દ્વિભાષિક પ્રદેશમાં થઈ શકે. સીમાપ્રદેશ રાજકીય કારણોને લીધે કુરુક્ષેત્ર બને છે; સાંસ્કૃતિક કાર્યો માટે ધર્મક્ષેત્ર માનવામાં પણ વાંધો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર રજૂ કરેલા બધા વાહકામાં મહત્ત્વના વાહકનો વિચાર હવે કરવાનો છે. સાહિત્યિક આદાનપ્રદાનનું કામ સભાનપણે અને હેતુપૂર્વક કરનાર વ્યક્તિ અને સંસ્થાનું આ ક્ષેત્રમાં અનન્યસાધારણ મહત્ત્વ છે. આંતરરાષ્ટ્રીય સાહિત્ય-વિનિમયને સમર્પિત એવી PEN જેવી સંસ્થા છેલ્લાં અનેક વર્ષોથી પોતાનું કામ સાતત્યથી કરે છે. બીજા મહાયુદ્ધ પછી અસ્તિત્વમાં આવેલી 'યુનેસ્કો' સંઘટનાએ આદાનપ્રદાનના ક્ષેત્રમાં ઉમેરો કરતી કામગીરી બજાવી છે. તુકારામ કે કબીર જેવા સંતોનું સાહિત્ય દુનિયાભરમાં પહોંચાડવાનું કામ યુનેસ્કોને લીધે જ શકય થયું. આપણા દેશમાં પણ વિશ્વભારતી, આંતરભારતી, ભારતીય વિદ્યા-ભવન, દક્ષિણ ભારતીય ભાષાઓનું ગ્રંથપ્રતિષ્ઠાન (Southern Languages Book Trust), સાહિત્ય અકાદમી, નેશનલ બુક ટ્રસ્ટ જેવી સંસ્થાઓ, આદાન-પ્રદાનના કાર્યમાં નિષ્ઠાપૂર્વક સહભાગી થઈ છે. આ ઉપરાંત અનેક પ્રકાશન-સંસ્થાઓ, સામયિકો અને કયારેક મુદ્રણાલયો પણ ધ્યેયવાદી વૃત્તિથી આ કામ કરતા હોય છે. આમાંની બધી સંસ્થા કે સંઘટના એક જ ઉદ્દેશથી પ્રેરિત થઈ હશે એવું નથી. તો પણ તે બધાંના કાર્યથી એક મહાન સાંસ્કૃતિક પ્રક્રિયાને આકાર મળતો જાય છે. આવી સંસ્થાઓને કોઈક ચૈતન્યપૂર્ણ વ્યક્તિત્વ અને તે પણ નિરામય સાહિત્યિક દૃષ્ટિવાળું મળે તો આ કામનું મૂલ્ય અનેકગણું થયા વગર રહે નહીં. અન્યપ્રદેશીય સાહિત્ય અને સાહિત્યિકના સ્વરૂપ અને ગુણવત્તા વિશે જેની પાસે યોગ્ય નિકષથી પારખવાની દૃષ્ટિ છે, સાહિત્યિક મહત્તા વિશે સભાન છે, પોતાના સાહિત્યનાંયે ઉચ્ચનીચ સ્થાનો જેને સમજાય છે, અને પોતાના સાહિત્યનો વિકાસ થવામાં શાની મદદ આવશ્યક છે, એ જેને સમજાય છે એવી વ્યક્તિ મન પર લે તો જ ઉપર્યુક્ત સંસ્થા કે સંઘટના દીર્ઘકાલ ઉપયુક્ત કામગીરી કરી શકે. આવી વ્યક્તિ પોતે પ્રતિભાશાળી લેખક હોય તો વધુ સારું. પાશ્ચાત્ય સાહિત્યમાં આ દૃષ્ટિએ કામગીરી કરનારા અનેક મહાન લેખક થઈ ગયા. આ સંદર્ભામાં ડ્રાયડન, યેટ્સ, એઝ્રા પાઉંડ, વૉલ્ટ વ્હિટમન ઇમર્સન વગેરે નામનો ઉલ્લેખ કરી શકાય. રવીન્દ્રનાથ ટાગોર, સાને ગુરુજી જેવાં આપણાં નામો પણ અહીં સહજ યાદ આવે છે. ખરેખર તો સંસ્થાઓ પણ ઊભી થાય છે તે વ્યકિતના ધ્યેયવાદને, કલ્પનાને સાકાર કરવા માટે. સાહિત્ય માટે ખૂબ જ પ્રેમ, પ્રતિભા માટે નિતાંત આદર, સાંસ્કૃતિક સમૃદ્ધિ બદ્દલ અનિવાર આકર્ષણ, અદમ્ય ઉત્સાહ, સંવેદનશીલતા વગેરે ગુણોથી પરિપૂર્ણ હોય એવી વ્યક્તિની જ પહેલાં તો આવશ્યકતા હોય છે. આવી વ્યક્તિનું અસ્તિત્વ એટલે તે તે પ્રદેશની સાંસ્કૃતિક શ્રીમંતાઈ માપવાનો એક માનદંડ જ છે. ભારતમાં પણ જુદાજુદા પ્રાંતમાં પોતપોતાની ભાષામાં ખૂબ મોટી કામગીરી કરનારા જે લેખકો છે તેમનો પોતપોતાના ભાષિક સમાજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય કરાવવો અત્યંત આવશ્યક છે. કેવળ વિશિષ્ટ લેખકોનો જ પરિચય નહીં પણ નોંધપાત્ર સાહિત્યપ્રવૃત્તિઓ, સાહિત્યિક આંદોલનો નવનિર્મિતિ, અને એકંદર સાહિત્ય-વ્યવહારનો પણ પરિચય કરાવવો આવશ્યક છે. આ કરવું હોય તો સંકુચિત ભાષાભિમાન છોડવું જરૂરી છે. આ કામમાં પ્રખર વિદ્વાનો કંઈક પ્રમાણમાં મદદ કરે પણ છે. પણ ઘણી વાર એવા વિદ્વાનો ભાષિક (linguistic) કે સામાજિક, સાંસ્કૃતિક અથવા માનવવંશશાસ્ત્રીય અભ્યાસના ઉદ્દેશથી કાર્ય-પ્રવૃત્ત થાય છે ભારતીય વિદ્યાના (Inolology ના) ક્ષેત્રમાં તો આવો અ-સાહિત્યક ઉદ્દેશ વારંવાર પ્રતીત થાય છે. પ્રસ્તુત વિષયની દૃષ્ટિએ જરૂર છે તે સાહિત્યકારોની અને સાહિત્યિક દૃષ્ટિની.

હજી સુધી આદાનપ્રદાનના કાર્યના સૌથી મોટા ઘટકનો નિર્દેશ થયો જ નથી. તે ઘટક છે અનુવાદક. તેના સહકાર્ય સિવાય કાઈ પણ આદાનપ્રદાન મર્યાદિત રહે. પોતાના સાહિત્ય સિવાય અન્ય સાહિત્યનો પરિચય અત્યાવસ્યક લાગવો એ આપણી એટલે કે બધા વાચકોની મૂળભૂત આવસ્યક્તા માનીએ તો તે પૂર્ણ કરવાનો શ્રેષ્ઠ માર્ગ કયો ? તે તે સાહિત્ય મૂળમાં જ આસ્વાદવું તે તો સૌથી વધુ લાભદાયક; પરંતુ એ અશક્યવત્ પણ છે. જાગતિક સંદર્ભમાં વાત કરીએ તો ચીની, જાપાની, રશિયન, જર્મન, ફ્રેંચ સ્પેનિશ, ઇટાલિયન વગેરે ભાષાનું જ્ઞાન સાહિત્યાસ્વાદ માણી શકાય એટલું વધારવું અને પછી સાહિત્યા-સ્વાદ માણવો એ એક જિંદગીમાં તો કોઈનેય શક્ય ન થાય. ભારતીય ચોકઠામાં રહીને વિચાર કરીએ તો પણ આપણી મજલ બેચાર ભાષાથી આગળ જઈ શકે એ સંભવિત નથી. તેથી 'ભાષાજ્ઞાન પછી સાહિત્યાસ્વાદ' એ ક્રમનો આપણને કાઈ ઉપયોગ નથી. અનુવાદની મધ્યસ્થી વગર આપણું નભે નહીં. 'અનુવાદ-માધ્યમ દ્વારા સાહિત્યાસ્વાદ' નો જ માર્ગ સ્વીકારવો પડે. આ દૃષ્ટિએ જોઈએ તો હવે પછી સાહિત્યિક આદાનપ્રદાનનાં ચક્રો અનુવાદક નામની ધરી પર ફરતાં રહેશે એમ સસજી લેવું જોઈએ. સમર્થ અનુવાદક જે બધાં મધ્યસ્થનો રાજા છે. તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં તેનું સ્થાન સર્વોચ્ચ મહત્ત્વનું છે. તેના કાર્ય વિશે સ્વતંત્રપણે જ વિચાર કરવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. અનુવાદના પ્રકાર અને મહત્ત્વ

તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં ઘણી વાર અનુવાદ પર આધાર રાખવો પડે છે એ બાબતનો ડર રાખીને અનુવાદ પર આધારિત અભ્યાસ અને અભ્યાસીને કેટલાક વિવેચકો દોષ દે છે. પરંતુ આધુનિક યુગમાં સાહિત્ય-નિર્મિતિક્ષમ ભાષાઓની સંખ્યા ઘણી મોટી છે, તેમાં નિર્માણ થતું સાહિત્ય વિપુલ છે અને આપણી જાણકારી સમૃદ્ધ કરવા માટે આમાંની અનેક ભાષાઓ-માંની સાહિત્યકૃતિઓ આપણે માટે બહુ ઉપયોગી થઈ પડે તેમ છે, એ કારણો ધ્યાનમાં લઈએ તો અનુવાદનો આધાર લીધા વિના બીજો કોઈ વિકલ્પ નથી એમ માન્ય કરવું પડે છે. મૂળકૃતિનો આસ્વાદ લેવો જ્યારે શક્ય ન હોય ત્યારે અનુવાદ જ ઉપયોગી ઠરે છે. અનુવાદ પણ ઉપલબ્ધ ન હોય તો મૂળ કૃતિનો સંક્ષેપ, તેના પરનાં ટીકા-ટિપ્પણ, તેને આધારે કરાયેલું બીજું લેખન વગેરે ગૌણ વિકલ્પો બાકી રહે છે. કોઈ એક શ્રેષ્ઠ કલાકૃતિ વિષે સંપૂર્ણ અજ્ઞાન હોય તેના કરતાં તેના વિષે ઉપલબ્ધ થતો અલ્પ પરિચય પણ ચાલે. આવા અલ્પ પરિચય કરતાં તે સાહિત્યકૃતિનો સંક્ષેપ અને તેના સંબંધી વિવેચન વાંચવું વધારે ઉપયોગી છે. તેના કરતાં વધારે સારો માર્ગ અનુવાદનો. અને તેના કરતાં પણ ઉત્તમ માર્ગ એટલે મૂળ કૃતિનો જ આસ્વાદ. આ પ્રમાણે ચઢતી ભાંજણી રજૂ કરી શકાય.

આદર્શ અનુવાદની ચર્ચા માટે આજ સુધી પુષ્કળ લખાયું છે અને લખાઈ રહ્યું છે. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરે ગઈ સદીમાં 'ભાષાંતર' નામે નિબંધ લખ્યો ત્યારથી માંડીને આજ સુધી આપણે આ વિષયની ચર્ચા કરીએ છીએ. સંસ્કૃતમાં 'ભાષાંતર' શબ્દ મળતો નથી એવું શાસ્ત્રીજીનું અવલોકન ખૂબ મહત્ત્વનું છે. પણ શાસ્ત્રીજીએ તેનું જે કારણ આપ્યું છે તે ભૂલભરેલું છે. શાસ્ત્રીજી લખે છે—'તે સમયે આજુબાજુનાં રાષ્ટ્રો આપણા આર્ય લોકો કરતાં બહુ ઓછા જ્ઞાનસંપન્ન હતા, તેથી તેમના ગ્રંથોનાં ભાષાંતરો સંસ્કૃતમાં થાય એવો યોગ ક્યારેય આવ્યો નહિ'. આ વિધાન થોડું અહંકારી અને તેના કરતાં પણ ખરાબ એટલે કે અજ્ઞાનમૂલક છે. જગતમાં અન્યત્ર ચાલતી વૈચારિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિષે જાણવાની બુદ્ધિ આપણને નહોતી, કોઈને જ નહોતી, એ તેનું ખરું કારણ છે. પણ હવે જગતમાં એટલું જલદી પરિવર્તન આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું છે અને જુદા જુદા દેશો એટલી ઝડપથી નજીક આવી રહ્યા છે કે અનેકભાષી થયા વિના બીજો કોઈ માર્ગ જ બધા માટે રહેવાનો નથી. પણ અનેકભાષી થવાની પણ એક મર્યાદા છે. તેથી ચારેબાજુના દેશોના સાહિત્ય-સંસ્કૃતિના જ્ઞાન અને આસ્વાદની જરૂરિયાત પૂરી કરવા માટે દિવસે દિવસે અનુવાદ અને અનુવાદકનું મહત્ત્વ વધતું જ જવાનું છે તે સ્પષ્ટ છે.

ઉત્કૃષ્ટ ભાષાંતરકાર માટે ભાષાંતરિત કૃતિ જે ભાષામાં હોય તેનું અને ભાષાંતર જે ભાષામાં કરવાનું હોય તેનું—એમ બન્ને ભાષાઓનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ, એ વિષ્ણુશાસ્ત્રીનું કહેવું યોગ્ય જ છે. આ બાબતમાં રહેલી મુશ્કેલીઓનો તેમને પૂરેપૂરો ખ્યાલ છે. ભાષા-ભાષાઓ વચ્ચે અનેક પ્રકારના તફાવત હોય છે એ તેમણે વિગતવાર જણાવ્યું છે. "કેટલીક ભાષાઓમાં સંસ્કૃતની જેમ શબ્દસાધનાની પુષ્કળ સગવડ હોય છે. એટલે એક શબ્દ પરથી જુદા જુદા અર્થોના વાચક એવા શબ્દો જોઈએ તેટલા બનાવી શકાય છે; કેટલીક ભાષાઓમાં આવી સગવડ બહુ થોડી હોય છે; કેટલીક ભાષાઓમાં એવી કેટલીક કલ્પનાઓ હોય છે જે બીજી ભાષાઓમાં વ્યક્ત કરી જ શકાતી નથી; કે પછી તેનો સામાન્ય ખ્યાલ જ આપી શકાય છે. આ ઉપરાંત શબ્દોનાં મૃદુત્વ, સૌંદર્ય, લાલિત્ય વગેરે બાબતો, વાક્યરચનાની રીત, ભાષાપદ્ધતિની શૈલી વગેરે પણ બીજા અનેક ભેદ હોય છે." ભાષાંતરકારની યોગ્યતા વિષેની અપેક્ષા વ્યક્ત કરીને પછી ભાષાંતરકાર મૂળ ગ્રંથકાર સાથે સમવૃત્તિ હોવો જોઈએ એ પણ મહત્ત્વની બાબત તેમણે જણાવી છે.

શાસ્ત્રીય સાહિત્ય કરતાં લલિત સાહિત્યનું ભાષાંતર વધારે મુશ્કેલ હોય છે. એનો ખ્યાલ પણ વિષ્ણુશાસ્ત્રીને છે. તેમાં પણ વિનોદ, કવિતા વગેરેના ભાષાંતરોમાં ખૂબ મુશ્કેલીઓ ઊભી થાય છે એ પણ તેમણે સિદ્ધ કર્યું છે. ભાષાંતરમાં સંબંધિત બન્ને ભાષાઓ જો એક જ કુળની હોય તો ભાષાંતર કરવું સહેલું પડે છે. સંસ્કૃત-મરાઠી, લૅટિન-ઈટાલિયન વગેરે ઉદાહરણોની મદદથી આ વિચાર તેમણે સિદ્ધ કર્યો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ભાષાંતરમાં ત્રુટી કેવળ ભાષાંતરકારને કારણે નિર્માણ થાય છે એવું નથી, દરેક ભાષાને પોતાનાં સ્વતંત્ર વૈશિષ્ટ્યો અને લઢણ હોય છે તેથી કોઈપણ ભાષાંતરમાં ત્રુટિ રહે તે અપરિહાર્ય જ છે, એ વસ્તુસ્થિતિનો વિષ્ણુશાસ્ત્રીએ યોગ્ય નિર્દેશ કર્યો છે.

પ્રાકૃત-સંસ્કૃત ભાષાંતર માટે સંસ્કૃતમાં 'છાયા' શબ્દ વાપરતા હતા. આ શબ્દ ખરેખર સમર્પક છે. વસ્તુ અને છાયા, બિંબ અને પ્રતિબિંબ એ વચ્ચેનો તફાવત ધ્યાનમાં રાખવો જોઈએ. અનુવાદને, ચિતારાએ રંગેલા રંગીન ચિત્રનો છાયાપ્રકાશી (black and white) ફોટો કહેવામાં આવે છે એ ઇશારો પણ ધ્યાનમાં રાખવા જેવો છે. પણ કોઈ કોઈ વાર માણસના ખરા રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં તેનું ફોટામાંનું રૂપ વધારે વેધક લાગે છે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ! એટલે કે મૂળ કૃતિ કરતાં અનુવાદ સરસ થવાનું સંભવિત જોખમ પણ નકારી શકાય તેમ નથી! મૂળ કૃતિ કરતાં અનુવાદ મોટે ભાગે ફિક્કો હોય છે. કોઈક વાર વધારે ઉડાવદાર હોય છે. આ અનિવાર્ય ક્ષતિનો ખ્યાલ રાખ્યા બાદ અનુવાદનાં સ્વરૂપો વિષે, પ્રકારો વિષે વધારે ચર્ચા કરવી જોઈએ.

આપણે ભાષાંતર, અનુવાદ, રૂપાંતર એવા શબ્દો વ્યવહારમાં શિથિલપણે વાપરીએ છીએ. અંગ્રેજી કવિ અને વિવેચક ડ્રાયડને શબ્દશઃ ભાષાંતર (metaphrase), આશયાનુગામી ભાષાંતર (paraphrase) અને અનુકૃતિરૂપ ભાષાંતર (imitation) એવા આ કામના ત્રણ પ્રકારો કલ્પ્યા છે. * શાસ્ત્રીય ગ્રંથોનું શબ્દશઃ ભાષાંતર કરવું જ યોગ્ય થાય. તેમાં શબ્દસૌંદર્ય કે અર્થસૌંદર્યનું મહત્ત્વ નથી હોતું. મૂળ અર્થને ચોક્કસપણે અને યથાર્થ રીતે પ્રગટ કરવો એની જ ત્યાં અપેક્ષા હોય છે. શાસ્ત્રીય વિષયોમાં પછાત સમાજ આગળ વધેલા સમાજ પાસેથી વિજ્ઞાનગ્રંથોનું ઋણ સ્વીકારે છે, આવે વખતે પરિભાષાનો પ્રશ્ન પણ ઉકેલવો પડે છે. એટલે જ શાસ્ત્રીય ગ્રંથમાં જે શબ્દજ્ઞાન અપેક્ષિત હોય છે તે કેવળ શાસ્ત્રીય વિચાર રજૂ કરતી લૌકિક શબ્દસંપત્તિ અને વાક્યપ્રયોગો પૂરતું મર્યાદિત હોઈ શકે નહિ. તે તે શાસ્ત્રની સંજ્ઞા-પરિભાષાનું પોતાની ભાષામાં યથોચિત નિર્માણ કરવાનો જ ત્યાં પ્રશ્ન હોય છે ત્યારે ક્લિષ્ટતા, ભારેખમપણું વગેરે દોષો નિર્માણ થવાની શક્યતા હોય છે; પરંતુ ઘણી વાર આ દોષો સ્વીકારીને પણ ચોક્કસ યથાર્થતાનો જ આગ્રહ રાખવો જોઈએ. આ પ્રકારના અનુવાદકને વિભાવનાઓના સ્પષ્ટપણાની, વિવેચનમાં ભૂલ ન થાય

---

* "All translation, I suppose, may be reduced to three heads; first, that of metaphrase, or turning an author word by word, and line by line from one language into another... The second way is that of paraphrase, or translation with latitude, where the author is kept in view by the translator, so as never to be lost but his words are not so strictly followed as his sense; and that too is admitted to be amplified, but not altered ...The third way is that of imitation, where the translator (if now he has not lost that name) assumes the liberty not only to vary from the words and sense, but to forsake them both as he sees occasion and taking only some general hints from the original, to run divison on the groundwork, as he pleases..."

--John Dryden, Preface to the translations from Ovid's Epistles 1680.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની અને એક જ વિભાવના માટે અનેક શબ્દો વાપરવાથી નિર્માણ થતા ગોટાળાને ટાળવાની જરૂરિયાત જણાવી જોઈએ.

કાઈ પણ ભાષાંતરને સો ટકા સફળતા શકય નથી હોતી એમ આપણે હંમેશા સાંભળીએ છીએ; પરંતુ આ વિધાન પણ સો ટકા સાચું નથી! વ્યવહારોપયોગી ભાષાંતરો ભૂલ વિના કરી શકાય છે, તેની પ્રતીતિ સાર્વજનિક જગાએ લગાડવામાં આવેલાં સૂચનાફલકો પરથી થઈ શકે છે. દા. ત. 'Keep Left : ડાબી બાજુથી જાઓ' અહીં બે ભિન્ન ભાષિકોને એક જ બોધ થશે; એ દૃષ્ટિએ આ અનુવાદને પરિપૂર્ણ કહી શકાશે. સંજ્ઞા–પરિભાષાઓની મુશ્કેલી બાજુએ રાખીએ તો શાસ્ત્રીય લેખનમાં પણ ભાષાંતરની ગુણવત્તા સારા એવા પ્રમાણમાં સાચવી શકાય. ખરો પ્રશ્ન છે સાહિત્યના અનુવાદનો. સાહિત્યમાં શબ્દોના અર્થ નિશ્ચિત નથી હોતા. તે સંદર્ભ અનુસાર બદલાતા હોય છે. કોઈક વાર કવિ શબ્દો પર નવો જ અર્થ આરૂઢ કરતો હોય છે. લલિતસાહિત્યમાં થોડા શબ્દો પર અધિક આશય નિર્માણ કરવાનો બોજો નાખેલો હોય છે. અલબત્ત આ બાબતમાં પુષ્કળ સ્તર અને પ્રકારો સંભવે છે. ધારો કે વિક્ટર હ્યુગોની Les Miserables નવલકથાનો વાચનીય મરાઠી અનુવાદ કર્યો : વાર્તા યથોચિત રીતે રજૂ કરી. નિવેદન, ચિત્રણ, સ્વભાવલેખન વગેરે બાબતો વ્યવસ્થિત રીતે સાચવી : તો અનુવાદક અને વાચક બન્ને કહેશે કે, ચલો આપણું કામ પૂરું થયું. અને ખરેખર સેંકડો વાર્તા-નવલકથાઓના અનુવાદમાં 'કામ ચાલે કે બસ' એટલો જ વિચાર કરીએ તો ચાલે તેમ હોય છે. તેમને કામચલાઉ ભાષાંતરો કહી શકાય. સાને ગુરુજીએ હ્યુગોની આ નવલકથાનું કરેલું 'દુ:ખી' એ રૂપાન્તર આ જ કક્ષાનું છે. પણ ઘણું બધું સાહિત્ય એવું પણ હોય છે કે તેના અનુવાદમાં કામચલાઉપણું ચાલે નહિ. અનૂદિત વાર્તાનું કથાનક સામાન્ય વાચકને તલ્લીન કરી દે તેવું હોય તો અનુવાદકે લખેલું વસ્તુ મૂળ વસ્તુ સાથે કેટલે અંશે મળતું આવે છે એવી માથાઝીક કરવાનું તેને માટે કોઈ જ કારણ નથી હોતું. આવા વાચકોની ભૂખ ભાંગવા માટે કામ કરનારા અનુવાદક પોતાનું કામ બહુ સહેલાઈથી કરી નાખે છે. તેમને વધારે ચીકણા બનવાની જરૂર નથી હોતી. શબ્દ અને વાક્પ્રયોગોની બરાબર તાવણી કરીને પસંદ કરવાનો તેમની પાસે સમય નથી હોતો. ચાર શબ્દો છોડી દીધાં કે એકાદ પરિચ્છેદ ઉઠાવી દીધો, તેનું તેમને સ્નાનસૂતક નથી હોતું, ઉત્કટ ગુણદોષ વગરનું વાચનીય ગદ્ય લખાય એટલે બસ, એ આવા અનુવાદકોની ભૂમિકા હોય છે. આશય મુખ્ય છે—અભિવ્યક્તિ ગૌણ, એવી ભૂમિકા પરથી આ કામ ચાલે છે. પરંતુ ઘણી વાર અનુવાદનું પ્રયોજન આના કરતાં બહુ જુદું હોય છે. કેવળ કામચલઉપણું કામ ન લાગે. વ્યુત્પન્ન અનુવાદક જાગરૂક સાહિત્યાભ્યાસીઓને માટે સાહિત્યનો અનુવાદ કરે ત્યારે તદ્દન જુદી અપેક્ષા નિર્માણ થાય છે. સાહિત્યમાં કાવ્યાત્મકતા વધારે હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દેશબ્દ પાસેથી અર્થનો કરભાર પૂરેપૂરો વસૂલ કરવામાં આવતો હોય, સતત ધ્વનિવલયો નિર્માણ થતાં હોય ત્યારે અનુવાદકની કસોટી થાય છે. હવે આશય જેટલું જ મહત્ત્વ અભિવ્યક્તિને પણ પ્રાપ્ત થાય છે અને અનુવાદક શબ્દેશબ્દ પાસે, યોગ્ય પ્રતિશબ્દ માટે અથવા અર્થની સૂક્ષ્મતા માટે અટકવા લાગે છે. શબ્દન્યાસ, વાક્યરચના, ચરણરચના આશયાનુકૂલ નાદગુણ, અર્થની સુયોગ્ય છટા એવા અનેક મોરચે તે નિજાનંદ માટે સંઘર્ષ કરે છે. આવા અનુવાદ માટે લાગતા સમયની અને શ્રમની તેને તમા નથી હોતી. * પોતાને ગમી હોય તેવી અથવા મહત્ત્વની લાગતી હોય તેવી કૃતિનો સ્વભાષામાં અનુવાદ કરવાનો આનંદ પોતે ભોગવવો અને વાચકોને પણ તેમાં સહભાગી કરવા એવા ઉદ્દેશથી અનુવાદક પ્રેરિત થયેલો હોય છે. આ પ્રકારના અનુવાદકોનો અને અનુવાદોનો વિચાર જ પ્રસ્તુત વિષયમાં અભિપ્રેત છે. આવા અનુવાદકનું કામ મૂળ લેખક કરતાં પણ મુશ્કેલ હોય છે. બીજા લેખકે વાપરેલા પોતાની ભાષાના શબ્દ તેણે કયા હેતુથી અને કયા અર્થમાં વાપર્યા હશે તેનો વિચાર કરીને, તેના લેખનનો તેના વાચકો પરના પ્રભાવનો અંદાજ કાઢી, સ્વભાષાના સમુચિત શબ્દાર્થોની પસંદગી કરવી, પોતાના વાચકો પરના તેના પ્રભાવનો અંદાજ કાઢવો અને આ બધું કરતી વખતે મૂળ સાહિત્યકૃતિનો કાલખંડ, એકંદર પરંપરામાં તે કૃતિનું સ્થાન, પોતાની સાહિત્ય-પરંપરા પર તેનું થનારું સંભવિત પરિણામ, સાહિત્યકૃતિની રૂપબંધ વિશિષ્ટતાઓ અને તેની આંતરિક પ્રકૃતિ અને શકિત... આ બધાંનોખ્યાલ રાખવાનો, એને એક બહુ મુશ્કેલ વ્યાયામ કહેવો જોઈએ. થિઓડોર સેવરીએ પોતાના 'અનુવાદકલા' (The Art to Translation) નામે ગ્રંથમાં કહ્યા પ્રમાણે અનુવાદકે પોતાની જાતને ત્રણ પ્રશ્નો પૂછવા : લેખક શું બોલે છે ? તે શું કહે છે ? અને તે કેવી રીતે બોલે છે ? આ છે એ ત્રણ પ્રશ્નો. એટલે કે લેખકના શબ્દો કયાં છે, તેને અભિપ્રેત શું છે અને તેની શૈલી અથવા રીતિ કેવી છે એનો વિચાર કરવો જોઈએ. આ પ્રશ્નો કેવળ સંપૂર્ણ કૃતિને અનુલક્ષીને પૂછવાના નથી હોતા પણ પ્રત્યેક પરિચ્છેદ, વાકય, વાક્પ્રયોગને અનુંલક્ષીને એટલે કે પ્રત્યેક શબ્દે પૂછવા જોઈએ.

અનુવાદક અને અનુવાદ પાસેથી આપણી અપેક્ષાઓ શી હોય છે તે આજે સુધી અનેક લેખકોએ સમજાવીને કહ્યું છે અને તો પણ અનુવાદનું ચોક્કસ શાસ્ત્ર કોઈને જ સાંપડયું હોય એમ જણાતું નથી. શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી એવી બે ચાર બાબતો જણાવવા સિવાય આવી ચર્ચામાંથી ખાસ કંઈ ઉપલબ્ધ થયું નથી. ઘણી વાર તો અનુવાદનું શાસ્ત્ર નિર્માણ કરવા ઇચ્છનારાઓ આદર્શ અનુવાદને નામે તદ્દન પરસ્પરવિરોધી એવી બાબતોનો આગ્રહ રાખતા

* ગો. વિ. કરંદીકરકૃત 'રાજા લિયર'ની પ્રસ્તાવના જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે. અનુવાદમાં મૂળના શબ્દોને વફાદાર રહેવું કે કલ્પનાઓને; અનુવાદ મૂળ કૃતિ જેવો લાગવો જોઈએ કે અનુવાદ જેવો; તેમાં મૂળ કૃતિની શૈલીની પ્રતીતિ થવી જોઈએ કે અનુવાદકની શૈલીની; અનુવાદકે મૂળ કૃતિના સમયની સાહિત્યિક વિશિષ્ટતાઓ સાચવવી કે અનુવાદકના સમયની; અનુવાદમાં ઉમેરો કરવો કે મૂળના કેટલાક ભાગમાં કાપકૂપ કરવી આવશ્યક છે કે અનાવશ્યક; પદ્યનો અનુવાદ ગદ્યમાં કરવો કે પદ્યમાં જ કરવો; આ બધા પ્રશ્નોના નિર્ણાયક ઉત્તરો નથી એમ લાગે છે.

સ્વૈર રૂપાન્તરો કેટલાં સ્વૈર હોવાં જોઈએ તેની મર્યાદા કોણ નક્કી કરી આપે ? મૂળ કૃતિમાંથી બીજ લઈને અને તેના સ્વરૂપ સાથે થોડું અનુસંધાન જાળવીને લગભગ સ્વતંત્ર જ સાહિત્યકૃતિ ઘણા લોકોએ નિર્માણ કરી છે. ઉમર ખય્યામની રૂબાયતોના ફિટ્સજેરલ્ડે કરેલા અનુવાદને સ્વૈર રૂપાંતરનો ઉત્કૃષ્ટ નમૂનો માની શકાય. મધ્યયુગીન મરાઠીમાં રામાયણ અને મહાભારતના જે વિવિધ અવતારો પ્રાપ્ત થાય છે તેમાં કવિઓએ વધતે-ઓછે અંશે છૂટ લીધી છે. 'સંશયકલ્લોલ' ને મર્ફીના 'ઑલ ઈન ધ રોંગ' અને મોલિયેરના 'સોનરિલ' એ બે પ્રહસનોને આધારે નિર્માણ કરેલું, સ્વતંત્ર પ્રહસન જ કહેવું જોઈએ. ગોગોલ કૃત 'ઈન્સ્પેક્ટર જનરલ' એ નાટકનો મરાઠી અવતાર 'અમલદાર' પણ સ્વૈર રૂપાંતરનો જ પ્રકાર છે. મરાઠીમાં રૂપાંતરિત નાટકો જોઈએ તો આ ક્ષેત્રમાં કેટલી રીતે છૂટ લેવામાં આવે છે તે સમજાશે. આગરકરકૃત 'વિકારવિલસિત' (હેમ્લેટ) દેવલકૃત 'ઝુંઝારરાવ' (ઑથેલો) શિરવાડકરકૃત 'વૈજયંતી' (મોના વેના) વગેરે નાટકોમાં સ્થળ-નામ અને વ્યક્તિ-નામ બદલવામાં આવે છે. મૂળ જેવું વાતાવરણ જેમતેમ સંભાળવામાં આવે છે. કેવળ નાટ્યવસ્તુ અને નાટ્યરચનામાં ફેરફાર કરવામાં આવતો નથી. નાના જોગકૃત 'હેમ્લેટ'મા મૂળ નાટકની રચનામાં ફેરફાર કરવામાં આવ્યો છે, ફક્ત પાત્રો એ જ રાખવામાં આવ્યાં છે અને શેક્સપિયરની ભાષા સાથે પ્રામાણિક નિકટતા સાધવાનો પ્રયત્ન કર્યો છે. આચાર્ય અત્રેનું 'સમ્રાટ સિંહ' નાટક 'કિંગ લિયર' પર આધારિત હોવા છતાં રૂપાંતરકારે ઠીકઠીક સ્વૈર રૂપાંતર કર્યું છે એવી પ્રતીતિ થાય છે. તો આ જ નાટકના ગો. વિ. કરંદીકરકૃત અનુવાદમાં મૂળ પ્રત્યે વધુ ને વધુ વફાદારી જાળવવા માટે કરેલા પ્રયત્નો દેખાય છે. 'મૂળ કૃતિ પ્રત્યે સૌથી વધુ વફાદારી રાખીને અનુવાદ કરવો હોય તો તેને માટે એક જ માર્ગ છે–મૂળ કૃતિ જ ફરીથી ઉતારી લેવી !' આ વિધાનમાંથી મજાકનો ભાગ કાઢી નાખીએ તો પણ ભાષાંતર એ નિરર્થક ક્રિયા છે એવો જ અર્થ તેમાંથી નીકળે છે.

અનુવાદ એ નિરર્થક પ્રયત્ન છે એમ કહેવાથી નહિ ચાલે, એમ આ પ્રકરણના આરંભમાં જ સૂચિત કર્યું છે. કેવળ તુલનાત્મક સાહિત્યાભ્યાસ માટે જ નહિ, પણ દરેક સાહિત્યના વિકાસ માટે પણ અનુવાદ બહુ મોટા પ્રમાણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપકારક ઠરે છે. સ્વદેશ બહારથી કલા અને સાહિત્યના નવનવીન ઉન્મેષોનો પ્રકાશ આવતો ન રહે, તો સ્વદેશી સાહિત્યને નવું બળ પ્રાપ્ત થતું ન રહે. આ દૃષ્ટિએ અનુવાદોનો કોઈને પણ ફાયદો જ થાય છે. અનુવાદને કારણે કોઈ એકાદ સાહિત્યમાં આમૂલાગ્ર ફેરફાર થઈ શકે એટલા નવા પ્રવાહ વહેતા થયા હોય તેવાં દૃશ્ય સાહિત્ય ઇતિહાસમાં ઘણી વાર દેખાયાં છે. અંગ્રેજ-શાસનના પ્રારંભકાળમાં વિ. મો. મહાજનીએ 'કુસુમાંજલિ' નામની અનૂદિત કવિતાઓનો સંગ્રહ પ્રસિદ્ધ કર્યો, તેથી નવી મરાઠી કવિતાનો યુગ નિર્માણ કરવાના કામમાં બહુ મોટી મદદ થઈ. નવલકથા, નાટક, વાર્તા આ બધા ક્ષેત્રોમાં આરંભકાળમાં મરાઠી સાહિત્યને અનુવાદોની કેટલી બધી મદદ મળી છે. કોઈ પણ સાહિત્ય પછી તે વિકસિત હોય કે અવિકસિત, તેને ભિન્ન ભિન્ન દેશોની નવી નવી સાહિત્ય-કૃતિઓમાંથી સતત નવી નવી પ્રેરણા મળતી હોય છે. અને એ દૃષ્ટિએ, અનુવાદ તરફ દુર્લક્ષ કરવાથી નુકસાન જ થશે એ ભૂલવું જોઈએ નહીં.

ધર્મગ્રંથોનો અનુવાદ કરતી વખતે, અલબત્ત બહુ ચોક્કસાઈપૂર્વક તે કરવા પ્રત્યે વધારે ધ્યાન આપવું પડે છે. વેદ, બાઈબલ, કુરાન ઇત્યાદિને ઈશ્વરી શબ્દ માનવાની પરંપરા છે તેથી ત્યાં ગાંઠના ઉમેરા ન ચાલે એવો આગ્રહ સ્વાભાવિકપણે રાખવામાં આવ્યો. ઊલટું માનવનિર્મિત શ્રેષ્ઠ કાવ્યોનો અનુવાદ કરતી વખતે તે આશયાનુગામી હોવો જોઈએ એવો પ્રયત્ન વધુ કરાયો. બાઈ-બલનો અનુવાદ કરવાના પ્રયત્નોમાંથી યૂરોપમાં યથાતથ ભાષાંતરની કલામાં પ્રગતિ થઈ. આપણા દેશમાં પણ મીમાંસકો અને આચાર્યોની વૈદિક સાહિત્યના સ્પષ્ટીકરણ વિષે કેટલી જાગરૂક શબ્દનિષ્ઠા હતી તેનું અહીં સ્મરણ થાય છે. તે જ પ્રમાણે ભગવદ્‌ગીતાનો 'ભાવાર્થ' કહેવા બદલ 'યથાર્થદીપિકા' લખનારા વામને, જ્ઞાનદેવને કેવો દોષ દીધો તેનું પણ સ્મરણ થાય છે. આધુનિક સમયમાં અનુ-વાદમાંથી 'યથાર્થ' પ્રગટ થાય છે કે 'ભાવાર્થ' એટલા પૂરતી જ અનુવાદચિકિત્સા મર્યાદિત રહી નથી. અનુવાદ અનેક પ્રકારનો સંભવે છે, એ બાબત ગયા શતકથી ખાસ ધ્યાનમાં આવવા લાગી છે. ઉદાહરણાર્થ ગટેએ અનુવાદના બે પર્યાયો સૂચવ્યા : પરદેશી લેખકને આપણી પાસે લાવવો, તેને આપણા જેવો કરી નાખવો એ એક પર્યાય; અથવા આપણે પરદેશી લેખકના સાહિત્ય તરફ જવું, ત્યાંના વાતાવરણનો પરિચય કરવો, તેની ભાષા, તેની લઢણોની ઓળખ કરવી એ બીજો પર્યાય; એમ તેણે કહ્યું છે. * આનો અર્થ એ કે લેખકને છે ત્યાં

* "There are two maxims for translators; one demands that the author belonging to some other nation should be brought over to us, so that we can regard him as our own; the other demands of us that we should go across to the stranger and accustom ourselves to his circumstances, his manner of speaking, his peculiarities."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખીને, વાચકને તેના તરફ લઈ જવો; અથવા વાચકને છે ત્યાં રાખીને લેખકને તેના તરફ લાવવો; આ બેમાંથી કયા પર્યાયની પસંદગી કરવી તે અનુવાદકની વિવેચક શક્તિ પર જ છેવટે સોંપવામાં આવેલું હોય છે. શરદ્‌ચંદ્રની બંગાળી નવલકથાનો અનુવાદ કરતી વખતે તેનું બંગાળીપણું કાયમ રાખવું કે તેના પર સંપૂર્ણ મરાઠી વેશ ચડાવવો એવો આ પ્રશ્ન હોય છે. 'હેમ્લેટ'ના અનુવાદમાં હેમ્લેટ, ઓફીલિયા વગેરે નામો કાયમ રાખવાં એટલે 'હેમ્લેટ'નું 'હેમ્લેટ'પણું અબાધિત રાખવાના પ્રયત્નનો એક ભાગ છે; તો તેને બદલે તેમને ચંદ્રસેન, મલ્લિકા વગેરે રૂપ આપવાં એ નાટકના ભારતીયકરણના પ્રયત્નનો એક ભાગ છે.

મૂળ કૃતિ અને અનુવાદ વચ્ચે કાળનું અંતર ઘણી વાર કંઈ કેટલાંય શતકોનું હોય છે. આવી પરિસ્થિતિમાં કલાકૃતિની આસપાસ રહેલ કાળનું ચોકઠું જાળવી રાખવું, અનુવાદને પણ પુરાતન કૃતિનો રંગઢંગ આપવો, એવો એક દષ્ટિકોણ હોઈ શકે. ઊલટું, હવે એ કૃતિનું આધુનિકીકરણ અપરિહાર્ય છે એમ માનીને આધુનિક —સમયને અનુરૂપ એવી ભાષા કે સાજ સ્વીકારવો એવો બરાબર વિરુદ્ધ દષ્ટિકોણ પણ કોઈ સ્વીકારે. કવિતા અનુવાદાતીત હોય છે તેથી તેનો અનુવાદ કરવો હોય તો ગદ્યમાં જ કરવો જોઈએ એવું માનનારા વિદ્વાનો છે; તે જ પ્રમાણે કવિતા ગદ્યમાં લાવવી એ શુદ્ધ વિડંબના છે, કવિતાનું સમવૃત્ત, સમચરણ રૂપાંતર કરતાં આવડવું જોઈએ એવો પોતાનો મત બીજા વિદ્વાનો પણ એટલા જ આગ્રહથી રજૂ કરે છે. સારાંશ, અનુવાદનું ક્ષેત્ર હમેશા વાદગ્રસ્ત હોય છે !

અનુવાદકની શક્તિ, રુચિઅરુચિ, તેનું ઉભય ભાષાઓનું જ નહિ પણ ઉભય સંસ્કૃતિઓનું જ્ઞાન વગેરે વિષે પુષ્કળ ઊહાપોહ થયો છે. તેના પ્રમાણમાં, એક ભાષાના સાહિત્યનું બીજી ભાષાના સાહિત્યમાં રૂપાંતર થતી વખતે બન્ને ભાષાઓનો પ્રકૃતિભેદ એ જ સૌથી મોટી આડખીલી હોય છે, એ સમસ્યાનો વિચાર થવો જોઈએ તેટલો થતો નથી. એ પ્રકૃતિભેદો અનેક પ્રકારના છે. શબ્દ-સંપત્તિનું જ જુઓ—વાસ્તવમાં વિભાવના અને શબ્દોની સંખ્યા સરખી જ હોવી જોઈએ. એટલે કે 'પર્યાયશબ્દ' નામની વસ્તુ હોઈ જ શકે નહિ. જેને આપણે પર્યાયશબ્દ માનીએ છીએ તેમાં વસ્તુતઃ અર્થાન્તર હોય છે. પણ વ્યવહારમાં ભાષાનો ઉપયોગ શિથિલપણે કરવામાં આવે છે અને આ અર્થાન્તરો વિલીન થઈને અનેક શબ્દોને એકાર્થવાચકત્વ પ્રાપ્ત થયું છે એમ આપણે માનવા લાગીએ છીએ. સંસ્કૃતપ્રેમી વિદ્વાનો સંસ્કૃતના શબ્દભંડારનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરે છે અને તેના પર્યાયવાચક શબ્દોની સમૃદ્ધિ બદલ ગર્વ લે છે. વસ્તુતઃ આદિત્ય, સૂર્ય, પ્રભાકર, દિનકર, પૂષા—આ બધાનો અર્થ એક નથી. પરંતુ વિષ્ણુસહસ્રનામની જેમ આવા પર્યાયવાચક શબ્દોના ખડકલા કરવામાં આવે છે. અને તેના જોર પર સૂર્યને ફક્ત સૂર્ય જ કહેનાર લોકભાષાને ઉતારી પાડવામાં આવે છે. આનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊલટી પણ એક પ્રક્રિયા હોય છે : અનેક અર્થોને પ્રગટ કરવા માટે એક જ શબ્દ વાપરવામાં આવે છે. દા. ત. શ્યામ શબ્દના શામળો, ભૂરો, કાળો, જાંબુડી એવા અનેક અર્થ થાય છે. પર્યાયવાચક શબ્દોની સમૃદ્ધિ બદલ ગર્વ લેનાર સંસ્કૃતમાં જ અર્થોની છટા ધ્યાનમાં લીધા વિના વપરાતા 'શ્યામ' જેવા અનેક શબ્દો મળી આવશે. દાસોપંતે મરાઠી ભાષામાં પ્રચલિત માટીનાં પાત્રોનાં અસંખ્ય નામો આપીને ઘટ, શરાવ, કુંભ વગેરે ગણતરીનાં નામોમાં જ બધાં માટીનાં પાત્રોને સમાવી લેતી સંસ્કૃત ભાષાની મશ્કરી કરી છે.* તાત્પર્ય એ કે પર્યાયશબ્દો ઓછા હોવા કે વધુ હોવા, સૂક્ષ્મ અર્થછટા દર્શાવતા શબ્દો હોવા કે ન હોવા એ બાબતમાં દરેક ભાષાનું ધોરણ જુદું જ હોય છે. જે વાત શબ્દ-સંપત્તિની તે જ પ્રત્યયોની, શબ્દયોગી અવ્યયોની, સમાસોના અભાવની કે વૈપુલ્યની; સંધિ થવાની કે ન થવાની. દીર્ઘ સમાસાંકિત સંસ્કૃત કાવ્યપંક્તિ મરાઠીમાં ઉતારતી વખતે ભલભલા અનુવાદકોનો કેવો નાકે દમ આવે છે તે આપણે જોઈએ જ છીએ. દા. ત. 'बाह्योद्यानस्थितहरशिरश्चंद्रिकाधौतहर्म्या' મેઘદૂતનું આ ચરણ મરાઠીમાં ઉતારવા માટે વધારે શબ્દો વાપરવા પડે, સમાસનો વિગ્રહ કરવો પડે એ સ્પષ્ટ છે. કવિ માધવ જુલિયને 'ज्यांत बाह्योद्यान-स्थितहरश्चंद्रिका धौत करी' એવો મરાઠી અનુવાદ કર્યો છે એ વાત જુદી! ઇંગ્લિશ ભાષાના ઉપપદો (articles) એ એક મુશ્કેલી છે એમ લેટિન પરથી ઇંગ્લિશ અનુવાદ કરનારા અનુવાદકોએ કહ્યું છે. આ રીતે દરેક ભાષાની વિશિષ્ટતાઓનો વિચાર કરવો જોઈએ. એમ કરવાથી અનુવાદક સામે ઉપસ્થિત થતા યક્ષપ્રશ્નો કેટલા મોટા હોય છે તેનો ખ્યાલ આવશે.

અનુવાદનું કામ વિકટ હોય તો પણ અનુવાદ થવા જ જોઈએ. દરેક સાહિત્ય એ વિશિષ્ટ સંસ્કૃતિનું સંતાન હોય છે અને તે સંસ્કૃતિના ગુણનું મૂલ્યાંકન કરવાનું પ્રમાણ પણ હોય છે. આવી વિશિષ્ટતાઓનું અવલોકન

---

* संस्कृतें 'घटु' म्हणती । आता तया घटांचे भेद किती ।
कवण्या घटाची प्राप्ती । पावावी तेणं ।।
हारा, डेरा, रांजणु । मुढा, पगडा, आनु ।
सुगड, तौली, सुजाणु कैसी बोलेल ? ।।
घडी, घागरी, घडौली । आळंदे, वाचिकें, बौळी ।
चिटकी, मोरवा, पातली । सांजवणे ते ।।
ऐसे प्रतिभाषे वेगळाले । घट असती नामाथिले ।
एकें संस्कृतें सर्व कळे । ऐसे कैसेन ? ।

—गीतार्णव अ. २ : २६७२–२६७५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી સંસ્કૃતિની સમૃધ્ધિ માટે કારણભૂત બને છે. અનુવાદના માધ્યમ દ્વારા આપણને પ્રાપ્ત થયેલા પ્રમાણોને આધારે આપણા સાહિત્યના ગુણદોષ સમજવામાં મદદ થાય છે. આપણી ત્રુટિઓનો ખ્યાલ આવ્યા પછી તે દૂર કરવાની જરૂર જણાય છે અને તે દૃષ્ટિએ અન્ય દેશોનું સાહિત્ય આપણે ત્યાં લાવવાની પ્રવૃત્તિ વધે છે. એટલે જ કયા પ્રકારના સાહિત્યનો અનુવાદ ભાષા માટે આવશ્યક છે તે એ ભાષા બોલનારો સમાજ જ નક્કી કરતો હોય છે. અનુવાદ દ્વારા કેવળ શબ્દસંપત્તિ વધે છે કે તેનું વ્યવસ્થાપન કરવામાં આવે છે, એવું નથી, પણ કલ્પના અને વિભાવનાઓનું વિશ્વ પણ સુસ્પષ્ટ અને સમૃધ્ધ થતું જાય છે, અનૂદિત ગ્રંથકારની શૈલીનાં મૂળ તેના વૈચારિક અને ભાવનાત્મક આશયમાં છે એનું ભાન નિર્માણ થાય છે અને તે વિષેની આપણી સમજ સુધારવામાં મદદ થાય છે.

અનુવાદપ્રક્રિયાને લીધે પોતાની ભાષાનો પણ નવેસરથી પરિચય થાય છે, એવું ઘણી વાર પહેલી નજરે ધ્યાનમાં આવતું નથી. પોતાની જ ભાષાનું સુપ્ત સામર્થ્ય જાગૃત કરવાની કામગિરી અનુવાદને કારણે થતી હોય છે. અનુવાદનું આહ્વાન સ્વીકારવાને કારણે જ અનેક દુર્લક્ષિત શક્યતા ધ્યાનમાં આવવા લાગે છે. ત્રુટિ દૂર કરવાના નવા નવા ઉપાયો સૂઝે છે અને અભિપ્રાય પ્રગટ કરવાની ભાષાની શક્તિ વધારવાનું શ્રેય મળે છે. ઇતર ભાષા અને સાહિત્યની પાર્શ્વભૂમિ પર પોતાની ભાષા અને સાહિત્યનું ચિત્ર ઉઠાવદારપણે ઊભું રહે છે. આપણી સંસ્કૃતિમાં નવી નવી કલ્પનાઓનો સમાવેશ થવા લાગે છે અને સૌથી મહત્ત્વની બાબત એ કે જગતના અનેક મહાન લોકોના મન સાથે આપણો સંબંધ બંધાય છે. કોઈ એમ કહે છે કે અનુવાદ મૂળ કૃતિ સાથે સુસંગત છે કે નહિ એ નક્કી કરનાર માણસ બન્ને ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનો જાણકાર હોવો જોઈએ; અને તે તેવો હોય તો તેની દૃષ્ટિએ અનુવાદ એ એક બિનઆવશ્યક કામ છે, કારણ કે એ તે કૃતિ મૂળમાં જ વાંચી શકે છે. એટલે કે અનુવાદની યોગ્યતા જેઓ સમજી શકતા નથી તેઓ જ ફક્ત અનુવાદને માર્ગે જાય છે ! આ આક્ષેપનો એક જ ઉત્તર આપી શકાય કે બન્ને સંસ્કૃતિઓના જાણકાર એવા સમર્થ સમીક્ષકો અનુવાદોનાં પરીક્ષણ કરીને નિર્ણય આપે, માર્ગદર્શન કરે, પણ એ કામ બધા કરી શકે એવું નથી. તેથી અનુવાદ જ નિરર્થક ઠરતા નથી. પોતાની ભાષા અને પોતાના સાહિત્ય પર અત્યંત ખુશ હોય તેવા લોકો અનુવાદને નિરુપયોગી સમજે છે. પરંતુ અંતિમ દૃષ્ટિએ તેમની એવી વૃત્તિને કારણે નુકસાન જ થાય છે. અનુવાદ એટલે ફક્ત અનૂદિત કૃતિનું કે તેની ભાષાનું ગૌરવ એવું નથી; તે આપણી પણ રાષ્ટ્રીય સમૃદ્ધિમાં ઉમેરો કરનાર, આપણી ભાષાની અને સાહિત્યની ક્ષમતામાં વધારો કરનાર અને આપણું મન વધુ સંસ્કારિત કરનાર એવી એક મહત્ત્વની પ્રવૃત્તિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. પ્રભાવ અને ઉદ્દભવ

સાહિત્યવિશ્વમાં થતાં આદાનપ્રદાનમાં, વિશિષ્ટ સાહિત્યની કે સાહિત્યકારની પ્રભાવશીલતા એ સૌથી મહત્ત્વનું 'વિધાયક' કારણ છે. વિશિષ્ટ ભાષિક સમાજ અન્યભાષિક સાહિત્યનું કે સાહિત્યિકનું સ્વાગત કરે છે, તેને માન્યતા આપે છે અને તેના પ્રભાવનો સભાનતાપૂર્વક સ્વીકાર કરે છે એ દૃશ્ય આપણે હમેશ જોતા આવ્યા છીએ.

આ સ્વાગત અને સ્વીકાર એટલે નિર્બળતાનું લક્ષણ છે એમ માનવું ભૂલભરેલું છે. પછાત સમાજ આગળ વધેલા સમાજના સાહિત્યની વાહ વાહ કરે છે એવી આ પ્રક્રિયાની મીમાંસા કરી શકાય નહિ. કલાના, સાહિત્યના ક્ષેત્રમાં સંકુચિત અભિમાનને સ્થાન નથી. ત્યાં માન્યતા મળે છે તે પ્રતિભાને, ગુણવત્તાને, અભિનવ સૌંદર્યના સર્જનને. પછી ભાષિક ભીંત તૂટી પડે છે અને એક ભાષાની પ્રતિભાવાન વ્યક્તિને બીજી ભાષાના આસ્વાદક અને લેખક માન આપવા લાગે છે. અલબત્ત આ નિરપવાદ એકમાત્ર પરિસ્થિતિ નથી. પોતાની નબળાઈની, ઊણપોની પછાતપણાની જાણ થાય અને એ બધાને માત કરવા માટે ઉછીનું લીધાનાં પુષ્કળ ઉદાહરણ છે જ. જિતાયેલા અને જીતેલાના સંબંધોના સંદર્ભમાં આ પ્રકારની પ્રક્રિયા કેવી રીતે થાય છે તે આગળ આવી જ ગયું છે. આધુનિક ભારતીય સાહિત્યોના આદિપર્વમાં તો પાશ્ચાત્યમાંથી ઉછીનું લીધાનાં નકલનાં કે સંસ્કારોનાં ઉદાહરણો ઘણાં જ છે. અંતિમ દૃષ્ટિએ આ ઘટનાની ઇષ્ટતા અને આવશ્યકતા માન્ય કરવી જ જોઈએ. તેના અભાવમાં અનેક સાહિત્યપ્રકારોનો ઉદય થયો ન હોત. વિકાસ થયો ન હોત.કાળાંતરે આ પ્રભાવમાંથી ભેગ ઓછો થતો ગયો તે પણ સ્પષ્ટ જ છે. અવિકસિતોએ વિકસિતોનો આદર્શ સ્વીકારવો એ સ્વાભાવિક તો છે જ, પણ અપરિહાર્ય અને સ્વાગત કરવા જોગ પણ છે. તો પોતપોતાના સાહિત્યક્ષેત્રની ત્રુટિ દૂર કરવા માટે બુદ્ધિપુરઃસરનું 'આદાન' કરવામાં આપણે માટે કંઈ ખોટું છે એવું નથી. પરંતુ આવી પ્રક્રિયાની મીમાંસા હાલતુરત પ્રસ્તુત નથી.

પાશ્ચાત્ય લેખકોનો પ્રભાવ ભારત જેવા દેશમાં જણાય એટલે આ પ્રભાવનો સ્વીકાર કરવાથી ઘણી વાર પરાવલંબીપણાનો આરોપ મૂકવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરાભૂત વૃત્તિ અને લઘુતાગ્રંથિથી પીડાતા ભારતીયો પારકાનું ઉછીનું લે છે એમ માનવામાં આવે છે. આમાં ઘણી વાર જરા પણ તથ્ય હોતું નથી. શેક્સપિયર, મોલિયેર, શેલી, ઈબ્સન, એલિયટ વગેરેનો પ્રભાવ ભારતીય લેખકો પર પડ્યો તે તેમના સાહિત્યિક સામર્થ્યને કારણે. અને ભારતીય ઉપનિષદોનો, તત્ત્વજ્ઞાનનો જે પ્રભાવ પાશ્ચાત્ય લોકો પર પડ્યો તેનું સ્પષ્ટીકરણ તેઓ કેવી રીતે કરશે? કે પછી એને ફક્ત કૃતક પ્રશંસા કહેવી? ઠીક, 'પછાત' અને તે સમયે દુર્બળ એવા રશિયાના ટૉલસ્ટૉય, દોસ્તોયવસ્કી, પુષ્કિન, ચેખોવ વગેરેના પ્રભાવનું દર્શન સબળ રાષ્ટ્રોના સાહિત્યમાં જોવા મળે છે તે કયા કારણસર? શેક્સપિયરને જર્મનીમાં ભક્ત મળ્યા તે જર્મનોના પરાવલંબીપણાને લીધે? હેમિંગ્વે જેવા મહાન લેખકનો પ્રભાવ પૃથ્વી પરના અનેકાનેક દેશોમાં જણાય છે; એ બધાં દેશો શું અમેરિકાના આશ્રિત છે? સારાંશ, 'स्वयमेव मृगेन्द्रता' હોય તેવા મહાન પ્રતિભાશાળીઓના પ્રભાવને કોઈ મર્યાદા નથી હોતી. વધતા જતા દરેક પ્રકારના સંપર્કની સાથે આવો પ્રભાવ દેશેદેશ ઝડપથી પ્રસરે છે. તેથી ભિન્ન ભિન્ન સાહિત્યોમાં સમાન અથવા સમાંતર વિકાસ જોવા મળે છે. અથવા વિશિષ્ટ સાહિત્યને નવી દિશા મળી હોય તેવું દૃશ્ય દેખાવા લાગે છે. સ્વાભાવિક રીતે જ તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં 'પ્રભાવમીમાંસા' મહત્ત્વનો વિષય ઠર્યો છે.

સાહિત્યિકોનો જ પ્રભાવ પડે છે એવું નથી; સાહિત્યનો પણ પ્રભાવ પડી શકે છે. દા. ત. મધ્યયુગમાં દેશી ભાષાઓના કાવ્ય પર સંસ્કૃત પંચમહાકાવ્યોનો પ્રભાવ પડ્યો હોય તો પણ તેને કાલિદાસનો કે શ્રીહર્ષ–માઘ–ભારવિનો પ્રભાવ કહી શકાય નહિ. એ મહાકાવ્યોની રચનાપધ્ધતિ, આલંકારિકતા, વિષયની પસંદગી, નિવેદનકૌશલ્ય, પાંડિત્યનું પ્રદર્શન વગેરેએ જે એક પરંપરા નિર્માણ કરી તેનો તેને સંકુલ પ્રભાવ કહી શકાય. જગતનાં સાહિત્યિક પરિવર્તનોમાં આવા અનેક સંકુલ પ્રભાવો દર્શાવી શકાય. ગ્રીક ટ્રેજેડી, ફ્રેન્ચ વાસ્તવવાદી સાહિત્ય, જાપાની 'હાઈકુ' કવિતા એવા અનેક ઓછાવધતા પ્રભાવશાળી પ્રવાહો ભિન્ન ભિન્ન દેશોમાં અસરકારક બન્યા હોવાનું દર્શાવી શકાય. આવા પ્રભાવશાળીપણા માટે પણ અલબત્ત નાવીન્ય, સામર્થ્ય, સૌંદર્ય એવા ગુણ જ કારણભૂત હોય છે; પણ તે એક લેખકાશ્રયી નહિ પણ પરંપરાશ્રયી હોય છે.

અહીં એક સાવચેતી રાખવી જરૂરી છે : બે સાહિત્યોમાં સાધર્મ્ય જોવા મળે એટલે દર વખતે તેમાં 'પ્રભાવ' શોધવો યોગ્ય નહિ ઠરે. સમાન સંસ્કૃતિ, સમાન સમાજવ્યવસ્થા, સમાન આર્થિક અવસ્થા, સમાન રાજકીય વાતાવરણ, સમાન સાહિત્યિક આવશ્યકતાઓ...આમાંના કોઈ પણ કારણને લીધે બે સાહિત્યોમાં સાધર્મ્ય ઉત્પન્ન થાય જ; પણ ત્યાં 'દેનાર' સાહિત્ય અને 'લેનાર' સાહિત્ય એવો સંબંધ સંભવતો નથી. સમાન પરિસ્થિતિને કારણે અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપોઆપ નિષ્પન્ન થતા સાધર્મ્ય (analogy)નો વિચાર પછીથી આ જ પ્રકરણમાં કરેલો જોવા મળશે.

વિશિષ્ટ સાહિત્યનો કે સાહિત્યિકનો પ્રભાવ અન્ય ભાષિક સાહિત્ય પર પડવાનાં ઉદાહરણો વારંવાર જોવા મળે તો પણ આવા પ્રભાવનાં કારણો ભિન્ન ભિન્ન હોઈ શકે છે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. તે જ પ્રમાણે પ્રભાવનાં પ્રમાણ અને વ્યાપ્તિ તદ્દન સરખાં જ હોય છે એવું નથી; પ્રભાવ ઓછોવધતો હોય છે. તેને ચઢઉતર અને ઉદય-અસ્ત હોય છે. તેનું આયુષ્ય વધારે-ઓછું હોય છે. પ્રભાવની તાર્કિક કારણમીમાંસા કરવી શક્ય હોય છે જ એવું નથી. પ્રભાવ પડ્યો છે એવી 'વસ્તુસ્થિતિ'નો ફક્ત ખ્યાલ આવે છે, તે શા માટે પડ્યો તેનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ આપી શકાતું નથી. કેવળ એનું આંશિક ભાન આપણને થાય છે અને સંભાવ્ય કાર્યકારણભાવ આપણે શોધી શકીએ છીએ. નિર્ણય થઈ ન શકે તો પણ આ શોધનો અન્ય સાહિત્યિક શોધની જેમ આનંદ હોય છે.

કોઈ એકાદ સાહિત્યનું કે સાહિત્યિકનું અન્ય સાહિત્યક્ષેત્રમાં સ્વાગત થાય છે, તેની મહત્તાનું ભાન થાય છે, તેને માન્યતા મળે છે, તેનો સભાનતાપૂર્વક સ્વીકાર કરવામાં આવે છે; સ્વાભાવિક સમાજને તેનો પરિચય કરાવવામાં આવે છે, તેના અનુવાદ કરવામાં આવે છે; અનુકરણ થાય છે; ગુણગ્રહણ અને દોષદિગ્દર્શન થાય છે; વિરોધ કે વિડંબના થાય છે; આવી કે તેવી ચર્ચા થયા કરે છે; તેના સમાનધર્મો કે વિરુધ્ધધર્મો નિર્માણ થયા કરે છે; તેના 'સંસ્કાર' પચાવીને 'તત્સમ' કૃતિઓનું નિર્માણ કરવામાં આવે છે; તેનાં રૂપાંતરો થાય છે; તેનાં બીજ સ્વતંત્રપણે ખીલે છે અને નવનિર્મિતિ થવા લાગે છે; અન્ય કલાઓનાં ક્ષેત્રોમાં આ પ્રભાવ ફેલાવા માંડે છે; વિશિષ્ટ ભાષા સાથેનો તેનો સંબંધ ભુલાઈ જાય છે. અંતે તેના ભાષાદિભેદાતીત માહાત્મ્ય પર સર્વમાન્યતાની મુદ્રા ઊપસીને તેને 'વૈશ્વિકતા' પ્રાપ્ત થાય છે. આ પ્રકારની બહુવિધ, બહુલક્ષી, અનેકસ્તરી પ્રક્રિયા સાહિત્યના વિશ્વમાં આપણે જોઈએ છીએ. બે સાહિત્યોમાં નજીકનો સંબંધ પ્રસ્થાપિત કરનારી એવી આ પ્રક્રિયા હોવાને કારણે સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કરનારને તે બહુ મહત્ત્વપૂર્ણ લાગે છે.

ઉપર્યુક્ત પરિવર્તન આમ તો દરેક સાહિત્યક્ષેત્રમાં સમભાષિક પ્રભાવશાળી પ્રતિભાવાન લોકોને કારણે પણ થતું જ હોય છે. પણ ત્યાં પરિસ્થિતિ, પરંપરા અને નવીનતાનું ભાન સાહજિક રીતે જ અધિક અને સ્વાભાવિક હોય છે. આ પરિવર્તન જ્યારે દેશ, કાળ, ભાષા વગેરે બંધનોને ન ગણકારતાં થાય છે ત્યારે તે વિષે એક નવી જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટિએ આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભાવનો અભ્યાસ જુદો અને સવિશેષ મહત્ત્વનો ઠરે છે.

પ્રભાવ હંમેશા એક જ પ્રકારનો હોય છે એવું નથી. સાહિત્યના બધાં જ અંગોમાં તે જણાય છે એવું પણ નથી; પરભાષિક સાહિત્યનો કે સાહિત્યિકનો અંશત: પ્રભાવ પડ્યાનાં જ ઉદાહરણો અધિક છે. કોઈક વાર તો રચનાબંધપૂરતો જ મર્યાદિત હોય છે. કોઈ વાર તે આશય, ભાવસ્થિતિ કે જીવનદૃષ્ટિના ક્ષેત્રમાં જોવા મળે છે; કોઈ વાર શૈલી પર જ ફક્ત દેખાય છે. કોઈ વાર બાહ્ય વાસ્તવનું ભાન, અર્થશાસ્ત્રીય દૃષ્ટિ, સામાજિક પરિવર્તનોની મીમાંસા, મનના અવગાહનની રીત જેવા ઉપકારક ઘટકો પૂરતો તે જણાય છે, આ પણ કેવળ દિશાસૂચન કર્યું. કોઈ વાર શબ્દોની નોંધપાત્ર રૂપસિદ્ધિ, છંદોના પ્રયોગ, લેખકવિશિષ્ટ વિચિત્ર લઢણ એવા અત્યન્ત સીમિત વિભાગોમાં જ પ્રભાવ જણાય તો કોઈ વાર તે આશય-અભિવ્યક્તિ સહિત સમગ્ર જીવનદર્શનને પણ વ્યાપી લે તેટલો વ્યાપક હોય.

અનુસરણ એ પ્રભાવનો મુખ્ય પરિપાક હોય તો પણ કોઈ કોઈ વાર તેનાથી વિરૂદ્ધ પ્રક્રિયા એટલે કે પ્રતિદ્વંદ્વિતા પણ તેનું જ એક રૂપ હોય છે. વિશિષ્ટ સાહિત્યના કે સાહિત્યિકના સંદર્ભમાં કહેવું હોય તો તેનો સ્વીકાર, અનુકરણ, સંસ્કાર, ઋણગ્રહણ, સાહિત્યિક મૂલ્યનિર્માણ માટે માનદંડ જેવો તેનો કરેલો ઉપયોગ આદર્શ તરીકે સમીક્ષકોએ તેનું કરેલું ગૌરવ આ બધાંને 'અનુસરણ' કહી શકાય. તો ઉગ્ર ચર્ચા-ચિકિત્સા, એકદમ વિરુદ્ધ દિશાનો કરેલો પુરસ્કાર, તેનાં વ્યાવર્તક તત્ત્વોને આધારે કરેલી નિર્મિતિ, વિડંબન, ખંડન કે બધી બાબતોનો સમાવેશ પ્રતિદ્વંદ્વિતામાં કરી શકાય. વિરોધભક્તિ જેવા આ પ્રકારોને માટે પણ પ્રભાવ જ આધારભૂત હોય છે. બંગાળી વાર્તા-નવલકથા અને તેના પર આધારિત ચિત્રપટોનો મહારાષ્ટ્રમાં ખૂબ જ પ્રભાવ જણાતો હતો ત્યારે 'માણૂસ' જેવું પ્રતિદ્વંદ્વી ચિત્રપટ બુધ્ધિપુર:સર નિર્માણ કરવામાં આવ્યું. વધુ પડતી ભાવપ્રધાનતા, નિર્બળ નિરાશાવાદ, આળાપણું વગેરે બાબતો ખંખેરી નાખીને 'જીવન જીવવા માટે છે' એવા સ્વરૂપનો સંગીન ઉપદેશ આપવા માટે થયેલા આ પ્રયત્નોમાં પણ બંગાળી કથાસાહિત્યના પ્રભાવને માનભર્યો મુજરો જ કર્યો છે. તે નોંધપાત્ર છે, લક્ષણીય છે, ચર્ચા કરવા યોગ્ય છે અને પ્રત્યાઘાત કરવા માટેની યોગ્યતાવાળું છે એવી કબૂલાત જ અહીં મળે છે.

પ્રભાવ હંમેશા સાક્ષાત્ કે પ્રત્યક્ષ હોય છે એવું નથી. તે પરોક્ષ પણ હોઈ શકે તેમજ વીખરાયેલો, ધૂંધળો થતો ગયેલો (diffused) એવો પણ જોવા મળે છે. શેક્સપિયરના સાહિત્ય સાથે સાક્ષાત્ સંપર્ક થવાને કારણે નાટ્યાચાર્ય કૃ. પ્ર. ખાડીલકર પ્રભાવિત થયેલા જણાય છે. 'सवाई माधवरावाचा मृत्यु'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નાટકમાં આ પ્રભાવ સ્પષ્ટ છે. શેક્સપિયરના નાટકોનો અનુવાદ કે રૂપાંતર કરવું, તત્સમ કૃતિનું નિર્માણ કરવા માટે પ્રેરિત થવું, શેક્સપિયરના અભ્યાસ માટે અથવા રસગ્રહણ માટે મંડળો સ્થાપિત કરવા ઇત્યાદી સર્વને પ્રત્યક્ષ પ્રભાવના જ સૂચકો કહી શકાય. પરંતુ શેક્સપિયર સાથે સાક્ષાત્ સંપર્ક થયો ન હોય તો પણ તેનો પ્રભાવ પડે એ શકચ છે. શેક્સપિયરનાં મૂળ નાટકોથી નહિ પણ તેમનાં રૂપાંતરોથી જ પ્રભાવિત થઈને નિર્મિતિની પ્રેરણા મળવી, શેક્સપિયર વિષેના લેખન કે સમીક્ષાનો આસ્વાદ કરવાને કારણે તેના પ્રતિભા વિશેષોનું ભાન થવું, મધ્યસ્થ દ્વારા તેની નાટ્યપ્રતિભાનો પરિચય થાય અને તેના પ્રકાશમાં સ્વરાષ્ટ્રીય નાટ્યના ગુણધર્મોની ચિકિત્સા કરવી એ બધા અપ્રત્યક્ષ પ્રભાવના લક્ષણો છે. કાળાંતરે રૂપાંતરોનાં રૂપાંતરોનાં રૂપાંતરો, અનુકૃતિઓની અનુકૃતિઓનાં અનુકરણો, તત્સમ કૃતિઓના બચેલા થોડા સંસ્કાર, એનું કેવળ સ્મરણ જ થાય એવી કૃતિઓની નિર્મિતિ ઇત્યાદિ પ્રક્રિયાઓમાં વિખરાયેલો, ઓગળેલો ઝાંખો પડેલો પ્રભાવ જણાશે. ભવિષ્યમાં કદાચ એવું પણ બને કે શેક્સ પિયર નામની એક મહાન પ્રતિભાશાળી વ્યક્તિએ શતકોપૂર્વે માનવ સંસ્કૃતિમાં જે પ્રદાન કર્યું તે જગતના અનેક સાહિત્યોમાં એવું સેળભેળ થઈ જશે કે ફક્ત સૂક્ષ્મદર્શી જાણકારો જ તેનું પગેરું કાઢી શકશે.

સાહિત્યકૃતિ, સાહિત્યિક ઉપક્રમ, સાહિત્યિક પરંપરા, સાહિત્યશાસ્ત્ર કે સાહિત્યવિષયક વિચાર અને સાહિત્યકાર એ બધાનો જેમ પ્રભાવ પડી શકે છે તેમ વિશિષ્ટ કલ્પના (ideas), દર્શનો (philosophies), મતપ્રણાલી (ideologies) વગેરેનો પણ સાહિત્ય પર ખૂબ પ્રભાવ પડી શકે છે. એટલું જ નહિ પણ આવો પ્રભાવ જ અપેક્ષા કરતાં વધારે જોવા મળે છે. ઘણીવાર આવો પ્રભાવ સમાંતર નિર્માણ થયેલો હોય છે; તો કોઈ કોઈ વાર પહેલા વિશિષ્ટ ભાષાની સાહિત્યસૃષ્ટિ વિશિષ્ટ વૈચારિકતાથી પ્રભાવિત થાય છે અને પછી તે સૃષ્ટિ અન્ય ભાષાઓના સાહિત્યક્ષેત્રો પર તેવો જ વૈચારિક પ્રભાવ પાડતી જણાય છે એમ કહી શકાય. વેદાન્ત, બૌધ્ધદર્શન, ભક્તિમાર્ગ, યોગમાર્ગ, સૂફી ધર્મમત, વ્યક્તિસ્વાતંત્ર્યવાદ, ગાંધીવાદ, માર્ક્સવાદ, અસ્તિત્વવાદ, વિમુખ કરતું (estrangement) તત્ત્વજ્ઞાન વગેરે અનેક વિચારોની ભિન્ન ભિન્ન ભાષાઓના સાહિત્યો પર ક્યારેક સમાંતર તો ક્યારેક શૃંખલાક્રમે નોંધપાત્ર અસર થયાની સાક્ષી સાહિત્યના ઇતિહાસમાં મળે છે. ક્યારેક ક્યારેક તો સ્વાતંત્ર્ય-સંગ્રામો, રાજ્યક્રાન્તિ, મહાયુધ્ધો એવી પ્રક્ષોભક ઘટનાઓનો એક જ સમયે અનેક સાહિત્યો પર પ્રભાવ પડેલો આપણે જોઈએ છીએ. ખરેખર તો ઉપર્યુક્ત બાબતો અને ઘટના સાહિત્ય માટે બીજભૂત ઠરી છે કે તેમણે સાહિત્ય-વિશ્વ પર અસર કરી છે તેનો નિર્ણય કરવો હંમેશા શકચ હોય છે એવું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાહિત્યનાં સર્જક કારણો છે કે સાહિત્યને વિશિષ્ટ આકાર આપનારાં અસરકારક કારણો છે તે ઠરાવવું મુશ્કેલ છે. તેથી જ તુલનાત્મક સાહિત્યના અભ્યાસીએ ' ઉદ્‌ભવ ', અને 'પ્રભાવ'નો એકસાથે વિચાર કરવો એ તર્કસંગત છે.

ઉદ્‌ભવ એ વિભાવના વાદાતીત નથી. કોઈ એક સાહિત્યકૃતિએ બીજી સાહિત્યકૃતિને જન્મ આપ્યો. એ કલ્પના સર્વથા ત્યાજ્ય છે એમ રને વેલેક વગેરે અભ્યાસીઓ કહે છે.* આ કલ્પના કોઈ પણ સિદ્ધ કરી શક્યું નથી; બહુ બહુ તો સમાંતર કે સમાન ગુણસમુચ્ચય હોઈ શકે એમ કહી શકાય...એવો આક્ષેપ કરીને છેવટે રને વેલેક કહે છે : 'અમુક સાહિત્યકૃતિ પહેલાં અસ્તિત્વમાં ન હોત તો અમુક ચોક્કસ સાહિત્યકૃતિ પણ અસ્તિત્વમાં આવી ન હોત એમ કહી શકાય; પણ તો એ પહેલી અને બીજી વચ્ચે કાર્ય-કારણ સંબંધની કલ્પના કરવી બરાબર નથી.' વેલેકના આક્ષેપમાં રહેલું તથ્ય ધ્યાનમાં લઈએ તો પણ 'અમુક કૃતિ અસ્તિત્વમાં ન હોત તો અમુક ચોક્કસ કૃતિ અસ્તિત્વમાં આવી ન હોત' એવી શક્યતાની કબૂલાત પણ તેણે કરી છે એ વાત વિસરવી ન જોઈએ. એટલે જ ઉદ્‌ભવ, પ્રભાવ, સાધર્મ્ય, પરંપરા વગેરેનો છૂટો છૂટો વિચાર કરવાથી કામ નહિ ચાલે, એ એકસાથે જ કરવો જોઈએ એટલું જ નિષ્પન્ન થાય છે.

કોઈ એક સાહિત્ય પર ક્યા અન્યભાષિક સાહિત્યનો અને સાહિત્યકારનો પ્રભાવ પડી શકશે તેનો ઘણો ખરો આધાર દરેક સાહિત્યની પરંપરા, તેની ઉણપો, તેની જરૂરિયાતો વગેરે પર હશે. મરાઠી સાહિત્યની પરંપરામાં નાટ્ય-સાહિત્યનો ઉદ્‌ગમ પણ થયો ન હોય ત્યારે શેક્સપિયર જેવા નાટકકારનો પ્રભાવ કેવી રીતે પડી શકે ? પણ મરાઠી નાટ્યસાહિત્યનો ઉદ્‌ગમ થઈને તેનો થોડો વિકાસ થયો ત્યાર બાદ આવો પ્રભાવ પડવા લાગ્યો. કેટલોક સમય સુધી તે પ્રભાવ વધતો જાય છે અને કોઈ કલમી વૃક્ષની જેમ પૂરતો વિકાસ થયા પછી

---

* The unexamined assumption in such research is the existence of a neutral fact which is supposed to be connected as if by a thread with other preceding facts. But the whole conception of a cause in literary study is singularly uncritical. Nobody has ever been able to show that a work of art was 'caused' by another work of art even though parallels and similarities can be accumulated. A later work of art may not have been possible without a preceding one but it cannot have been caused by it.

—Rene Wellek, Discriminations, Yale University press, 1970

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ધીરે ધીરે ઘટતો જાય છે. સ્વભાવતઃ જ કોઈ પરંપરામાં સ્વતંત્ર, પર્યાપ્ત, સંપન્ન નાટ્યસાહિત્ય હોય તો બાહ્યતઃ થનારો પ્રભાવ મર્યાદિત જ રહેશે. એટલે અનુવાદપ્રક્રિયાની જેમ અહીં પણ જરૂરતમંદ અને જરૂરિયાત પૂરી કરી શકે તેટલું શ્રીમંત એ બન્નેની ભૂમિકા અનુક્રમે લેનારની અને આપનારની રહેશે. પણ એક બાબત ધ્યાનમાં રાખવી જોઈએ : કોઈ પણ પરંપરા બધા અર્થોમાં પર્યાપ્ત હોઈ શકે નહિ; તેને સતત નવા નવા જીવનરસોના પુરવઠાની જરૂર હોય જ છે. વળી દરેક પ્રતિભાશાળી સાહિત્યકાર નવી કેડીઓનું નિર્માણ કરે છે, નવી દિશાઓ દર્શાવે છે અને પરિણામે તેનો વ્યાપક પ્રભાવ સર્વત્ર જણાવા લાગે છે. પછી આવી અભિનવતાનું સ્વાગતશીલ વૃત્તિથી સ્વીકાર કરનાર અનેક પરંપરાઓને આ પ્રભાવને કારણે નવું ચૈતન્ય પ્રાપ્ત થતું જાય છે. આ અર્થમાં કોઈ એકાદ સાહિત્ય કે સાહિત્યકાર અન્ય સાહિત્યના (લક્ષણા દ્વારા સાહિત્યકારના) ઉદ્‌ભવ (જન્મ)ને માટે કારણભૂત ઠરે છે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે પ્રભાવક-પ્રભાવિત એવો કોઈ પણ જાતના સંબંધ ન હોવા છતાં પણ બે સાહિત્યકૃતિઓમાં કે બે સાહિત્યપરંપરાઓમાં સાધર્મ્ય જોવા મળે છે તે શાને લીધે ? કે પછી ત્યાં પ્રભાવથી વ્યતિરિક્ત બીજું કંઈ કારણ કે સંબંધ સંભવે છે ? એટલે કે, બે ભિન્નભાષિક સાહિત્યોમાં સંપર્ક વિના સાધર્મ્ય જોવા મળતું હોય તો તેનું સ્પષ્ટીકરણ કેવી રીતે આપવું ? આવા સાધર્મ્યને આપણે સહજસાધર્મ્ય (anaglogy કે affinity) કહીએ * આવું સહજસાધર્મ્ય બે કૃતિઓમાં હોય કે પછી પરંપરાઓમાં પણ હોય. ઇતિહાસ, કાલાનુક્રમે થતો વિકાસ કે સમાન રૂપબંધ એવા બંધનોથી સાહિત્યકૃતિઓનો કોઈ સમુચ્ચય અન્ય ભાષાના સમાન સમુચ્ચય સાથે સમાનધર્મી લાગતો હોય તો ત્યાં પરંપરાસાધર્મ્ય છે એમ કહી શકાય. આવા પરસ્પરસંબંધરહિત સાધર્મ્યની મીમાંસા કેવી રીતે કરવી તે સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કરનારાઓની સામે એક મહત્ત્વનો પ્રશ્ન છે.

સાહજિકસાધર્મ્યનો કાયડો ઉકેલવા માટે જે પ્રયત્નો થયા છે તેના પરથી તેના સ્પષ્ટીકરણના નીચે પ્રમાણે ચાર પ્રકારો જણાય છે : (અ) માનસશાસ્ત્રીય, (બ) માનવ્યવિદ્યા પર આધારિત, (ક) સાહિત્યના ઇતિહાસ પર આધારિત,

---

* Affinity consists in resemblance in style, structure, mood or idea between two works which have no other connection.

—A Owen Aldridge, Comparative Literature : Matter and Method.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) સાહિત્યિક.

(અ) માનસશાસ્ત્રીય સ્પષ્ટીકરણ :

માનવ મન વચ્ચેના સંબંધમાંથી નિર્માણ થતી ક્રિયા-પ્રતિક્રિયાઓનું સ્વરૂપ સર્વત્ર સમાન જ હોય છે. જીવનકલહમાં દરેક સમાજને ભાગે આવતા અનુભવોમાં સમાનતા હોય છે. સૂર્ય-ચંદ્ર, તારા-નક્ષત્રો, નદી-નિર્ઝર, વૃક્ષ-વેલી ફૂલ-ફળ, સુંદર પશુપક્ષી વગેરેના દર્શનથી મનને આનંદ થાય અને આ આનંદને કવિતામાં વ્યક્ત સ્વરૂપ મળે એ ઘટના કોઈ પણ દેશમાં, કોઈ પણ કાળે બની શકે. આ ન્યાયથી સમુદ્ર અને પર્વતના દર્શનથી થતી ભવ્યતાની અને અદ્ભુતતાની પ્રતીતિ, નૈસર્ગિક પ્રકોપને કારણે અનુભવાતો અત્યંત ભય કે અસહાયપણું, નિર્જનની ભીતિ, વિશાળ મેદાન કે રણમાં અનુભવાતું એકાકીપણું આ બધું દરેક માણસની બાબતમાં—પછી તે કોઈ પણ દેશ કે કાળનો હોય પ્રતીત થશે. એટલું જ નહિ એકદમ અંતર્વિશ્વનું કે માનવના ભાવવિશ્વનું આઘાત-પ્રઘાતજન્ય પરિવર્તન કોઈ પણ પ્રદેશમાં કે કાલખંડમાં એકરૂપ જ હોય છે. પ્રિયજનના મૃત્યુનો કે વિરહનો શોક, સંતાન માટેની વત્સલતા; સ્ત્રી-પુરુષ વચ્ચેનો પ્રેમભાવ અને તેના અનુષંગે નિર્માણ થતી અસંખ્ય ભાવછટા, મિત્ર વિષેનો પ્રેમ અને શત્રુ વિષેનો દ્વેષ, ટૂંકમાં કામ, ક્રોધ વગેરે સર્વ વિકારો અને તેમનામાં સતત થતી ચઢઊતર આ બાબતો સમગ્ર માનવ જીવનને વ્યાપીને રહેલી હોય છે અને તેમના ચિત્રણમાં સાહજિક રીતે સામ્ય નિર્માણ થઈ શકે છે. જીવનકલહનો અનુભવ અને માનસિક ક્રિયા-પ્રતિક્રિયાઓની પ્રક્રિયા એમાંથી સાહિત્યનો ઉગમ થતો હોવાને કારણે તેમાં કોઈ કોઈ વાર ધ્યાન ખેંચાય તેવું સાધર્મ્ય પ્રગટ થાય તે અનિવાર્ય છે.

(બ) માનવ્યવિદ્યા પર આધરિત સ્પષ્ટીકરણ :

આર્થિક વ્યવસ્થા, સમાજરચના સંસ્કૃતિ, માનવવંશની દૃષ્ટિએ વિશિષ્ટ વિકાસ-અવસ્થા, રાજનૈતિક પરિસ્થિતિ, ઇતિહાસ, ધર્મ વગેરે બાબતોમાં જે સમાજમાં સાધારણ રીતે સમાન અવસ્થા હોય તે સમાજોમાં સાહિત્યિક પરંપરા પણ સમાન હોય તે સંભવિત છે. દા. ત. કૃષિપ્રધાન સમાજ રચનામાં હર્ષ અને વિષાદનાં કારણો અને પ્રગટીકરણ એક જ સ્વરૂપના હશે. મબલખ પાક ઉત્પન્ન થયાનો આનંદ ભારતમાં અને બલ્ગેરિયામાં એકસરખો જ હશે. અમેરિકા અને જાપાન કે પશ્ચિમ જર્મની અને સ્કેન્ડિનેવિયન રાષ્ટ્રામાં આર્થિક વિકાસ, ઔદ્યોગિક સંસ્કૃતિ વગેરે બાબતોમાં સરખાપણું હશે તો ત્યાં નિર્માણ થતી સમસ્યાઓમાં પણ સરખાપણું હશે અને તજ્જન્ય સાહિત્યમાં પણ તે પ્રતિબિંબિત થશે. ગુલામીની પ્રથા હોય તેવા રાષ્ટ્રોમાં—પછી તે અમેરિકન કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આફ્રિકન ગમે તે હોય— ગુલામોના દુઃખો અને તે વ્યક્ત થવાના પ્રકારોમાં સરખાપણું આવવાનું જ. પ્રોટેસ્ટંટ આંદોલન બાદ પ્રતિક્રિયા તરીકે નિર્માણ થયેલા કઠોર શાસન (Inquisition)ના કાળમાં બે પંથો વચ્ચે ઉત્પન્ન થયેલા તણાવનું ચિત્રણ અનેક દેશોમાં એક જ રીતે કરેલું હોય તે સ્વાભાવિક છે. આવી પરંપરા સમાંતર હશે; પરસ્પર સંપર્ક સિવાય પણ આવી પરિસ્થિતિમાં એકસરખું સાહિત્ય નિર્માણ થાય તે શક્ય છે.

(ક) સાહિત્યના ઇતિહાસ પર આધારિત સ્પષ્ટીકરણ :

દરેક રાષ્ટ્રીય સાહિત્યને વિશિષ્ટ વિકાસ-અવસ્થા હોય છે. તેમાં તફાવત હોય છે, પણ ઘણી વાર વિલક્ષણ સામ્ય પણ હોય છે. વિશિષ્ટ સાહિત્યપ્રકારોનું અસ્તિત્વ અથવા અભાવ; રંગભૂમિ પરના સંકેતોનું સ્વરૂપ; વિશિષ્ટ તત્ત્વજ્ઞાનની સાહિત્ય પર રહેલી છાયા, સાહિત્યવિષયક કલ્પના, કાવ્યશાસ્ત્ર વગેરે બાબતોમાં સમાનતા હોય તો સાહિત્યકૃતિ અને સાહિત્યપરંપરા વચ્ચે પણ સાધર્મ્ય હોઈ શકે. અહીં ભારતના મધ્યયુગીન સાહિત્યોનું જ ઉદાહરણ લઈ શકાશે. બંગાળી, ગુજરાતી, હિંદી, કાનડી વગેરે અનેક ભારતીય સાહિત્યો વિકસિત થતાં હતાં ત્યારે આખ્યાનક કવિતા, ઉપદેશાત્મક કે પ્રબોધનાત્મક સાહિત્ય, ભાષ્ય અને અનુભાષ્ય સાહિત્ય, એવી કેટલીય પ્રવૃત્તિઓ સમાન છે; તો નાટક, નવલકથા, ગદ્ય સાહિત્ય-પ્રકાર એ બધાંનો આ બધાં જ મધ્યયુગીન ભારતીય સાહિત્યોમાં સંપૂર્ણ અભાવ છે. સમાન પ્રેરણા, પ્રવૃત્તિ, એટલું જ નહિ પણ સમાન ઉણપોથી ઘડાયેલાં ભિન્ન ભિન્ન ભારતીય સાહિત્યોના વિકાસનાં અવસ્થાન્તરો સાધારણ રીતે સમાન જ છે. અદ્વૈત તત્ત્વજ્ઞાન, ભક્તિ, નીતિવિચાર વગેરેના પ્રભાવમાં પણ એકરૂપતા છે. તેથી આ ભિન્ન ભિન્ન સાહિત્યોમાં પરસ્પર વચ્ચે વ્યાપક આદાનપ્રદાન ન થવા છતાં પણ તેમની સાહિત્યકૃતિઓમાં સાધર્મ્ય નિર્માણ થયેલું છે. શેક્સપિયરના સમયમાં ભારતમાં અમુક એક સાહિત્યમાં નાટક નથી એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી, આ સ્થિતિ બધાં જ ભારતીય સાહિત્યોની છે, કારણ કે સાહિત્યના ઇતિહાસની દૃષ્ટિએ એ એકસરખી જ અવસ્થામાં છે. આથી ઊલટું ત્રણ-ચાર સદીઓ જેટલા દીર્ઘ કાળમાં ગીતા, ભાગવત, યોગવાસિષ્ઠ, શૈવમત વગેરેને આધારે સાહિત્યનું નિર્માણ કરનારા કવિઓ બધાં ભારતીય સાહિત્યોમાં પ્રાપ્ત થાય છે અને તેમની કૃતિઓમાં પણ સમાન ગુણધર્મ દેખાય છે. એક બાજુ આસામ અને બીજી બાજુ ગુજરાત; એક બીજા વચ્ચે સંપર્ક નથી; પણ તેમનાં સાહિત્યની વિકાસ-અવસ્થા સરખી જ છે. આવી સ્થિતિમાં એ બે સાહિત્યોમાં સાહજિક સાધર્મ્યનાં ઉદાહરણો જોવા મળે એ તદ્દન શક્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ક) સાહિત્યિક સ્પષ્ટીકરણ :

કવિવૃત્તિઓનું સામ્ય, પ્રતિભાધર્મોનું સાદશ્ય, કલાકૃતિઓનાં વિશિષ્ટ ઉદ્દિષ્ટો, વિદગ્ધતા કે પાંડિત્ય એ દષ્ટિએ બે લેખકોમાં સંભવનારું સામ્ય—એવાં સાહિત્યિક કારણોને લીધે ભિન્નભાષિક સાહિત્યકૃતિ અને પરંપરા વચ્ચે સાધર્મ્ય ઉદ્ભવી શકે. ઐતિહાસિક નવલકથાના જનક હરિ નારાયણ આપટે અને વૉલ્ટર સ્કૉટની ઇતિહાસ તરફ જોવાની દષ્ટિ સમાન હોય તો એકબીજાનો પરિચય ન હોવા છતાં તેમની સાહિત્યકૃતિઓમાં સાધર્મ્ય નિર્માણ થઈ શકે. નિસર્ગ તરફ પ્રેયસીની દષ્ટિએ જોનારા અને એ દષ્ટિએ તેનું ચેતનીકરણ કરનારા બે ભિન્ન દેશોના કવિઓમાં વૃત્તિસામ્યને કારણે તેમની બે કૃતિઓમાં વિલક્ષણ સામ્ય નિર્માણ થઈ શકે. તદુપરાંત સમાન વસ્તુ-બીજોમાંથી ભિન્ન ભિન્ન રાષ્ટ્રોમાં સાહિત્ય નિર્માણ થઈ શકે છે એ વિચાર પણ કરવો જોઈએ. દા. ત. લોકસાહિત્યની કથાઓ અનેક રાષ્ટ્રોમાં ફેલાય છે; તે આદિ મૂળ પછીથી અનેક આકારો ધારણ કરે છે. તેમનામાં કોઈવાર સાધર્મ્ય નિર્માણ થાય એ સ્વાભાવિક જ છે. ભારતમાં પ્રચલિત એવી એક લોકકથા છે, તે 'સટવાઈ'ની કથા કહેવાય છે. બાળકનો જન્મ થયા બાદ છઠ્ઠે દિવસે 'સટવાઈ' (ષષ્ઠી દેવતા) તેના કપાળ પર તેનું ભવિષ્ય લખી જાય છે એવી આપણા ગ્રામીણ સમાજમાં માન્યતા છે. આ બાળક પિતૃઘાતક જન્મ્યો છે તે પિતાને મારશે, માતા સાથે જ લગ્ન કરશે, આવાં ભવિષ્યો લખી જનારી 'સટવાઈ'ની ભવિષ્યવાણી સાચી પડે છે, એમ કહેવાનો આ લોકકથાનો આશય છે. સોફક્લીઝના 'ઇડિપસ રેક્સ'નો આધાર આવી લોકકથામાં જ હોવો જોઈએ. છોકરો પિતાની હત્યા કરશે, માતા સાથે લગ્ન કરશે એવી એપોલોના મંદિરની ભવિષ્યવાણી છે. પણ એક ભારતીય કથાનો, ગ્રીક નાટકકારના મન પર પ્રભાવ એવું કંઈ આ ઘટનાનું સ્વરૂપ નથી. કદાચ ભારતની લોકકથાની જેમ ગ્રીસમાં પણ એ જ નહિ તો એવી જ લોકકથા સ્વતંત્રપણે પ્રચલિત હોઈ શકે એમ હોય તો પણ બન્ને વચ્ચેના સાધર્મ્યને સહજ સાધર્મ્ય જ કહેવું જોઈએ. સાહિત્ય-કૃતિઓના ઉદ્ભવ માટે આવાં અનેક 'કારણો' હોય છે. બાઈબલ, વેદ-ઉપનિષદો આર્ષ મહાકાવ્યો, લોકસાહિત્ય, સૃષ્ટિની ઉત્પત્તિ, જન્મ-મરણ, સ્ત્રી–પુરુષસંબંધ અને પ્રજનન વગેરે વિષયોનાં આદિમ રૂપકો, ઇતિહાસ, માનવજીવનના અર્થ વિષે પ્રશ્ન કરનાર કોયડા; માણસને યુગે યુગે આકર્ષિત કરનારાં સનાતન કલ્પના-રૂપો (archetypes) વગેરે. આ ઉદ્ભવ ઘણી વાર અજ્ઞાત રહે છે. પરંતુ ભિન્ન રાષ્ટ્રીય સાહિત્યોની કૃતિ અથવા પરંપરામાં તે સાધર્મ્ય નિર્માણ કરી જાય છે. સનાતન કલ્પનારૂપો એ વિભાવના હજી સ્થિર થઈ નથી. 'લોકસાહિત્યની રૂપરેખા' નામે દુર્ગા ભાગવતના બહુમુલ્ય પ્રબંધ પરથી કે મૌખિક સાહિત્યિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંપરાનો પરિચય કરવનારા સી. એમ. બૌર જેવા સંશોધકોના પ્રતિપાદન પરથી લોકકથા અને રૂપકોના પ્રવાસની અને લોકસાહિત્ય વચ્ચેના સાદશ્યોની જાણ સારી રીતે થાય છે ખરી; તો પણ એ કથાઓનો અને રૂપકોનો પ્રવાસ ચોક્કસ ક્યાંથી ક્યાં થયો, ક્યારે થયો, કેવી રીતે થયો, તેનો શિષ્ટ સાહિત્યમાં ચોક્કસ કેવી રીતે અને ક્યારથી ઉપયોગ થવા લાગ્યો એ બધું અજ્ઞાતમાં જ જમા કરવું પડે છે. આ જ વાત થોડા ઘણા ફરક સાથે બોધકથા, પ્રાણીકથા, પુરાકથા, પરીકથા, જાનપદ (popular) સાહિત્ય, અર્ધધાર્મિક વિધિ અને ઉપચાર તેમની સાથે યોજવામાં આવેલાં ગીત–કથા–વાર્તા વગેરેની બાબતમાં ખરી છે.

આ બધા વિવેચનનો સાર એવો છે કે ભિન્ન ભિન્ન સાહિત્યોમાંનું સાધર્મ્ય મૂલત: બે પ્રકારે સંભવી શકે : પ્રભાવમૂલ અને ઉદ્ભવમૂલ, આમાંથી પ્રભાવ-મૂલ સાધર્મ્યનું સ્પષ્ટીકરણ કરવું પ્રમાણમાં સહેલું હોય છે; પરંતુ ઉદ્ભવમૂલ સાધર્મ્યનો વિચાર કરતી વખતે આપણે મનોવગાહન, માનવ્યવિદ્યા જેવા સાહિત્યેતર સંદર્ભોનો ઉપયોગ કરીએ છીએ. આવા સંદર્ભો ક્યારેક દુરાન્વયના લાગે છે. તો ક્યારેક તેમની શક્યતા અથવા સંભવનીયતા વિવાદાસ્પદ જણાય છે. તેના પ્રમાણમાં સાહિત્યના ઇતિહાસ પર આધારિત કારણો અને સાહિત્યિક કારણો વધારે આધારભૂત હોવાની શક્યતા છે, પરંતુ તેમાં પણ અનિશ્ચિતતા જણાય જ છે.

પ્રતિભાધર્મોની સમાનતા શોધવી અથવા બે પ્રતિભાશાળીઓને સમાનધર્મો તરીકે સંબોધવા એને પણ અશાસ્ત્રીય અનુમાનનો પ્રકાર કહેવો જોઈએ. કાલિ-દાસના અભિજ્ઞાન શાકુંતલનો પહેલો અંક જુઓ : યુવાન રાજવી પુરુષનું જેને ક્યારેય દર્શન પણ થયું નહોતું તેવી અજાણ શકુંતલાની દષ્ટિએ ઉમદા, ધીર-લલિત નાયક દુષ્યન્ત પડે છે અને તે પ્રથમ દષ્ટિએ જ તેના પ્રેમમાં પડે છે; અને તે 'વનલતા'ના દર્શનથી દુષ્યંત પણ સ્તંભિત થાય છે એવી ઘટના શાકુંતલના આરંભમાં બને છે. આ ઘટના શેક્સપિયરના 'ટેમ્પેસ્ટ' નાટકના પહેલા અંકના પ્રસંગ સાથે મળતી આવે છે : એકાકી બેટ પર વૃદ્ધ પ્રોસ્પેરો સાથે રહેતી તેની લાડકી પુત્રી—મિરાન્ડાની મુલાકાત તે બેટ પર યોગાનુયોગે આવી ચડેલા રાજકુમાર ફર્ડિનાન્ડ સાથે થાય છે અને તે બન્ને એકબીજા પ્રત્યે વિલક્ષણ રીતે આકર્ષાય છે. શેક્સપિયરે કાલિદાસનું નાટક જોયું નહોતું કે કાલિદાસે શેક્સ-પિયરનું. તો બન્નેના નાટકમાં રહેલા આ સાધર્મ્યનું સ્પષ્ટીકરણ થાય કેવી રીતે ? કદાચ આ શુધ્ધ યોગાનુયોગ હોઈ શકે અથવા કદાચ કોઈ અજ્ઞાત ઉદ્ભવકારણ તેની પાછળ હોઈ શકે.

પણ એક વાત સાચી : દરેક સાહિત્યકૃતિનું ઉદ્ભવકારણ એટલે પ્રતિભા; તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાકલનીય છે; પ્રતિભેતર કારણોની શોધ એટલે વાંઝીયું, શૂન્ય સંશોધન અથવા વિફળ પાંડિત્ય; આ દૃષ્ટિકોણ ગઈ સદીથી ત્યાજ્ય મનાયો છે. ખાસ કરીને ડાર્વિનની ભૌતિકાધિષ્ઠિત ઉત્ક્રાન્તિવિષયક વિચાર-પ્રણાલિ ફ્રોઈડ, યુંગ વગેરેએ કરેલો આંતરમનનો ઉકેલ અને સૌથી મહત્ત્વની બાબત એટલે ઇતિહાસ માનવસમાજની પ્રવૃત્તિઓ, માનવ કૃતિઓના સામાજિક–રાજકીય સંદર્ભ વગેરે વિષે કાર્લ માર્ક્સે નિર્માણ કરેલી સભાનતા...આ બધી વૈચારિકતાની એક સમ્યક્ અસર થઈ છે. માર્ક્સવાદી સમીક્ષામાં તેની હંમેશા પ્રતીતિ થાય છે. (અલબત્ત મનોવગાહનના સંશોધક અને માર્ક્સપ્રણીત દર્શનના પ્રકાશમાં બધી બાબતોનો ઉકેલ કરવા માગતા. સમીક્ષકાના નિષ્કર્ષ બહુધા ભિન્ન જ નહીં પણ પરસ્પર વિરુદ્ધ પણ હોય છે!) માર્ક્સવાદી સમીક્ષાનો સંપૂર્ણ સ્વીકાર કર્યા વિના પણ તે સમીક્ષાની એક સફળતા સર્વમાન્ય જ છે. દરેક માનવ કૃતિને સામાજિક–રાજકીય–આર્થિક–સાંસ્કૃતિક સંદર્ભોના ચોકઠામાં જોવી જોઈએ, એવી સભાનતા આ સમીક્ષાએ નિર્માણ કરી. અનાકલનીય પ્રતિભાનું આ 'દૈવી' સ્વરૂપ આ સમીક્ષાને કારણે અધિક આકલનીય અને તેથી માનવીય થયું છે ખરું! આને કારણે પ્રતિભાના સ્વરૂપ અને તેના સ્વભાવધર્મની તપાસ કરીને તેમની વચ્ચેનું સમાનત્વ જોવું આધુનિક કાળમાં શક્ય મનાવા લાગ્યું છે.

વિશિષ્ટ સાહિત્યિકના અન્યભાષિકક્ષેત્રમાં પડેલા પ્રભાવનો અંદાજ કાઢવાની રીત નિશ્ચિતરૂપે કહી શકાશે નહિ. પ્રભાવનું ફક્ત અનુકરણ પરથી અનુમાન થઈ શકે નહિ તે પ્રેરણાદાયક હોય છે, હોવો જોઈએ. આ બીજા પ્રકારના પ્રભાવનું નિશ્ચિત નિદાન મુશ્કેલ હોય છે. તો પણ અભ્યાસીને કંઈક દિશાસૂચન કરી શકાશે. દા. ત. મરાઠી સાહિત્ય પરના રવીન્દ્રનાથના પ્રભાવનો અંદાજ કાઢવા માટે કેટલીક યોજના મનમાં નક્કી કરી શકાશે. આ યોજનાના આરંભમાં, મરાઠી સાહિત્યમાં રવીન્દ્રનાથનો ઉલ્લેખ સૌ પ્રથમ ક્યારે થયો તેની તપાસ હશે; પછી તેમની કીર્તિ આ પ્રદેશમાં કેવી રીતે પ્રસરી તે આપણે જોઈએ. તેમનો પહેલો અનુવાદ ક્યારે થયો, એ કોણે કર્યો, તેનું સ્વાગત કેવું થયું, અહીંના વાચકો પર એની ચોક્કસ શી અસર થઈ એ જાણવાનો આપણે પ્રયત્ન કરીએ, આ અનૂદિત કૃતિનું પ્રકાશન કોણે કર્યું, તે કરનારી સંસ્થા મરાઠી પ્રદેશમાં માતબર ગણાતી હતી ખરી, તેને કારણે અનૂદિત કૃતિને આપોઆપ જ શું ગુણવત્તા વિષે માન્યતા મળી, એ પણ તપાસીએ, અનુવાદક જો આવા જ સર્વમાન્ય દરજ્જાનો હોય તો તે વસ્તુસ્થિતિને કારણે તે કૃતિના કે રવીન્દ્રનાથના સ્વાગતને શી મદદ મળી તેનું પણ અવલોકન કરીએ, પછી થયેલા અન્ય અનુવાદ એક જ કૃતિના કે એનાથી બીજી કૃતિઓના—તેનો આપણે વિચાર કરીએ; તેનાથી થયેલી અસરનું સ્વરૂપ સ્પષ્ટ કરીએ; અનુવાદોનું સાતત્ય અને વાચકો દ્વારા તેમનું થતું સ્વાગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બાબતોનું અવલોકન કરતી વખતે જ બહુધા બીજી કેટલીક ઘટનાઓ ધ્યાનમાં આવવા લાગશે. વિવેચક, રસગ્રાહી લેખક, ભાષ્યકાર વગેરેએ રવીન્દ્રનાથ વિષે કરેલું લેખન, મરાઠીમાં રવીન્દ્રનાથની થયેલી નકલો, અનુકરણાત્મક પરંતુ નોંધપાત્ર સ્વતંત્ર કૃતિ, રવીન્દ્રનાથના સાહિત્યની પેરડીઓ કે કૃતક અનુકરણો તેમને વિષેનાં કટાક્ષાત્મક કે પ્રતિકૂળ લખાણો, તેમના વિચારોનું ખંડન વગેરે; આ બધી બાબતોનું સર્વેક્ષણ કર્યા પછી, મરાઠીના કયા લેખકો પર અને લખાણ પર રવીન્દ્રનાથના દૃઢ 'સંસ્કાર' પડ્યા છે, તે અભિવ્યક્તિ પર કેટલે અંશે પડ્યા છે, ભાવવૃત્તિ પર કેટલા પડયા, જીવનદૃષ્ટિ પર કેટલા થયા એની તપાસ પણ શ્રેયસ્કર ઠરશે; મરાઠી કવિતા, નવલકથા, નાટ્ય, રહસ્યવાદી લેખન, વૈચારિક નિબંધ, સમીક્ષા એવાં અનેક ક્ષેત્રોમાં આવી તપાસ કરવી પડશે; રવીન્દ્રનાથનો પ્રભાવ કયા કાલખંડમાં જણાવા લાગે છે, તે વધતો જતો હોય તો તે ઉતારનો કાલખંડ કયો, એનો આલેખ દોરીને તે ચઢઊતરની કારણમીમાંસા પણ આપણે કરીએ; રવીન્દ્રનાથનો સાહિત્યવિશેષ ઊંડે પ્રસરતાં તેની અપ્રત્યક્ષ અસર કે સંસ્કાર કયા રહ્યા છે તે પણ જોઈએ. આ બધી તપાસ પછી જ પ્રભાવ વિષે કાઢેલો નિષ્કર્ષ ગ્રાહ્ય ઠરી શકે.

રને વેલેક જેવા અભ્યાસીએ તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં અન્યોન્ય સંબંધ અને પ્રભાવને મહત્ત્વ આપવા વિષે નાપસંદગી વ્યક્ત કરી હોવા છતાં આ ક્ષેત્રમાં આ વિષયનું સ્થાન કેન્દ્રવર્તી છે એમ માનનારા અભ્યાસીઓ પણ ઘણા છે. લેખકોએ અથવા સાહિત્યે અન્યભાષિક લેખકો પર કે સાહિત્યો પર શી અસર કરી કે પ્રભાવ પાડ્યો એની તપાસ કરવી અને એ પ્રભાવ ઊંડે ઊતરવાની, ફેલાવાની, વ્યાપક થતાં જવાની ચિકિત્સા કરવી એ તુલનાત્મક સાહિત્યાભ્યાસનું મહત્ત્વનું ઉદ્દિષ્ટ છે એવું પણ કેટલાક ખાસ કરીને ફ્રેન્ચ વલણોના અભ્યાસીઓ માને છે. * વેલેકના વિરોધનો ઝોક પણ આપણે ધ્યાનમાં લેવો જોઈએ. ગમે તેનો ગમે તેની સાથે સંબંધ જોડવો કે દરેક લલિત કૃતિના જન્મને રાજકીય, સામાજિક સંદર્ભ જોડી આપવો એ બાબતમાં અતિરેક થવાનો સંભવ હોય છે; એટલું જ નહિ, આવો અતિરેક થયો પણ છે. તેથી

---

* Comparative Literature studies, essentially, the influence that authors or literatures of different nations have exerted on one another, as well as the diffusion of such influences. The national point of departure is never allowed out of sight, and the studies often go into minute particulars.

—Simon Jeune

(Ref : Comparative Literary Studies, S. S. Prawer, pp. 51)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો "હમણાં તો ગમે તેની ગમે તેના પર થયેલી અસરની તપાસ કરું છું," એવાં તુલનાત્મક સાહિત્યના અભ્યાસીની મજાક કરનારાં વાક્યો નાટક વગેરેમાં મળી આવે છે. ઉદ્‌ભવ, પરંપરા, અસર, પ્રભાવ વગેરે બાબતોને આવશ્યક કરતા વધારે મહત્ત્વ આપવાથી લેખક અને તેની કૃતિના સ્વાયત્તપણાને નકારવા જેવું થશે; આમ ન થાય તેના તરફ તુલનાત્મક સાહિત્યાભ્યાસીએ ધ્યાન આપવું જોઈએ. આનો અર્થ એ જ કે આ બાબતોના સંશોધનની પરિણતિ મૂળભૂત કવિપ્રતિભાના અવમૂલ્યનમાં થવી ન જોઈએ.

સાહિત્યમાં પ્રભાવોનું અવલોકન કરતી વખતે એક વિલક્ષણ સત્યનો અનુભવ થાય છે. અભિજાત સાહિત્ય અને મહાન લેખકોનો જ અન્યત્ર પ્રભાવ પડતો હોય છે એવું નથી; તો ઘણી વાર સ્વભાષિક સાહિત્યમાં બહુ ઊંચું સ્થાન પ્રાપ્ત ન કરેલા ગૌણ શ્રેણીના લેખકોનો અન્યભાષિક સાહિત્યક્ષેત્રમાં ઘણો જ પ્રભાવ પડેલો જણાય છે. દા. ત. રૈનોલ્ડસ નામે નવલકથાકારને અંગ્રેજી સાહિત્યના ક્ષેત્રમાં ખાસ માન્યતા મળી નથી; પણ મરાઠી નવલકથા—સાહિત્ય પર તેનો ઘણો મોટો પ્રભાવ પડ્યો છે. હરિભાઉ આપટે, નાથમાધવ જેવા અગ્રગણ્ય નવલકથાકાર તેનાથી પ્રભાવિત થયા હતા. કોઈ વાર પોતાના પ્રદેશ કરતાં અન્યત્ર જ કોઈક લેખકનો પ્રભાવ અધિક જણાય છે. ખાંડેકર મરાઠી નવલકથાના ક્ષેત્ર કરતાં પણ અન્ય ભાષિક ક્ષેત્રોમાં અધિક પ્રભાવશાળી ઠર્યા. અલબત્ત લેખકનું આ ક્ષેત્રનું ભાગ્ય જ્યાં તેનો પ્રભાવ પડે છે ત્યાંની સાહિત્યિક પરંપરાઓ પર, જરૂરિયાતો પર, વિકાસ—અવસ્થા પર આધારિત હોય છે. કોઈક વાર સાહિત્યેતર કારણોસર પણ વિશિષ્ટ લેખકનો અન્યભાષિકો પર અધિક પ્રભાવ પડે છે. હુકમશાહીથી ત્રાસેલા, મહાયુદ્ધમાં દાઝેલા, વ્યક્તિસ્વાતંત્ર્યનો વારસો ગુમાવી બેઠેલા કોઈ એક સમાજને યુયુત્સુ અને આક્રમક વૃત્તિના પ્રથમ શ્રેણીના સાહિત્યિક કરતાં પણ શાંતિપ્રિય, માનવી સ્વાતંત્ર્યનો પક્ષ લેનાર કોઈ સામાન્ય દરજ્જાના સાહિત્યિકનું જ અધિક આકર્ષણ થાય તે સ્વાભાવિક છે. જ્યાં રંગભૂમિની પરંપરા જ નથી ત્યાં નાટકમાં નવા નવા પ્રયોગ કરનાર અને સંઘર્ષના સૂક્ષ્મતરળ ચિત્રાનું આલેખન કરનાર નાટકકારને બદલે મધ્યમ કક્ષાના બાળબોધ નાટકો લખનાર સામાન્ય નાટકકારનું મહત્ત્વ વધારે લાગે. સારાંશ, લેખકનો પ્રભાવ પડવો કે ન પડવો એનો આધાર પૂરેપૂરો તેની સાહિત્યિક મહત્તા પર નથી હોતો, પણ જ્યાં તેનો સ્વીકાર થાય છે ત્યાંની પરિસ્થિતિનો તેમાં ઘણો ફાળો હોય છે.

તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં સાધર્મ્ય—વૈધર્મ્યને આધારે અને ઉદ્‌ભવ અને પ્રભાવની તપાસ કરીને એક કરતાં વધારે સાહિત્યોની તુલના કરવામાં આવે છે એ નિશ્ચિત કર્યા પછી પ્રભાવવિષયક સંશોધનને મહત્ત્વ પ્રાપ્ત થાય એ સ્વાભાવિક જ છે. કેવળ આવા સંશોધનમાં બેફામ વિધાનો અને ઉપરછલ્લા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષ્કર્ષ ટાળવા આવશ્યક છે. આને માટે સમગ્ર રાષ્ટ્રીય સાહિત્યોની તુલના કરતાં, બે સાહિત્યિક પરંપરાઓની તુલના કરતાં કે બે લેખકોના સમગ્ર સાહિત્યોની તુલના કરતાં મર્યાદિત ક્ષેત્રોનું નિશ્ચિત અને આધારભૂત અવલોકન કરવું એ જ શ્રેયસ્કર થાય.

અન્યત્ર પડતા પ્રભાવ અને સાહિત્યનાં સર્જક કારણો એટલે કે ઉદ્‌ભવનો વિચાર એકમેકથી તદ્દન સ્વતંત્રપણે કરી શકાશે નહિ એ આપણે જોયું જ છે. તેથી જ અહીં પ્રભાવ-વિચાર પછી ઉદ્‌ભવ-વિચાર વધારે વિગતવાર રીતે કરવાનો છે.

પ્રતિભાવાન્ લેખક 'નવનિર્મિતિ' કરે છે એ સાચું હોય તો પણ આ નવતાનો અર્થ તારતમ્ય અનુસાર કરવો પડે છે. જગતના સાહિત્ય તરફ શોધક દૃષ્ટિએ જોતા અભ્યાસીને એ વાતની પાકી જાણ હોય છે કે મહાન લેખકોના અક્ષરસાહિત્યમાં પણ ઘણી વાર જૂનાં કલ્પનાબીજોને નવા અંકુરો ફૂટતા હોય છે. કાલિદાસ, શેક્સપિયર જેવા વિશ્વમાન્ય લેખકોનાં નાટકોનાં વસ્તુબીજ એક અર્થમાં તેમણે ઉછીના લીધેલાં જ જણાય છે. તે જ પ્રમાણે, માનવ મનની દોડ જ્ઞાત અને અનુમેય વિશ્વની પેલેપાર પહોંચી શકતી નથી અને અજ્ઞાતની તપાસ કરવાના અથવા આધ્યાત્મિક સત્યને સાહિત્યિક રૂપ આપવાના પ્રયત્ન પણ જ્ઞાત વિશ્વનાં રૂપક વાપર્યાં વિના કરી શકાતા નથી; એવી પ્રતીતિ પણ દરેક અભ્યાસીને થતી હોય છે.

સાહિત્યને સમુદ્રની ઉપમા આપવામાં આવે છે. અને ખરેખર જ તેનાં મોજાં પર ભાસમાન થતાં સૌંદર્યો ક્ષણેક્ષણે નવીનતા ધારણ કરતાં હોય છે. તો પણ નવીનતાના આ અસંખ્ય રૂપોમાં પણ કોઈક શિસ્ત છે, તેમાં અનેક પ્રકાર છે. તેમનું વર્ગીકરણ કરવું અમુક પ્રમાણમાં તો શક્ય છે એમ સાહિત્યના અભ્યાસીએ દર્શાવી આપ્યું છે. દા. ત. સાહિત્યના વિષય વિશિષ્ટ કલ્પનાબીજોમાંથી વિકસિત થાય છે તેનું હવે એક નવું શાસ્ત્ર જ નિર્માણ થયું છે. આ વસ્તુબીજ-વિકાસશાસ્ત્ર (Thematics) તુલનાત્મક સાહિત્યાભ્યાસી માટે વિશેષ મહત્ત્વનું છે; કારણ એક જ વસ્તુબીજમાંથી ભિન્ન ભિન્ન સાહિત્યકૃતિ અને તે પણ ભિન્ન ભિન્ન ભાષાઓમાં નિર્માણ થાય છે તેથી તેમનો અભ્યાસ અતિશય ઉદ્‌બોધક ઠરે છે. વસ્તુબીજોનું એક સ્થૂળ વર્ગીકરણ કરી શકાશે. અહીં એનું દિશાસૂચન કરીએ તો પણ બસ છે :

૧) નિસર્ગ અને તે સંબંધી માણસની પ્રતિક્રિયા એટલે કે નદીઓ, સમુદ્ર, પર્વત, વાવાઝોડાં, વનસ્પતિ, પ્રાણીજીવન વગેરેના સંબંધમાં થતો માનસિક પ્રતિભાવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨) જન્મમૃત્યુ, જરાવ્યાધિ, સ્વપ્ન, ભાસ એવાં માનવ જીવનનાં સનાતન સત્યોની શોધ; માનવ જીવનના યક્ષપ્રશ્નોનાં અને માનવ વર્તનના વિચિત્ર ચિત્રોનાં સ્વરૂપો જોવાં; સત્ય અને ભ્રમનો સંઘર્ષ અનુભવવો; માણસ અને નિયતિનો સંઘર્ષ અને તેમની હારજીત સૂચિત કરવી; ખરા પ્રીતિભાવની યોગાયોગજન્ય નિષ્ફળતા અટળ હોવાનું દર્શાવવું; સ્વચ્છંદ વૃત્તિનો સ્વૈરાચાર ચિત્રિત કરવો; ઇત્યાદિ.

૩) સાહિત્યના અને લોકસાહિત્યના સંકેત અને પ્રતીકો : સૃષ્ટિની ઉત્પત્તિ, સ્ત્રી અને પુરુષની નિર્મિતિ વગેરે બાબતોમાં અનેક પ્રતીકો હોય છે અને તેના દ્વારા કેટલાંક શાશ્વત સત્યો સૂચવાયેલાં હોય છે. શાપ, વરદાન, અતિમાનસ અસ્તિત્વ, પુનર્જન્મ, મૃત વ્યક્તિએ કરેલું જીવંતપણાનું નાટક વગેરે.

૪) પુનરાવર્તિત થતાં ઘટનાચક્રો : પ્રેમનો ત્રિકોણ, પિતાપુત્ર વચ્ચેનો સંઘર્ષ, નિર્બળ દેખાતા માણસે પર્વત જેવા દેખાતા રાક્ષસ સાથે લીધેલી ટક્કર, પ્રેમીઓનું પ્રભાતમિલન કે વિયોગ, અશક્ય લાગતું ભાવિ ખરું ઠરવું ઇત્યાદિ.

૫) માણસોના કે વિશિષ્ટ સમુદાયોના વિશ્વાત્મક પ્રકારો (Types) એ સ્વરૂપમાં લીધેલાં દર્શનો–ઉદાહરણાર્થ, માસ્તર, યોદ્ધો, જાગીરદાર, ખેડૂત, કારકૂન, કામગાર વગેરે.

૬) લોકકથા, પુરાણ, ઇતિહાસ, સાહિત્ય ઇત્યાદિમાં પ્રસિદ્ધ વ્યક્તિચિત્રોને નવાં સાહિત્યિક રૂપ આપવાં–નારદ, ચાણક્ય, નેપોલિયન, શિવાજી, ત્રાટિકા ઇત્યાદિ. આવા વ્યક્તિચિત્રોને ભિન્ન ભિન્ન સાહિત્યોમાં ભિન્ન ભિન્ન ઉદ્દેશોથી વિશિષ્ટ ગુણદોષોનાં પ્રતીક બનાવવામાં આવે છે. એવું આપણે હંમેશા જોઈએ છીએ.

૭) પુરાણ અને ઇતિહાસના પ્રભાવક પ્રસંગો અને ઘટનાઓને નવો આશય આપવો. (Interpretation)

ઉપર આપેલાં સંભવિત વસ્તુબીજોમાંથી છઠ્ઠા વર્ગના વસ્તુબીજોનું થોડું વધુ સ્પષ્ટીકરણ કરવું જોઈએ. જ્ઞાત વ્યક્તિઓના નવા અવતાર ઘડવામાં આવે છે તે કેટલાક ખાસ હેતુથી : તેમના વ્યક્તિત્વ પર નવો પ્રકાશ નાખવા માટે અથવા તેમના વર્તનનો નવો અન્વયાર્થ કરવા માટે; કોઈ કોઈ વાર લોકમાન્ય સમજણનું નિરસન કરીને એકદમ વિરુદ્ધ સ્વરૂપનું ચિત્ર નિર્માણ કરવા માટે. રાવણ, દુર્યોધન, અશ્વત્થામાં, કર્ણ, શ્રીકૃષ્ણ, સીઝર, શિવાજી, નેપોલિયન એવી અનેક વ્યક્તિઓ, વિષે વિવિધ દૃષ્ટિકોણથી કથા, વાર્તા, કવિતા, નવલકથા, નાટકો લખાયાં છે. લેખક આવું શા માટે કરે છે તેનો એક ઉત્તર એવો આપી શકાય કે આવી પ્રસિદ્ધ વ્યક્તિઓના ચરિત્રોમાંથી કેટલાંક શાશ્વત, ફરી ફરીને પ્રગટ થતાં, અર્થગર્ભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યો (Constants) સાંપડતા હોય છે એવો આપણને વિશ્વાસ હોય છે. પૌરાણિક વ્યક્તિઓનાં ચિત્રણમાંથી આધુનિક સમકાલીન સમસ્યાઓનો બોધ કરી શકાય છે. રામાયણનો શંબૂક, મહાભારતનો એકલવ્ય અને આજના દલિતોના પ્રશ્ન, આ બધાને કેવા અજાણતાં જ સાંધી શકાય છે તે આપણે આજે જોઈએ જ છીએ. ઉપેક્ષિત અને પરિત્યક્ત બાળકનું 'કર્ણ' એ શાશ્વત પ્રતીક ઠરે છે. પુરાણકથાઓના નૂતન અવતાર એવું લેબલ લગાડી શકાય તેવું પરંતુ અતિશય મહત્વનું અને નોંધપાત્ર સાહિત્ય ઘણું મોટું છે. એક જ પુરાણકથાને બે લેખકો કેવી રીતે વાપરે છે તેનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે તો તે બન્ને લેખકોની વિશિષ્ટતાઓનો અને સામર્થ્યનો બોધ થાય છે. બન્ને લેખકો સમકાલીન હોવા જોઈએ એવું નથી; તેમાંનો એક પ્રાચીન અને એક અર્વાચીન હોઈ શકે; તેઓ એક જ ભાષામાં સાહિત્ય લખનારા હોય એવી પણ જરૂર નથી. બંગાળી અને મરાઠી, ગ્રીક અને ફ્રેંચ એવી ઓછા-વધતા અંતર પરની ભાષાઓમાં તે લખતા હશે. —એક જ પુરાણકથા કે પ્રાણીકથાનો દુનિયાના બે ભિન્ન ભાષાના લેખકો ઉપયોગ કરે છે ત્યારે દેશ-કાળની જુદી પરિસ્થિતિને કારણે તેમનાં સાહિત્યોને કેવાં જુદાં પરિમાણ પ્રાપ્ત થાય છે તે જોવું વધુ ઉદ્‌બોધક ઠરે છે. સોફક્લીઝ અને અયોનેસ્કોની પ્રતિભાએ ઈડિપસ ઍંટિગની કથાનો કેવી રીતે ઉપયોગ કર્યો છે, રવીન્દ્રનાથ અને કુસુમાગ્રજે કર્ણ–કુંતી સંવાદ લખતી વખતે પોતપોતાની પ્રતિભાની વિશિષ્ટતાઓ કેવી રીતે પ્રગટ કરી છે એ જોઈએ એટલે પ્રસ્તુત પ્રક્રિયા સ્પષ્ટ થાય છે.

ઉદ્‌ભવ એટલે આદિમૂલ સર્જક ઘટક. તેનાં સ્વરૂપો ટૂંકમાં નીચે પ્રમાણે નોંધી શકાય.

(अ) ઉપરના વિવેચનમાં નોંધેલાં વસ્તુબીજો : (themes)

(आ) ત્યાં જ નોંધેલા પુરાણ, ઇતિહાસ, પૂર્વસાહિત્ય વગેરેમાંની વ્યક્તિઓના નૂતન અવતાર : (prefigurations).

(इ) લોકકથા, લોકગીતો, વાર્તાઓ, ગાથા, પ્રચલિત કલ્પનારમ્ય પ્રીતિકથા (romances), આદિવાસીઓનું પ્રતીકવિશ્વ : (folklore).

(ई) ઐતિહાસિક ઘટના, લોકમાનસમાં દૃઢ થયેલા પણ જેને નવો આશય આપી શકાય એમ હોય તેવા પ્રસંગ : (history).

(उ) પુરાકથા અથવા પ્રાક્‌કથા (myth), પરીકથા (fairy tales), પ્રાણીકથા (fables) : popular literature.

(ऊ) વિશિષ્ટ આદિમ સ્થિર થયેલી કલ્પના : ઉડાઉ પુત્ર (prodigal

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

son) સાવકા સંબંધનું સ્વરૂપ; ગમતાં ન ગમતાં સંતાનો...વગેરે : (archetypes)

(ए) યુદ્ધ, યાદવાસ્થળી જેવાં માનવપ્રેરિત તથા વાવાઝોડું, ધરતીકંપ, દાવાનળ જેવાં કુદરતી સંકટો : (catastrophies).

(ऐ) વિશિષ્ટ રાજકીય અને સામાજિક વાતાવરણ (milieu), બનાવો (events), પરિસ્થિતિનું આહ્વાન : (situations).

(ओ) પૂર્વસૂરિઓની સાહિત્યકૃતિ, સમગ્ર અથવા વિભાગશ : (તેમને નવો આશય આપવા માટે, સ્પર્ધા માટે વગેરે) : (classics re-interpretated).

(औ) માનસશાસ્ત્ર, ગુનાખોરીનું શાસ્ત્ર વગેરેમાં માર્મિક ભાગ : (psychology, criminology).

ઉપર નિર્દેશેલા સર્જક ઘટકોમાં એકબીજાનું મિશ્રણ થાય છે જ એ વાત સ્પષ્ટ છે. આ ઘટકોને આધારે નિર્માણ થતા વિભિન્ન સાહિત્યોમાં સામ્યવૈષમ્ય શા માટે હોય છે તેની તપાસ તુલનાત્મક સાહિત્યના અભ્યાસીને અલબત્ત મહત્ત્વની લાગે છે. આ બધાં ઘટક—કારણોમાંથી તે તે સાહિત્યના અને સાહિત્ય નિર્માતાના ગુણધર્મ પ્રગટ થશે જ પરંતુ સાથે સાથે તે સાહિત્ય જે રાષ્ટ્રનું હશે તે રાષ્ટ્રની સાહિત્યિક પરંપરા પણ અધિક સ્પષ્ટ થશે. પ્રભાવ પાડનારા ઘટકો જ 'ઉદ્ભવ' તરીકે કાર્યાન્વિત થતા હોવાથી ઉદ્ભવ-પ્રભાવો (sources and influences) નો અભ્યાસ સંલગ્ન જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. તુલનાત્મક અભ્યાસનો ભારતીય વ્યૂહ

તુલનાત્મક સાહિત્યના અભ્યાસમાં કયા સાહિત્યનો અભ્યાસ કરવો એને માટે કોઈ બંધન નથી. તો પણ વિશિષ્ટ સાહિત્યોનાં જૂથ નિર્માણ થાય છે અને તેમ થવાની પાછળ ઐતિહાસિક કારણો હોય છે એ ધ્યાનમાં રાખીને તુલનાત્મક સાહિત્યના અભ્યાસનું ક્ષેત્ર સાભિપ્રાય મર્યાદિત કરી લેવું એ શ્રેયસ્કર છે. આ અભ્યાસને કારણે સાહિત્યની અંતર્ગત ઘટનાઓની ને વિશ્વાત્મકતાની ખરેખર પ્રતીતિ થાય છે તેથી તેના ખંડની કલ્પના કરવી એટલે તેના મૂળ પર જ ઘા કરવા જેવું છે. એવો આક્ષેપ ઘણા અભ્યાસીઓએ કર્યો છે. તે આક્ષેપનો નિષ્કર્ષ સ્વીકારવા જેવો હોવા છતાં આજે જગતનાં બધાં સાહિત્યોનો એકત્ર વિચાર કરવો અશક્ય હોવાથી ખંડશઃ તુલનાત્મક અભ્યાસ કરવો એ જ વધારે ઉપયુક્ત ઠરશે. માનવના સ્વભાવધર્મ સર્વત્ર સરખા જ, પ્રતિભાનું કાર્ય સર્વત્ર એકરૂપ જ, વગેરે વ્યાપક વિચારોનું મહત્ત્વ માન્ય કરીએ તો પણ તેટલાથી પ્રશ્ન ઉકલતો નથી. અમેરિકા અને યુરોપના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક સંદર્ભો ભારતીય સંદર્ભો કરતાં ઘણી બાબતોમાં ભિન્ન છે; એટલું જ નહિ પણ ભાષા અને સાહિત્યની વિકાસાવસ્થા પણ અત્યંત જુદી છે. પૂર્વપશ્ચિમનો સંબંધ છેલ્લી બે સદીઓમાં દૃઢ થયો હોય તો પણ તેટલાથી બધું અંતર દૂર થયું નથી. સદીઓ સુધી બે સંસ્કૃતિઓનો પ્રવાસ સ્વતંત્ર થયેલો હોવાને કારણે સાંસ્કૃતિક ધન અને સાહિત્યિક પરંપરા વચ્ચે ઘણો મોટો તફાવત પડ્યો છે; એટલે સુધી કે આ શાસ્ત્રની ચર્ચા કરતાં કોઈ પણ પાશ્ચાત્ય ગ્રંથો જોઈએ તો તેમાંના નેવું ટકા ઉદાહરણો અને સંદર્ભો સુશિક્ષિત ભારતીયોને પણ અપરિચિત હોય એવું જોવા મળે છે. અંગ્રેજી સિવાય અન્ય યુરોપિયન સાહિત્યોનો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ પરિચય તૂટક હોવાને કારણે ત્યાંના ગ્રંથકારોએ ફ્રેંચ, જર્મન, સ્પેનેશિ, રશિયન સાહિત્યોનો સંદર્ભ આપીને કરેલું વિવેચન આપણને બહુ ઉપયોગી થતું નથી. તે લોકોને પણ ભારત વિષે અને ખાસ કરીને આધુનિક ભારતીય ભાષાઓના સાહિત્યો વિષે આછો પણ ખ્યાલ ન હોવાને લીધે ભારત સાથે અથવા પૂર્વ તરફનાં અન્ય રાષ્ટ્રો સાથે પોતાનો સાહિત્યિક સંબંધ જોડવા જેટલી તેની અગત્યતા જણાતી નથી. બીજી પણ એક મહત્ત્વની મુશ્કેલી છે : યુરોપમાં થયેલાં અભિજાતવાદ (classicism), સ્વચ્છંદવાદ (romanticism), વાસ્તવવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(realism) વગેરે સાહિત્યિક અને કલાવિષયક આંદોલનો અને વિશિષ્ટ કાલખંડો-માં તેમનો થયેલો વિકાસ અને ભારતીય સાહિત્યોનો થયેલો વિકાસ એનો સાક્ષાત્ સંબંધ નથી. અનેક સદીઓની અવધિમાં યુરોપમાં વિશિષ્ટ કારણોસર જે પરિવર્તનો નૈસર્ગિક રીતે થતાં ગયાં તેમનો પરિચય ફક્ત આપણને વિદ્યાપીઠના શિક્ષણને કારણે થયો. આપણે અભ્યાસુપણાથી વિવિધ સાહિત્યિક આંદોલનોનાં પ્રાણભૂત તત્ત્વો જાણી લીધાં. લેખકો પોતપોતાના લેખનમાં તેમનો આધાર પણ લઈ શક્યા. પરંતુ જે ઉથલપાથલને પાશ્ચાત્ય જગતમાં ચારસો વર્ષ લાગ્યાં તે આપણા દેશમાં જાણે અર્ધી-પોણી સદીમાં જ બની ગઈ! એટલું જ નહિ પણ તે પરિવર્તનનો કાળક્રમ અને નૈસર્ગિક વિકાસને બદલે રોમૅન્ટિક અને વાસ્તવવાદી પ્રવૃત્તિ એકી સમયે અસ્તિત્વમાં આવી હોય એવાં દશ્યો દેખાવા લાગ્યાં. તેથી જ પાશ્ચાત્ય સાહિત્ય-વિચારમાં રોમૅન્ટિસિઝમ, રિઆલિઝમ, સરરિયાલિઝમ વગેરે તરફ આંદોલન અને પ્રવૃત્તિ એ બન્ને દૃષ્ટિએ જોવામાં આવે છે તો આપણે ત્યાં એ કેવળ હંમેશા જોવા મળતી સાહિત્યિક કે કલાવિષયક પ્રવૃત્તિઓ જ હોય છે.

જે વાત આંદોલનોની તે જ સાહિત્યપ્રકારોની પણ છે. હાલ જગતનાં બધાં સાહિત્યોમાં સર્વ સાહિત્યપ્રકારો ઉપલબ્ધ હોવાનું જણાતું હોય તો પણ ફક્ત સો વર્ષ પહેલાં આવી સ્થિતિ નહોતી. નવલકથા, નાટક, ઊર્મિકવિતા, ટૂંકી-વાર્તા જેવા લલિત પ્રકારોની તો વાત જ જવા દો, પણ વૈચારિક ગદ્યનો પણ અવતાર ભારતીય સાહિત્યમાં દેખાતો નહોતો. અહીં 'ભારતીય સાહિત્ય' એ શબ્દપ્રયોગ કર્યો છે ખરો, પરંતુ ભિન્ન ભિન્ન પ્રદેશોનાં સાહિત્યોનો વિકાસ ગઈ સદીમાં પણ સમાંતર થયો નથી. સાહજિક રીતે જ વિભિન્ન ભારતીય ભાષાઓના વિવિધ સાહિત્ય-પ્રકારોનાં વિકાસમાં તફાવત પડ્યો છે. પાશ્ચાત્ય વાર્તા, નવલકથા, કવિતા એ પ્રકારો ઓગણીસમી સદીમાં જ પૂર્ણ વિકસિત રૂપમાં દેખાય છે. પણ આપણે તેમની પાસેથી શિષ્યબુદ્ધિએ એ સાહિત્પ્રકારો આત્મસાત્ કર્યાં અને વિકસાવ્યા. પાશ્ચાત્ય લોકોની સાહિત્ય પ્રકારોના વિકાસની આ ચિકિત્સા એક રીતે આપણે માટે નિકટની નથી તેનો આપણી સાહિત્ય-વિદ્યા સાથે જેટલો સંબંધ છે તેટલો આપણા સાહિત્યવ્યાપાર સાથે નથી. જુદા જુદા ભારતીય સાહિત્યોમાં ઉપર્યુક્ત સાહિત્યપ્રકારોનો વિકાસ કેવી રીતે થતો ગયો તે જોવું એ તુલનાત્મક અભ્યાસનો એક સ્વતંત્ર વિષય જ ઠરશે. સાહિ-ત્યિક કાલખંડોની પણ એ જ વાત. 'એલિઝાબેથન' અને 'વિક્ટોરિયન' એ મુદ્રાઓનો આપણા સાહિત્ય સાથે શો સંબંધ છે? આવા નામકરણની નકલ કરીને આપણે અકબરકાલીન કે શિવકાલીન એવા શબ્દોનો પ્રયોગ કરીએ તો પણ સર્વ ભારતીય ભાષાઓના સંદર્ભમાં આપણે તે કેવી રીતે લાગુ પાડશું? સમગ્ર પાશ્ચાત્ય સાહિત્યોની દૃષ્ટિએ 'એનલાઈટનમેન્ટ', 'રિસરેક્શન', 'રેનેસાંસ' એવા સાંસ્કૃતિક ચલનો પર નિશ્ચિત કાલમુદ્રા હોય છે. ભારતીય દૃષ્ટિએ જોઈએ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રબોધનયુગ, નવનિર્માણ યુગ વગેરે નામકરણો એટલાં ઉપયોગી થતાં નથી. વળી, 'ભારતમાં પણ આવા યુગો થઈ ગયા છે', એમ કહીએ તો પણ તેમનો સમય દરેક પ્રદેશમાં ભિન્ન ભિન્ન મનાય છે એમ જણાશે. બંગાળી પ્રબોધનયુગ જુદો અને મરાઠી જુદો. 'ઇન્ડિયન રેનેસાંસ'માં પણ પ્રદેશવાર કાલખંડ આગળ પાછળ કરવા પડશે. આ બેવડી સમસ્યા છે : આ રેનેસાંસનો નથી યુરોપીય રેનેસાંસ સાથે સંબંધ કે નથી ભારતમાં તેના સર્વત્ર એક જ સમયે પગલાં !

તુલનાત્મક સાહિત્યાભ્યાસ અને વિશ્વસાહિત્યની કલ્પના વચ્ચે અંતર હોય તો પણ તેમની વચ્ચેની સીમારેખા ઘણીખરી અસ્પષ્ટ છે. સાહજિક રીતે જ તે સેળભેળ થાય છે. ભારતીય ક્ષેત્રમાં પણ મર્યાદિત અર્થમાં આ જ સ્થિતિ છે. ભારતીય સાહિત્યોના તુલનાત્મક અભ્યાસને આપણે ભારતીય સાહિત્યનો અભ્યાસ કહીએ તો પણ ચાલી શકે તેમ છે. કારણ ભારતીય સાહિત્યાભ્યાસ તુલનાત્મક પાયાપર આધારિત ન હોય તો તેને માટે બીજો કયો પાયો શકય છે? એટલે આપણી વિદ્યાપીઠોમાં 'ભારતીય સાહિત્ય' (Indian Literature) એવો વિષય નિયુક્ત કરીએ તો પણ તુલનાત્મક સાહિત્યાભ્યાસનું જ કામ તેના દ્વારા સંપન્ન થવાનું છે.

ભારતીય સાહિત્ય એ વિભાવના નવી નથી. પ્રાચીન સાહિત્યને આપણે પ્રાદેશિક લેબલો લગાડતા નથી. વૈદિક અને સંસ્કૃત સાહિત્ય એટલે ભારતીય સાહિત્ય એ સર્વમાન્ય થયેલી વાત છે. પ્રાચ્ય વિદ્યા (Indology) એ ક્ષેત્રના બધા પાશ્ચાત્ય વિદ્વાનોએ આ જ ભૂમિકા સ્વીકારી છે. વેબર, વિંટરનિટ્ઝના સાહિત્યના ઇતિહાસના ગ્રંથો જોઈએ તો તેમની ધારણા આવી જ છે એમ જણાશે.

૧૮૫૧–૫૨ માં ભારતીય સાહિત્યનો ઇતિહાસ એ વિષય પર વ્યાખ્યાનો આપતી વખતે વેબરે કહ્યું હતું : 'ખરેખર તો આ ભારતીય સાહિત્યનો ઇતિહાસ નથી જ. કારણ કે તો પછી તેમાં અનેક ભાષાઓના સાહિત્યોની નોંધ લેવી પડે. તેને માટે આર્ય–ભારતીય એવું વિશેષણ પણ નહિ ચાલે; કારણ તો પછી મારે વિવિધ આધુનિક ભાષાઓ તરફ પણ વળવું પડશે. સંસ્કૃત સાહિત્ય, એ નામ પણ નહિ ચાલે કારણ ભારતીય સાહિત્યના આરંભમાં આર્ય–ભારતીય ભાષા 'સંસ્કૃત' નહોતી જ, અને પછી પણ સંસ્કૃતની સાથેસાથે પ્રાકૃત ભાષાઓનો ઉદય અને વિકાસ થયેલો જ છે. આ બધું સાચું હોય તો પણ ભારતીય સાહિત્ય એ શબ્દ સવગડભર્યો હોવાને કારણે વૈદિક અને સંસ્કૃત સાહિત્ય માટે એ જ શબ્દ હું સ્વીકારું છું". વિંટરનિટ્ઝને પણ ભારતીય સાહિત્ય એટલે અનેક ભાષાઓનું, અનેક સદીઓનું સાહિત્ય એનો ખ્યાલ હોય તો પણ પોતાનાં ભારતીય સાહિત્યના ઇતિહાસની પૂાત માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક કાળ તરફ એ ક્યારેય વળી શક્યા નહિ. લુઈ રેનુએ પોતાના ઇતિહાસમાં આધુનિક ભારતીય ભાષાઓના સાહિત્યનો વિચાર કર્યો હોય તો પણ તે સંસ્કૃત સાહિત્ય પર જ ભાર મૂકે છે. આર. કે. દાસગુપ્તાએ આ બધા પાશ્ચાત્ય પ્રાચ્યવિદ્યાવિશારદોનું અચૂક નિદાન કર્યું છે. તેમના પ્રતિપાદન-પ્રમાણે આ લોકોને ખરો રસ હતો તે ભાષાશાસ્ત્ર, વ્યાકરણ, કોશ એવા વિષયોમાં; અને સાહિત્યનો વિચાર કરતી વખતે પણ તેમણે સંસ્કૃત સાહિત્ય તરફ જોયું તે પુરાતત્ત્વ-વિશારદના દૃષ્ટિકોણ (archaelogical interest)થી જોતા હોય એ રીતે.

અહીં પાશ્ચાત્ય વિદ્વાનોને જ દોષ દેવાનો હેતુ નથી. ભારતીય સાહિત્યના ઇતિહાસકારોની સ્થિતિ આના કરતાં જુદી નથી. ફક્ત વીસમી સદી પૂરતુ જોઈએ તો પણ એ સમય દરમ્યાન જુદી જુદી ભાષાઓનાં સાહિત્યોના સ્વતંત્ર ઇતિહાસ લખાયા; પણ ભારતીય સાહિત્યનો ઇતિહ‌ાસ હજી લખાવાનો બાકી છે. આવી પરિસ્થિતિમાં શ્રી અરવિંદ, સર આશુતોષ મુખર્જી, ગુરુદેવ ટાગોર, શ્રીમતી સરોજિની નાયડુ એવા ગણતરીના અગ્રણીઓનું અલગપણું જુદું તરી આવે છે. અરવિંદે સંસ્કૃત સાહિત્યની સમૃદ્ધિની સાથેસાથ બૌદ્ધોના પાલી સાહિત્યનું પણ ભાન તો કરાવ્યું જ પણ આધુનિક સાહિત્યોનું પણ અવલોકન કરવાની આવશ્યકતા પ્રગટ કરી. *

સર આશુતોષ મુખર્જીએ ૧૯૧૯ની સાલમાં કલકત્તા વિદ્યાપીઠમાં આધુનિક ભારતીય ભાષાઓનો વિભાગ શરૂ કર્યો અને તે જ વર્ષે બંગીય સાહિત્ય-સંમેલનમાં ભાષણ કરતી વખતે ભારતીય સાહિત્યમાં આદાન-પ્રદાન થવાની આવશ્યકતાનું પ્રતિપાદન કર્યું. તેમનો એકંદર દૃષ્ટિકોણ જ વ્યાપક હતો. ભારતીય સાહિત્યક્ષેત્રમાં ઐક્ય સાધવા માટે વિદ્યાપીઠોનું માધ્યમ શ્રેયસ્કર છે એમ તો તેમણે કહ્યું જ પણ બંગાળી વિદ્યાર્થીઓએ અન્ય ભારતીય ભાષાઓનો અભ્યાસ કરવો જોઈએ, એમ પણ તેમણે ભારપૂર્વક કહ્યું. ૧૯૪૫માં 'પેન' (PEN) સંસ્થાના 'અખિલ ભારતીય લેખક સંમેલન'ના પહેલા અધિવેશનમાં અધ્યક્ષપદેથી સરોજિની નાયડુએ ઘોષણા કરી : 'ભારત એક અને

---

* "Nor is it in the Sanskrit tongue alone that the Indian mind has done high and beautiful and perfect things...It would be necessary for a complete estimate to take into account as well as the Buddhist literature in Pali and the poetic literatures, here opulent there more scanty in productions of about a dozen Sanskritic and Dravidian tongues. The whole has almost a Continental effect..."

–Shri Aurobindo : The Foundations of Indian Culture

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ છે. ભારતીય પ્રજા જુદી જુદી ભાષાઓ બોલતી હશે, પણ બધાંનું હૃદય એક છે.' હવે અહીંથી, 'ભારતીય સાહિત્ય એક જ છે પણ તે અનેક ભાષાઓમાં લખાય છે', એવા ડૉ. રાધાકૃષ્ણનના ઘોષવાક્ય સુધીનો પ્રવાસ બહુ લાંબો નથી.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં 'પેન', સાહિત્ય અકાદમી, નેશનલ બુક ટ્રસ્ટ, આકાશવાણી જેવી મહત્ત્વની સંસ્થા-સંઘટનાઓએ સંકુલ ભારતીય સાહિત્યનું વ્યામિશ્ર સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે અને વ્યામિશ્રતામાં રહેલું એકતાનું સૂત્ર શોધવા માટે અનેક પરિસંવાદ, ચર્ચાસત્રો, વ્યાખ્યાનમાળાઓ અને સંકલિત લેખસંગ્રહો આયોજિત કર્યાં. વિશ્વભારતીના સ્વપ્નનો જાપ કરતા રવીન્દ્રનાથનો આદર્શ નજર સામે રાખીને સાને ગુરુજીએ ભારતીય એકતા માટે 'આંતર ભારતી'— આંદોલન શરૂ કર્યું. આ ઉપરાંત, દેશની અનેક વ્યક્તિઓએ અને સંસ્થાઓએ પોતાના કાર્યક્રમો દ્વારા અથવા તો સામયિકોના માધ્યમ દ્વારા આદાન-પ્રદાનના કાર્યને વધારે વેગ આપ્યો છે.

આ બધું બનતું હોવા છતાં પણ ભારતીય સાહિત્યના અભ્યાસને એટલે કે તુલનાત્મક ભારતીય સાહિત્યાભ્યાસને મળવી જોઈએ તેટલી ગતિ મળી નથી, આશુતોષ મુખર્જીએ અર્ધી સદી પહેલાં સૂચવ્યું હોવા છતાં ભારતીય વિદ્યાપીઠોમાં ભારતીય સાહિત્યાભ્યાસના વિભાગો આજે પણ જોવા મળતા નથી, હજી ભારતીય સાહિત્યનો ઇતિહાસ અસ્તિત્વમાં આવવાનો છે, અને તેની જરૂર સાહિત્યિકોને પણ જણાતી નથી અને અભ્યાસીઓને પણ. 'હું ગુજરાતી ભાષામાં લખનારો ભારતીય સાહિત્યિક છું,'* એવું કહેતા ઉમાશંકર જોશી જેવા એકાદ મહાન સાહિત્યિકને બાદ કરીએ તો આવું ભાન કોઈને હોય એવું ખાસ જણાતું નથી. પ્રો. શ્રીનિવાસ અય્યંગાર, પ્રો. સી. ડી. નરસિંહય્યા, પી. લાલ જેવા જાણકારોએ સામુદાયિક પ્રયત્નો દ્વારા ભારતીય સાહિત્યનું સમ્યક્ સ્વરૂપ પ્રગટ કરવાના ઉદ્દેશથી અનેક પરિસંવાદોનું નેતૃત્વ કર્યું, પરંતુ ભારતીય સાહિત્યનો આલેખ નિષ્પન્ન થવાને બદલે જુદાં જુદાં સાહિત્યોની મીમાંસાની એકએકને જોડીને તૈયાર કરેલી ગોદડી જ કેવળ હાથ લાગી. ૧૯૫૪ની સાલમાં આકાશવાણીએ આધુનિક ભારતીય ભાષાઓના સાહિત્ય પર એક વ્યાખ્યાનમાળા યોજી. એ વ્યાખ્યાનો પ્રા. વી. કે. ગોકાકની પ્રસ્તાવના સાથે અને તેમના સંપાદન હેઠળ ૧૯૫૭માં ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયાં. ઉપોદ્‌ઘાતમાં પ્રા. ગોકાકે ભારતીય સાહિત્યના સમ્યગ્દર્શન વિષે મહત્ત્વના પ્રશ્નો ઉપસ્થિત કર્યા અને નવા વિચારોની દિશા પણ દર્શાવી. પરંતુ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓને ભારતીય સાહિત્ય

---

* Indian Literature Since Independence, Sahitya Akademi, New Delhi, 1973.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિભાવનાનું પૂરું ભાન ન હોવાથી વ્યાખ્યાનનું ઇષ્ટ અને અપેક્ષિત ફળ મળ્યું નહિ એમ કમનસીબે કહેવું પડે છે. ડૉ. નગેન્દ્રએ સંપાદિત કરેલા 'ભારતીય સાહિત્ય' (Indian Literature) ગ્રંથની પણ એ જ સ્થિતિ થઈ છે. ભારતીય સાહિત્યની કોઈ પણ પ્રવૃત્તિની ખોજ એક જ ભાષાના સાહિત્યની મદદથી કરી શકાશે નહિ, એમ કરવામાં આવશે તો તે અધૂરી રહેશે એમ સંપાદકોએ ભારપૂર્વક કહ્યું છે. પણ યોગ્ય સહકાર ન મળવાને કારણે પોતાના ઉદ્દેશને મર્યાદિત સફળતા જ પ્રાપ્ત થઈ છે એવી કેફિયત તેમને રજૂ કરવી પડી છે. પ્રા. નીહારરંજન રેએ સિમલામાં એક પરિસંવાદમાં રજૂ કરેલા વિરોધી વિચારો દ્વારા પણ ખાસ ઊહાપોહ થયો નહિ એમ જણાય છે. 'ભારતીય સાહિત્ય અનેક ભાષાઓમાં લખાયેલું હોય તો પણ તે એક જ છે એ વિધાનની યથાર્થતા વિષે આપણને શંકા છે. કારણ કે એ વિધાન સિદ્ધ થઈ શકે એમ લાગતું નથી.' એમ કહીને તેમણે દરેક ભાષાના સાહિત્યની ગતિવિધિ જુદી જ શા માટે થાય છે તેની મીમાંસા કરી છે. *

રવીન્દ્રનાથ ટાગોર અને સાને ગુરુજી, શ્રી અરવિંદ અને આશુતોષ મુખર્જી જેવા માણસો ઉપનિષદ-કાળના ગુરુઓની જેમ યોગ્ય દિશા તરફ ફક્ત અંગુલિનિર્દેશ કરે છે. તેમનું મહત્ત્વ નકાર્યા વિના આગળ પણ આપણે એમ કહેવું પડશે કે હવે એ કામ જુદી પ્રકૃતિના અભ્યાસીઓએ કરવું જોઈએ. The concept of Indian Literatuse નામે ડૉ. વી. કે. ગોકાકનો ગ્રંથ તાજેતરમાં જ પ્રકાશિત થયો છે. તેમાં ભારતીય સાહિત્યના અભ્યાસનું જુદાપણું શેમાં છે તે પ્રશ્નનો સમર્પક ઉત્તર આપણને મળશે. ભારતીય સાહિત્યનો અભ્યાસ એ ફક્ત ભાવનાત્મક આવાહનથી સિધ્ધ થનારી વસ્તુ નથી, આપણા સાહિત્યની એકતા વિષે જો વક્તૃત્વપૂર્ણ ઉદ્‌ઘોષ જ થતો રહેશે તો હવે નવી સદીનો આરંભ થશે ત્યારે પણ આપણે છીએ ત્યાં જ રહીશું. નીહારરંજન રેની જેમ આ સાહિત્યની એકતા વિષે શંકા કરનારા અભ્યાસીઓનું પણ સ્વાગત કરવું જોઈએ. ભારતીય સાહિત્યની એકતાનું તત્ત્વ રાષ્ટ્રીય ઐક્યના ઉદ્દેશને માટે મારી ઠોકીને સિધ્ધ કરવું જોઈએ એવું જરા પણ નથી. એવું ઐક્ય નહિ મળે તો પણ ચાલશે; પણ 'તે મળતું નથી' અને 'ન મળવાનાં અમુક કારણો છે', એવી તપાસ પણ પૂરતી ચિકિત્સક વૃત્તિથી કરવી જોઈએ. સારાંશ, ભારતીય સાહિત્યના અભ્યાસની કલ્પનાને રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક ધ્યેયોના સમર્થન માટે ઉપયોગમાં લેવી જોઈએ નહિ. આ સાહિત્યની એકતા વિષે, તેમ જ આશય, અભિવ્યક્તિ, હેતુ, ઉદ્‌ભવ, પ્રભાવ એ બધી દૃષ્ટિએ તેમાં સમાન સૂત્રો લાવવા

* Welcome Address by Niharranjan Ray, Seminar on Indian literature, Indian Institute of Advanced study, Simla 1974.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષે જેમને શ્રધ્ધાપૂર્વકનો વિશ્વાસ છે તેમણે પણ પોતાના વિશ્વાસને સબળ આધાર છે એ સિધ્ધ કરવાની જરૂર છે. તુલનાત્મક સાહિત્યાભ્યાસમાં ભૌતિકશાસ્ત્રની તટસ્થવૃત્તિ કેટલાક વિદ્વાનોને આવશ્યક લાગે છે. આવી તટસ્થતા અસંભવિત છે અને અનિષ્ટ પણ છે. તુલનાત્મક સાહિત્યાભ્યાસને કારણે માનવ મનનાં વૈચિત્ર્યો કયાં અર્ધસ્ફુટ કારણોને લીધે ઉત્પન્ન થાય છે, તેનો બોધ થાય છે, આસ્વાદકની દૃષ્ટિ વ્યાપક ક્ષિતિજો જોવા લાગે છે અને તેની જાણ તરળ અને ઉદાર થવા લાગે છે. ભારતીય સંદર્ભમાં વિચાર કરતા, તુલનાત્મક સાહિત્યાભ્યાસીને ભારતીય સમાજની સ્થિતિ-ગતિનો વધારે બોધ થશે અને વિવિધ સાહિત્યોમાંનાં સાધર્મ્યો આધારસહિત સમજાવા લાગશે અને તેના પર્યાયરૂપે રાષ્ટ્રીય એકતાના પ્રયત્નને ઘણી સહાયતા પ્રાપ્ત થશે એવી આપણી આજે ભોળી ભાવના છે; એને બૌદ્ધિક સમર્થન મળે તો જોઈએ જ છે. જીવનવિષયક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ વિના ઇતિહાસલેખન અશક્ય જ છે; તે પ્રમાણે સાહિત્યના અભ્યાસને, અને માનવ-વિદ્યાઓને પણ જીવનવિષયક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિની અત્યંત આવશ્યકતા છે જ. કેટલાક વિદ્વાનોને આવા તત્ત્વજ્ઞાનની શરમ આવે છે; પણ આવી શરમ અનુભવવાનું કોઈ કારણ નથી. કેવળ પૂર્વનિશ્ચિત નિર્ણય સામે રાખીને, તે સિધ્ધ કરવા માટે નિષ્કારણ વાદવિવાદ કરવાની જરૂર નથી.

ભારતીય સહિત્યના અભ્યાસની રજૂઆત કેવી રીતે કરવી એનો વિચાર કરતી વખતે સાહિત્યના ઇતિહાસના અને સમીક્ષાના એમ બન્ને પ્રકારના પ્રશ્નો એકીસાથે ઉપસ્થિત થશે. અલબત્ત આ બન્ને બાબતો પરસ્પરાશ્રયી છે. પ્રો. સુજિત મુખર્જીએ 'ભારતીય સાહિત્યેતિહાસની પૂર્વતૈયારી' (Towards a Literary History of India) નામના પોતાના ગ્રંથમાં આ વિષે ખૂબ જ ઉપયુક્ત ચર્ચા કરી છે. અહીં એટલું જ કહીએ તો પૂરતું છે કે ભિન્નભિન્ન કાલખંડોમાં ભિન્નભિન્ન ભારતીય ભાષાઓમાં, ભારતીયોના વિચારો ભાવવિશ્વનું અને આશાનિરાશાના જે જે નોંધપાત્ર ઉત્કટ ઉદ્ગારો છે તે બધું ભારતીય સાહિત્ય; અને એ જ આપણા અભ્યાસનો વિષય છે. તેમાં મૌખિક પરંપરાથી આવેલું લોકસાહિત્ય, વગેરેનો પણ અંતર્ભાવ હશે. આ બધી બાબતોનો વિચાર વિશિષ્ટ ભાષાવર્તુળોમાં ન વિભાજતાં એકસાથે કરવો પડશે. કલ્પના (idea), વિચાર (thoughts), વસ્તુબીજ (themes) વગેરે ક્ષેત્રોના વિનિમયોની અને પરસ્પર પરિણામોની તપાસ કરવી પડશે. આમ કરતી વખતે વિવિધ ભારતીય ભાષાઓના વૈશિષ્ટ્યો, સામર્થ્યો અને મર્યાદાઓનો, તે તે ક્ષેત્રોના સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણનો અને જે તે સાહિત્યના વિશિષ્ટ સૌંદર્યનો વિચાર છૂટી જવો ન જોઈએ; એટલે કે એકતા સિદ્ધ કરતી વખતે પણ વિવિધતાનું સૌંદર્ય નજરબહાર થવું ન જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રો. ગોકાકે 'પુરાવાના આધાર વિના ભારતીય સાહિત્યમાં સ્વયંસિદ્ધ એકતા શોધવાનો પ્રયત્ન કરવો નહિ'; એવો ઈશારો કર્યો જ છે. પરંતુ એના કરતાં પણ આગળ જઈને તેમણે કેટલીક મહત્ત્વપૂર્ણ ભાવાત્મક સૂચનાઓ કરી છે. વિકાસનાં સ્પષ્ટ એવાં સમાન સૂત્રો શોધવાની દિશા તેમણે દર્શાવી છે. તેઓ અતિપ્રાચીન અને અતિ-આધુનિક કાલ-ખંડ પર ભાર મૂકવા નથી માગતા; સર્વસામાન્ય રીતે અંધારયુગ મનાતા મધ્યયુગ પર તેઓ ભાર મૂકે છે. ભારતીય ભાષાઓનાં સાહિત્યોનો આ કાળમાં જ ઉદય થયો, ને ક્રમપૂર્વક વૃદ્ધિ પામ્યાં અને સંપન્ન થયાં એ ઘટના તેમને વાજબી રીતે મહત્ત્વની લાગે છે. આ કાળમાં નિર્માણ થએલી પુનરુધ્ધારવાદી ચળવળો, રાજકીય પરિવર્તન અને હિંદુ-મુસ્લિમોની એકતા માટે થયેલા પ્રયત્નો આ ત્રણ યુગ વિશેષોના પ્રકાશમાં ભારતીય સાહિત્ય તરફ જોવું એમ તેમણે સૂચવ્યું છે. *

આ પદ્ધતિ દ્વારા ડૉ. નગેન્દ્રે પણ કેટલીક મૌલિક સૂચના કરી છે. સાંપ્રદાયિક પ્રેરણાથી નિર્માણ થતાં કાવ્ય, વીરગાથા, આધ્યાત્મિક ગૂઢ કવિતા, કાવ્યાત્મક રમ્યકથા, ભક્તિવિષયક સાહિત્ય, લોકરંગભૂમિ પરનાં નાટકો અને આર્ષ મહાકાવ્યો પર આધારિત સાહિત્ય એવી પ્રેરણાઓની અખિલ ભારતીય કક્ષામાં તપાસ કરવી જોઈએ, એમ તેઓ પણ ભારપૂર્વક જણાવે છે.

અતિપ્રાચીન કાળથી માંડીને આજ સુધી નિર્માણ થયેલા ભારતીય સાહિત્યનો મહાસાગર એટલો અગાધ અને વિસ્તીર્ણ છે કે તેના બધા પ્રભાવો, અંતર્ગત પ્રવાહો, તેમાં ભરતી-ઓટ લાવનારી બધી બાહ્ય ઘટનાઓ, એકમેકને છેદનારાં કે ગળી જનારાં કે ઊલટી-સુલટી ગતિવાળાં મોજાંઓની પરસ્પર અસર, આજુબાજુના વાતાવરણ અને જાગતિક વાયરાએ નિર્માણ કરેલા તાંડવ અથવા પરિવર્તનનો વિચાર કરીને તેના સર્વાંગીણ અભ્યાસનો સમગ્ર વ્યૂહ રજૂ કરવો એ મહાપ્રચંડ કામ છે. પરંતુ આપણી માનવી શક્તિનો વિચાર કરીને આ કામ અશક્ય છે એમ કહેવાનું કોઈ કારણ નથી. વળી આવાં કામો અમુક એક ક્ષણે પૂર્ણ થવાની અપેક્ષા પણ નથી હોતી.

ફક્ત ભારતીય સાહિત્યના ઉદ્‌ગમસ્થાન અને પ્રભાવની ગણના કરીને વિહંગદષ્ટિએ તેમનો પરિચય કરવાનો વિચાર કરીએ તો પણ તેને માટે સ્વતંત્ર ગ્રંથ લખવો પડે. સહજ વિચાર કરીએ તો પણ આંતર સાહિત્યિક તુલનાત્મક અભ્યાસની કેટલીક દિશા દેખાવા માંડે છે. તેમાંની કેટલીક ઉદ્‌ગમની દૃષ્ટિએ,

---

* Literature in the Modern Indian Languages, Ed, V. K. Gokak, Publications Division. Govt, of India, 1957.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક પ્રભાવની દૃષ્ટિએ, કેટલીક તુલનીય સાહિત્યોના સ્વરૂપ પર પ્રકાશ નાખનારી છે :

૧. વૈદિક સાહિત્યમાં અંતર્ભૂત થયેલી ગાથા, લોકકથા, નાટ્યબીજો.

૨. અવેસ્તા અને વૈદિક સાહિત્ય વચ્ચેનો સંબંધ.

૩. વૈદિક સાહિત્યના ઉત્તર ભાગમાં નિર્માણ થયેલી અભિવ્યક્તિની તરાહો, તેમાં જોવા મળતાં ઉપયોજિત લોકસાહિત્યનાં ચિહ્નો.

૪. વૈદિક સાહિત્યનો 'આકર' તરીકે કરાયેલો ઉપયોગ.

૫. 'આકરગ્રંથ' તરીકે રામાયણ-મહાભારત એ આર્ષ મહાકાવ્યોનું મહત્ત્વ; ભારતીય સાહિત્યને અનેક પ્રાચીન, મધ્યયુગીન અને આધુનિક કૃતિઓને જન્મ આપવાની તેમની શક્તિ.

૬. અવૈદિક સાહિત્યનાં ઉદ્ગમ સ્થાન, આ પ્રકારના સાહિત્યનો ભારતીય સાહિત્યના મુખ્ય પ્રવાહ સાથેનો સંબંધ.

૭. જાતકકથા, બોધકથા, પ્રાણિકથાનો ઉદ્ગમ અને વિકાસ.

૮. આર્ષ મહાકાવ્યો અને જૈન આદિના સાહિત્યોમાં તેમના અવતાર, આ અવતારોનો અર્વાચીન સાહિત્ય પર પ્રભાવ.

